દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 296 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ સુદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 December 2024, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૧૩ ડિસેમ્બર ૨૦૨૪, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ચેસનો નવો 'કિંગ' બન્યો ૧૮ વર્ષનો ડી. ગુકેશ

## ચીનના ડિંગ લિરેનને ૧૪મી અને છેલ્લી મેચમાં હરાવીને સૌથી નાની ઉંમરમાં વર્લ્ડ ચેમ્પિયન બન્યો

નવી દિલ્હીઃ ભારતના ડી ગુકેશે ચેસની દુનિયામાં ઇતિહાસ રચી દીધો છે. ૧૮ વર્ષનો ગુકેશ ચેસનો નવો વર્લ્ડ ચેમ્પિયન બન્યો છે. તેણે ફીડે વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ડીંગ લિરેનને હરાવીને ટાઇટલ જીત્યું છે. ભારતીય ગ્રાન્ડમાસ્ટર ૧૪મી ગેમમાં ચીનના ડિંગ લિરેનને હરાવીને ચેમ્પિયન બન્યો હતો. ગુકેશે બ્લેક મોહરા સાથે રમતાં જીત હાંસલ કરી હતી. ગુકેશે આ મૅચમાં અંતિમ ક્લાસિકલ બાજી જીતી લીધી અને લિરેનના ૬.૫ પોઇન્ટની સામે જરૂરી ૭.૫ પોઈન્ટ મેળવ્યા અને ટાઈટલ જીત્યું હતું. ચેમ્પિયન બનવા પર ગુકેશને ૨.૫ મિલિયન અમેરિકન ડૉલરનું ઇનામ મળશે.

ઐતિહાસિક જીત બાદ પત્રકારો સાથે વાત કરતાં ચેન્નઈના ગુકેશે કહ્યું હતું કે હું છેલ્લાં ૧૦ વર્ષોથી આ ક્ષણનું સપનું જોઈ રહ્યો હતો. હું ખુશ છું કે હું મારા સપનાને સાકાર કરી શક્યો. હું થોડો ભાવુક થઈ ગયો હતો કારણ કે મને જીતની આશા નહોતી, પરંતુ પછી મને આગળ વધવાની તક મળી હતી.

રમતની શરૂઆત ૬.૫ પોઈન્ટથી થઈ હતી. ફાઈનલ મૅચ પણ ડ્રો તરફ જતી હોય તેવું લાગી રહ્યું હતું પરંતુ લિરેને ભૂલ કરી અને ગુકેશે જીત હાંસલ કરી હતી. ૧૨ વર્ષ બાદ કોઈ ભારતીય



આ ટાઇટલ જીતવામાં સફળ રહ્યો છે. તે ચેસમાં સૌથી યુવા વિશ્વ ચેમ્પિયન બન્યો છે. આ જીત સાથે ડી ગુકેશ વિશ્વનાથન આનંદની એલિટ ક્લબમાં પ્રવેશી ગયો છે. ગુકેશ વિશ્વ ચેમ્પિયન બનનાર ભારતનો માત્ર બીજો ચેસ ખેલાડી છે. આ સિદ્ધિ મેળવનાર વિશ્વનાથન આનંદ પ્રથમ ભારતીય ખેલાડી છે. ભારતીય ગ્રાન્ડમાસ્ટર ડી ગુકેશ તેના ચીની હરીફ ડીંગ લિરેન સાથે ૧૩ ગેમ બાદ ૬.૫-૬.૫થી બરાબરી પર હતો. ૧૪મી ગેમમાં ડીંગ લિરેન વ્હાઇટ મોહરા સાથે રમી રહ્યો હતો. આવી સ્થિતિમાં તેનું પલડું ભારે માનવામાં આવી રહ્યું હતું, પરંતુ ડી ગુકેશે તમામ અટકળોને ફગાવીને માત્ર મૅચ જીતી જ નહી પરંતુ સૌથી યુવા વર્લ્ડ ચેમ્પિયન બનવાની સિદ્ધિ પણ હાંસલ કરી હતી. ગુકેશ અગાઉ રશિયાના દિગ્ગજ ગૅરી કાસ્પારોવ સૌથી યુવા વર્લ્ડ ચેસ ચેમ્પિયન હતા જેમણે ૧૯૮૫માં અનાતોલી કાર્પોલને હરાવીને ૨૨ વર્ષની ઉંમરમાં ટાઇટલ જીત્યું હતું આ શાનદાર જીત સાથે ૧૮ વર્ષનો ડી ગુકેશ હવે ચેસની દુનિયાનો સૌથી યુવા વર્લ્ડ ચેમ્પિયન બની ગયો છે. આ ઉપરાંત તે વિશ્વનાથન આનંદની ક્લબમાં પણ સામેલ થઈ ગયો છે. વાસ્તવમાં ગુકેશ વિશ્વ ચેસ ચેમ્પિયન બનનાર ભારતનો બીજો ખેલાડી બની ગયો છે. જ્યારે વિશ્વનાથન પ્રથમ ભારતીય છે.

## સેબીએ એચડીએફસી બૅન્કને આપ્યો વૉર્નિંગ લેટર

**નીલેશ વાઘેલા**

મુંબઈઃ કેપિટલ માર્કેટ રેગ્યુલેટર, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા (સેબી)એ એચડીએફસી બૅન્કને બહુવિધ નિયમોનું પાલન ન કરવા સંદર્ભે વહીવટી ચેતવણી પત્ર (એડમિનિસ્ટ્રેટિવ વૉર્નિંગ લેટર) જારી કર્યો હતો. એક્સચેન્જ ફાઇલિંગમાં બૅન્કે આજે-ગુરુવારે જણાવ્યું હતું કે સેબીએ અમુક નિયમોનું પાલન ન કરવાનો દાવો કર્યો છે અને તે સંદર્ભે વૉર્નિંગ લેટર જારી કર્યો છે.

બૅન્કે કહ્યું છે કે તે પત્રમાં ઉલ્લેખિત ચિંતાઓ અને નિર્દેશોના ઉકેલ માટે જરૂરી પગલાં લેશે. એ જ સાથે બૅન્કે એમ પણ જણાવ્યું હતું કે ચેતવણી તેની નાણાકીય અથવા ઓપરેશનલ પ્રવૃત્તિઓને અસર કરશે નહીં, તેણે હિતધારકોને ખાતરી આપી હતી કે સેબીનાં અવલોકનોને સંબોધવા માટે જરૂરી સુધારાત્મક પગલાં લેવામાં આવશે. બજાર નિયામક સેબી દ્વારા આ સંદર્ભે ત્રણ નિયમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં પ્રથમ, સેબી (મર્ચન્ટ બૅન્કર્સ) રેગ્યુલેશન્સ, ૧૯૯૨ છે. આ નિયમન ભારતમાં મર્ચન્ટ બૅન્કર્સની નોંધણી, કામગીરી અને જવાબદારીઓનું સંચાલન કરે છે. આ નિયમોમાં મર્ચન્ટ બૅન્કોએ કડક આચારસંહિતાનું પાલન કરવું, હિતોના સંઘર્ષને ટાળવું અને રોકાણકારોનું રક્ષણ સુનિશ્ચિત કરવું જરૂરી છે.

બીજો નિયમ સેબી (મૂડી અને ડિસ્ક્લોઝર જરૂરિયાતોનો મુદ્દો) રેગ્યુલેશન્સ, ૨૦૧૮ છે. આ નિયમન પબ્લિક ઈસ્યુ મૅનેજમેન્ટમાં યોગ્ય ખંત, પારદર્શિતા અને અનુપાલન પર ભાર મૂકે છે. જ્યારે ત્રીજો નિયમ સેબી (પ્રોહિબિશન ઑફ ઈન્સાઈડર ટ્રેડિંગ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ છે.

આ નિયમન સિક્યોરિટી માર્કેટમાં ઇન્સાઇડર ટ્રેડિંગને રોકવા માટે છે. તે કંપનીના અંદરના (આંતરિક માહિતી ધરાવનારા) લોકોને, કર્મચારીઓ, નિર્દેશકો અથવા અપ્રકાશિત પ્રાઇસ સેન્સિટિવ ઇન્ફોર્મેશન (યુપીએસઆઈ)ની ઍક્સેસ ધરાવતી કોઈ પણ વ્યક્તિને આવી માહિતીના આધારે વેપાર કરવાથી પ્રતિબંધિત કરે છે.

## કેરળમાં માર્ગ અકસ્માતમાં ચાર વિદ્યાર્થિનીનાં મોત

પલક્કડ (કેરળ): કલ્લાડીકોડ જિલ્લામાં ગુરવારે સાંજે એક ટ્રક નીચે કચડાઈ જતાં શાળાની ચાર વિદ્યાર્થિનીનાં મોત થયા હતા અને અનેકને ઈજા પહોંચી હતી, એવી માહિતી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર મૃતકો અકસ્માતના સ્થળે આવેલી હાયર સેકન્ડરી સ્કૂલની વિદ્યાર્થિનીઓ હતી. સિમેન્ટ લઈ જતી ટ્રક બેકાબૂ થઈને સ્કૂલમાંથી પાછી આવી રહેલી વિદ્યાર્થિની પર ફરી વળીને ઊંધી થઈ હતી.

કેરળના મુખ્ય પ્રધાન પિનારાઈ વિજયને અકસ્માતને આઘાતજનક અને દુઃખદ ગણાવ્યો હતો. ■

## 'વન નેશન, વન ઈલેક્શન' પ્રસ્તાવને કૅબિનેટની મંજૂરી

નવી દિલ્હીઃ દેશમાં 'વન નેશન, વન ઈલેક્શન' એક જ સમયે ચૂંટણી યોજવાના પ્રસ્તાવને પ્રધાનમંડળની બેઠકમાં મંજૂરી આપી દેવામાં આવી હોવાને મામલે વિપક્ષે ચિંતા વ્યક્ત કરી હતી.

'વન નેશન, વન ઈલેક્શન'ને કારણે સરકારી તિજોરી પરનો બોજો હળવો થશે એ પ્રકારનું નિવેદન સરકારે કર્યું છે એમ છતાં એ મામલે સઘન ચર્ચાવિચારણા કરવાની જરૂર હોવાનું વિપક્ષે કહ્યું હતું.

૩૨ રાજકીય પક્ષે 'વન નેશન, વન ઈલેક્શન'ના પ્રસ્તાવને ટેકો આપ્યો હતો તો ૧૫ પક્ષે તેનો વિરોધ કર્યો હતો.

કેન્દ્રના પ્રધાનમંડળે 'વન નેશન, વન ઈલેક્શન'ના પ્રસ્તાવિત ખરડાના અમલને મંજૂરી આપી દીધી હોવાનું જણાવતાં સૂત્રોએ કહ્યું હતું કે એ અંગેના કાયદાનો મુસદ્દો સંસદના વર્તમાન શિયાળુ સત્રમાં લોકસભામાં રજૂ કરવામાં આવે એવી શક્યતા છે.

'વન નેશન, વન ઈલેક્શન'ના અમલ માટે દેશ ટેક્નિકલી સજ્જ છે, એવો પ્રશ્ન કરતાં વિપક્ષના સાંસદે કહ્યું હતું કે તાજેતરમાં જ મહારાષ્ટ્ર અને ઝારખંડમાં યોજાયેલી ચૂંટણીની સાથે સાથે જ હરિયાણા અને જમ્મુ-કાશ્મીરની ચૂંટણી નહોતી યોજી શકાઈ.

રાજ્ય કક્ષાના કૃષિ પ્રધાન ભાગીરથ ચૌધરીએ

(જુઓ પાનું ૨) ▶▶



**સન્માનઃ** રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂએ ગુરુવારે દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે નેપાળના ચીફ ઑફ આર્મી સ્ટાફ સુપ્રાબલ જ્ઞાનેશ્વરશ્રી જનરલ અશોક રાજ સિગદલને જનરલ ઑફ ઈન્ડિયન આર્મીના ઑનરરી રેન્કથી નવાજ્યા હતા. (એજન્સી)

## કાશ્મીરમાં કાતીલ ઠંડીઃ શિયાળો કેવી રીતે કાઢશું એની લોકોને ચિંતા

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુ : કાશ્મીરમાં ઠંડીની ભયાનક મોસમ (ચિલ્લેકલાં)ના આગમનને હજી દસ દિવસની વાર છે ત્યારે કાશ્મીરીઓ અત્યારથી 'હાય રે ઠંડી' એવી બુમરાણ મચાવી રહ્યા છે. કાશ્મીરીઓને એ ચિંતા છે કે ઠંડીની અસલ ભયાનક મોસમ ચાલુ થશે ત્યારે તેમના કેવા હાલ થશે. આતંકવાદી પ્રવૃત્તિમાં ઓટ આવી નથી, પરંતુ ઋતુપરિવર્તનને લીધે તેમની થેલી ખુશીઓથી ભરેલી છે.

કાશ્મીરમાં ૨૧ અને ૨૨ ડિસેમ્બરની રાત ઠંડીની મોસમની શરૂઆત એટલે કે ચિલ્લેકલાંનો પ્રારંભ કહેવામાં આવે છે. ૪૦ દિવસના સમયગાળાને આ નામ આપવામાં આવ્યું છે. હાલમાં થયેલી હિમવર્ષા અનેક વર્ષો પછી યોગ્ય સમયે થઈ છે. કુદરતનું ચક્ર સુધર્યું તો કાશ્મીરીઓની મુશ્કેલીઓ વધી ગઈ. છેલ્લાં અનેક વર્ષોથી હિમવર્ષા સમયસર ન થતાં કાશ્મીરીઓ ચિલ્લેકલાં ને જ ભૂલી ગયા હતા. હવે ચીલ્લેકલાંના પહેલા દિવસે થનારી હિમવર્ષાની ચિંતા કાશ્મીરીઓને સતાવે છે. ૪૦ દિવસના ચિલ્લેકલાં બાદ ચિલ્લે ખુર્દ અને ચિલ્લે બચ્ચાની મોસમ આવે છે. ૧૯૮૬માં ચિલ્લેકલાં દરમિયાન પારો શૂન્યથી નવ ડિગ્રી જેટલો નીચો જતો રહ્યો હતો અને જગવિખ્યાત ડાલ લેક બીજી વાર થીજી ગયું હતું. કાશ્મીરમાં ચિલ્લેકલાં દરમિયાન તાપમાન શૂન્યથી પાંચ કે સાત ડિગ્રી નીચે જઈ શકે.

સમયચક્રમાં સુધારો આવતાં કાશ્મીરમાં પાણી અને વીજળીની અછત જેવી મુશ્કેલીઓ દૂર થવાની આશા જાગે છે. કાશ્મીરીઓને છેલ્લાં થોડા વર્ષોથી હાડમારી થાય છે, કારણકે મોસમ ખરાબ થવાથી વારંવાર હાઈવે બંધ થઈ જાય છે. આના પરિણામે કાશ્મીરીઓને ખાદ્યપદાર્થોની અછતનો સામનો કરવો પડે છે.

અગાઉ કાશ્મીરીઓ ચિલ્લેકલાંની શરૂઆત પહેલાં શાકભાજીને સુકાવીને તેનો સંગ્રહ કરતા હતા જોકે મોસમ ચક્ર બદલાતા કાશ્મીરીઓએ ભાજી સુકવીને એનો સંગ્રહ કરવાનું ભૂલી ગયા છે. હવે હાઈવે વારંવાર બંધ થતાં કાશ્મીરીઓને ખાવાપીવાની વસ્તુઓ મોંઘા ભાવે ખરીદવી પડે છે.

હાલમાં તો કાશ્મીરીઓને ઠંડીથી કોઈ રાહત મળી નથી. ઠંડી તેનું ભયાનક રૂપ બતાડી શકે.

વેસ્ટર્ન ડિસ્ટરબન્સને લીધે કાશ્મીરીઓને કાં તો બરફીલા સુનામી કે પછી પૂરનો સામનો કરવો પડે.

## તોશાખાના-બે કેસમાં ઈમરાન ખાન અને બુશરા દોષિત

ઈસ્લામાબાદ : પાકિસ્તાની અદાલતે ગુરુવારે તોશાખાનાના બીજા કેસમાં પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાન અને તેમનાં પત્ની બુશરાને દોષિત જાહેર કર્યા છે. રાવલપિંડીની અદિયાલા જેલમાં સુનાવણી સાંભળ્યા બાદ ખાસ અદાલતના જજ શાહરૂખ અરજુમંદે તેમની સામે તહોમતનામું ઘડ્યું હતું. તોશાખાના ૨.૦ના નામે ઓળખાતા આ કેસ શરૂઆતમાં નેશનલ અકાઉન્ટબિલિટી બ્યુરોએ નોંધાવ્યો હતો. જોકે એનએબીના સુધારાને લીધે ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ કેસ હાથમાં લીધો હતો અને સપ્ટેમ્બરમાં ચલન ભર્યું હતું. તોશખાના કેસમાં ખાન અને બીબી સામે ભ્રષ્ટાચારના આક્ષેપનો સમાવેશ થાય છે. આમાં એવો આક્ષેપ છે કે વિદેશી મહાનુભાવોએ આપેલી ભેટ દંપતીએ વેચી નાખી હતી. ૧૩ જુલાઈએ ઈદ્દત કેસમાં તેમને છોડવામાં આવ્યા કે તેમને તોશાખાના કેસમાં પકડવામાં આવ્યા હતા. (એજન્સી)

## ઈંગ્લૅન્ડમાં માર્ગ અકસ્માતમાં ભારતીય વિદ્યાર્થીનું મોત, બીજા ચારને ઈજા

લંડનઃ પૂર્વ ઈંગ્લૅન્ડના લિસ્ટરશાયરમાં એક માર્ગ અકસ્માતમાં ૩૨ વર્ષના ભારતીય વિદ્યાર્થીનું મરણ થયું છે, જ્યારે બીજા ચાર જણને ગંભીર ઈજા સાથે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, એવી માહિતી પોલીસે આપી હતી.

ચિરંજીવી પાનગુલુરી ઘટનાસ્થળે જ મરણ પામ્યો હતો. તે પેસન્જર હતો અને કાર ખાડામાં પડી ગઈ હતી. કારના ડ્રાઈવર, એક મહિલા અને બે પુરુષ સહપ્રવાસીને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. લિસ્ટરશાયર પોલીસે કહ્યું હતું કે આ દુર્ઘટના મંગળવારે સવારે થઈ હતી. ખતરનાક ડ્રાઈવિંગ વડે મરણ નીપજાવા બદલ એક ઈસમની ધરપકડ કરવામાં આવી હતી. તેને હવે જામીન પર છોડવામાં આવ્યો છે.

પોલીસે નિવેદનમાં કહ્યું છે કે ૩૨ વર્ષનો ચિરંજીવી પાનગુલુરી ગ્રે રંગની માઝદા ત્રણ ટમુરાનો પેસેન્જર હતો. આ કાર લિસ્ટરશાયરથી માર્કેટ હારબરો જઈ રહી હતી. કાર રોડ છોડીને ખાડામાં પડી હતી. ચિરંજીવી પાનગુલુરી ઘટનાસ્થળે જ મરણ પામ્યો હતો. કારના ડ્રાઈવર, એક મહિલા અને બે પુરુષ સહપ્રવાસીને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બે પુરુષ પેસેન્જરને ગંભીર ઈજા થઈ છે. જોકે આ ઈજા જીવનને જોખમમાં મૂકે એવી નથી.(એજન્સી)

### વિકાસની કામગીરી પર દેખરેખ રાખવા અને તેની સમીક્ષા કરવા

## અરુણાચલ સરકારે ૧૦ પાલક મંત્રીની નિમણૂક કરી

ઈટાનગરઃ વિકાસની કામગીરીની સમીક્ષા કરવા અને દેખરેખ રાખવા અરુણાચલ સરકારે રાજ્યના ૨૮ જિલ્લા માટે ૧૦ પાલક મંત્રીની નિમણૂક કરી હોનાનું બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં જણાવવામાં આવ્યું હતું.

આયોજન અને રોકાણ ખાતાના સેક્રેટરી આર. કે. શર્મા દ્વારા બુધવારે બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ આ પાલક પ્રધાનો હાલ ચાલી રહેલા મહત્ત્વના માળખાકીય પ્રોજેક્ટોની કામગીરીની સમીક્ષા કરવા દર ત્રણ મહિને પોતાના સંબંધિત જિલ્લાઓમાં બેઠક યોજશે અને ફલેગશિપ કલ્યાણ યોજનાઓનું ફૉલોઅપ કરશે.

આ પ્રધાનોએ 'સેવા આપકે દ્વાર'ના ઓછામાં ઓછી બે બેઠકમાં હાજરી આપવી પડશે અને લોકોની સરકાર પાસે શું અપેક્ષા છે તે સમજવું પડશે. ત્યાર બાદ તેમણે આ અંગેનો વિગતવાર અહેવાલ સીએમઓને સોંપવાનો રહેશે, એમ જાહેરનામામાં જણાવવામાં આવ્યું હતું. મોનિટરિંગ ડિવિઝન વિકાસની કામગીરીને મામલે લેવામાં આવેલાં પગલાંઓ અંગેનો અહેવાલ તૈયાર કરી સરકારને સુપરત કરશે.

આ અહેવાલની મુખ્ય પ્રધાનની ઈ-પ્રગતિ બેઠકમાં સમીક્ષા કરવામાં આવશે જેથી કરીને જરૂરી આદેશ આપી તે મુજબનાં પગલાં લઈ શકાય. (એજન્સી)

## નવા વડા પ્રધાન અને ફ્રાન્સમાં સ્થિરતા માટે મૅક્રોન રાજકીય કરાર ઈચ્છે છે

પૅરિસઃ બરતરફ કરાયેલા વડા પ્રધાન માઈકલ બાર્નિયરના રાજીનામાંને પગલે ફ્રાન્સના પ્રમુખ નવા વડા પ્રધાનના નામ અને દેશમાં સ્થિરતાની બાંયધરી માટે રાજકીય કરાર ઈચ્છે છે, એમ વિદાય લઈ રહેલી સરકારના પ્રવક્તા મૉડ બ્રૅગિઑને બુધવારે કહ્યું હતું.

મૅક્રોને ભારપૂર્વક કહ્યું હતું કે હાલને તબક્કે તેમને મધ્યમમાર્ગી અને રિપબ્લિકન પાર્ટીના રૂઢિચુસ્તો સાથે વર્તમાન કરતાં કોઈ વધુ વ્યાપક જોડાણ નથી. મૅક્રોનની મુદત વર્ષ ૨૦૨૭માં પૂરી થવાની હોવા વચ્ચે ગયા અઠવાડિયે મૅક્રૉને ભારપૂર્વક કહ્યું હતું કે તેઓ પોતાની મુદત પૂરી થાય ત્યાં સુધી હોદ્દા પર ચાલુ રહેશે.

બજેટને મામલે થયેલા વિવાદને પગલે મૅક્રોન વિરુદ્ધ ગૃહમાં ઐતિહાસિક અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવી હતી જેને પગલે ફ્રાન્સ કાર્યરત સરકાર વિહોણું થઈ ગયું હતું.

બાર્નિયર સરકારને કરન્ટ અફેર્સ અને નવા વડા પ્રધાનની નિમણૂકનું લક્ષ્ય આપવામાં આવ્યું હતું. આ માટે બે વિકલ્પ અંગે વિચારણા કરવામાં આવી રહી છે. પહેલો વિકલ્પ જોડાણને વધુ વ્યાપક બનાવવાનો છે અને એ માટે ડાબેરીઓ મધ્યમમાર્ગી અને રૂઢિચુસ્તો સાથે જોડાઈ શકે છે અને એ બાબત ભાવિ સરકારને ગૃહમાં બહુમતી અપાવી શકે છે. બીજો વિકલ્પ ડાબેરીઓને મામલે વિપક્ષ સાથે કરારનો છે જે મુજબ અવિશ્વાસની દરખાસ્તની તરફેણમાં મત ન આપવા ડાબેરીઓ વચનબદ્ધ રહે. (એજન્સી)



**ભારે વરસાદઃ** ચેન્નઈના તમિળનાડુમાં ગુરુવારે ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. પાણી ભરેલા રસ્તા પરથી માર્ગ કાઢી રહેલા વાહનચાલકો. (એજન્સી)

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# દહેજ ઉત્પીડનના કેસોનો દુરુપયોગ કરાવે છે કોણ?

**હમણાં** બેંગલુરૂના આઈટી પ્રોફેશનલ અતુલ સુભાષના મૃત્યુની ચર્ચા આખા દેશમાં ચાલી રહી છે. અતુલ સુભાષે આત્મહત્યા કરતાં પહેલાં સોશિયલ મીડિયા પર એક વીડિયો મૂકીને પોતાની પત્ની અને સાસરિયાં સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. અતુલ સુભાષે કહ્યું કે, મારા પરિવારને મારાં સાસરિયાં દ્વારા ખૂબ પરેશાન કરવામાં આવ્યા છે અને તેથી જ હું આત્મહત્યા કરવા જઈ રહ્યો છું.

અતુલે ૪૦ પાનાંની સ્યૂસાઈડ નોટ પણ લખી છે કે જેમાં તેની પત્ની નિકિતા સિંઘાનિયા અને સાસરિયાંએ કઈ રીતે તેને દહેજ વિરોધી કાયદાના કેસમાં ફસાવીને માનસિક રીતે ત્રસ્ત કરી દીધો હતો તેની વિગતો આપી છે. દહેજ ઉત્પીડનનો ખોટો કેસ કરીને સાસરિયાંએ તેને આપઘાત કરવા પ્રેર્યો એવું અતુલે લખ્યું છે. તેના કારણે આઈપીસીની કલમ ૪૯૮એના દુરુપયોગનો મુદ્દો પણ ચર્ચામાં છે. આ કલમનો ઉપયોગ પતિ તથા સાસરિયાંને પરેશાન કરવા કરાય છે એ પ્રકારના અભિપ્રાય વ્યક્ત થઈ રહ્યા છે અને કલમને નાબૂદ કરવાની તરફેણ પણ કરાઈ રહી છે.

આ વાત કેટલી વાજબી છે તેની વાત કરતાં પહેલાં આઈપીસીની કલમ ૪૯૮એ શું એ પહેલાં તો સમજી લઈએ. આ કલમ અનુસાર કોઈ મહિલાનો પતિ અથવા સાસરિયાં કે તેના પતિનો કોઈ સંબંધી ક્રૂરતા એટલે કે મારઝુડ અને શારીરિક ઉત્પીડન કરે અથવા તે મહિલાને માનસિક રીતે અથવા અન્ય કોઈ રીતે હેરાન કરે તો તે વ્યક્તિ વિરુદ્ધ આઈપીસીની કલમ ૪૯૮એ હેઠળ કેસ નોંધીને સજા કરાવવા માટે કાર્યવાહી હાથ ધરાશે. આ કલમનો ઉદ્દેશ્ય મહિલાઓને પોતાના પતિ અને તેના સંબંધીઓ દ્વારા હેરાનગતિ ના થાય એ જોવાનો છે. કોઈ પુરુષ તેની પત્નીને મારતો હોય તો પત્ની પ્રત્યે ક્રૂરતાનો કેસ દાખલ થાય અને આ ગુનામાં દોષિત સાબિત થાય તો ૭ વર્ષની જેલની સજા થાય છે.

આ કલમ પત્નીને માનસિક કે શારિરિક ત્રાસ આપીને આપઘાત કરવાના કેસમાં પણ લાગુ પડે છે. કોઈ મહિલાનો પતિ કે તેનાં સાસરિયાં તેની પત્નીને આત્મહત્યા કરવાની ફરજ પાડે અથવા મહિલાનો પતિ અથવા તેના પતિનો કોઈ સંબંધી મહિલા પાસેથી દહેજની માગ કરે, દહેજ આપવા માટે તેને હેરાન કરે તો તે વ્યક્તિ સામે આઈપીસીની કલમ ૪૯૮એ હેઠળ કેસ નોંધીને સજા કરાવવા માટે કાર્યવાહી કરવામાં આવે છે. રોજબરોજના ઘરેલું ઝઘડામાં કોઈ મહિલા પર હુમલો કરવામાં આવે કે મારઝૂડ કરવામાં આવે તો પણ આ જ કલમ લાગુ પડે છે.

આ કલમનો દુરુપયોગ થાય છે એ દીવા જેવી ચોખ્ખી વાત છે. આ કલમ વાસ્તવમાં દહેજ ઉત્પીડન સંબંધિત છે, પણ કોઈ પણ સ્ત્રીને પોતાના પતિ કે સાસરિયાં સામે વાંકું પડે એટલે તરત કલમ ૪૯૮એ હેઠળ કેસ નોંધીને સાસરિયાં અને પતિને બૂચ લગાવી દેવાય છે. દહેજ ના માગ્યું હોય તો પણ સાસરિયાંને સીધાં કરવા માટે ખોટેખોટી કલમ ૪૯૮એ લગાવીને કેસ ઠોકી દેવાનું ચલણ આપણે ત્યાં છે જ.

સુપ્રીમ કોર્ટે પણ કલમ ૪૯૮એનો દુરુપયોગ થતો હોવાની વાત સ્વીકારી છે. બે દિવસ પહેલાં જ એક કેસમાં કલમ ૪૯૮એ હેઠળ નોંધાયેલી એફઆઈઆરને રદ કરતી વખતે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાએ સ્વીકાર્યું કે, આ કલમનો દુરુપયોગ થાય છે. બંને માનનીય જજે એ વાત પર ભાર મૂક્યો છે કે, દહેજ ઉત્પડનની કલમ પોલીસ તંત્રે અંતિમ ઉપાય તરીકે લગાવવી જોઈએ. સુપ્રીમ કોર્ટે તો કાયદા પંચ અને કાયદા મંત્રાલયે આ જોગવાઈ પર પુનર્વિચાર કરવો જોઈએ એવું પણ કહ્યું છે.

અત્યારે જે કેસની જોરશોરથી ચર્ચા છે એ અતુલ સુભાષના કેસમાં કલમ ૪૯૮એનો દૂરુપયોગ થયાનું પ્રથમ દૃષ્ટિએ લાગે છે ને આ કલમ લગાડવામાં અતુલનાં સાસરિયાંની મહત્વની ભૂમિકા હશે એવું પણ લાગે છે. બિહારના સમસ્તીપુરના અતુલ અને યુપીના જૌનપુરની નિકિતા સિંઘાનિયાની મુલાકાત ૨૦૧૯માં એક મેટ્રિમોનિયલ સાઇટ દ્વારા થઇ હતી. નિકિતાએ કમ્પ્યુટર સાયન્સ અને ફાઇનાન્સમાં બીટેક એમબીએ કર્યું હતું. અતુલ સોફ્ટવેર એન્જિનિયર હતા. બંને એકબીજાને મળ્યા અને વારંવાર મુલાકાતો પણ થઈ અને પછી વાત લગ્ન સુધી પહોંચી હતી.

નિકિતાનો પરિવાર જલ્દી લગ્ન કરવા માંગતો હતો કારણ કે તેના પિતાની તબિયત ખરાબ હતી, નિકિતાના પિતા તેમના જીવતે જીવ પુત્રીના લગ્ન થઇ જાય એવું ઈચ્છતા હતા એટલે વારાણસીની એક હોટલમાં બંનેનાં લગ્ન થયાં. નિકિતા તેના સાસરે આવી પણ માત્ર બે દિવસ રોકાયા પછી અતુલ સાથે બેંગ્લોર ગઈ હતી. શરૂઆતમાં બંને વચ્ચે બધું બરાબર હતું, પણ બાળક થયા પછી નિકિતા તેના પુત્ર સાથે જૌનપુરસ્થિત તેના પિયર આવી અને મગજમારી શરૂ થઈ.

સૂસાઇડ નોટમાં અતુલે આક્ષેપ કર્યો છે કે તેનાં સાસરિયાં તેને પૈસા માટે વારંવાર પરેશાન કરતા હતા અને લાખો રૂપિયાની માગ કરતા હતા. અતુલે પૈસા આપવાની ના પાડી ત્યારે નિકિતા ૨૦૨૧માં પુત્ર સાથે ઘર છોડીને ચાલી ગઇ. નિકિતાએ એ પછી અતુલ સામે કેસ ઠોકી દીધો અને પરિવારજનોને પરેશાન કરવા માંડ્યા. અતુલ નિકિતા અને દીકરાના ભરણપોષણ માટે નાણાં આપતો હતો પણ નિકિતાને ૩ કરોડ રૂપિયા જોઈતા હતા તેથી કેસ કરવાની ધમકી આપ્યા કરતી હતી. અતુલ, તેનાં વૃદ્ધ માતાપિતા અને ભાઈને પરેશાન કરવા માટે નવા કેસ કરવાની ધમકીથી કંટાળીને છેવટે અતુલે આપઘાત કરી લીધો.

અતુલના કેસમાં જે કંઈ થયું એ કમનસીબ કહેવાય પણ આપણે આવું કેમ થયું એ વિચારવાની જરૂર છે. તેનું કારણ આપણું ભ્રષ્ટ તંત્ર અને નીચલી અદાલતો છે. દહેજ ઉત્પીડનના કેટલાક સાચા કેસો હશે પણ મોટા ભાગના કેસ સમાધાન કરવા માટે પતિ અને તેના પરિવાર પર દબાણ કરવાના હેતુથી કરવામાં આવે છે.

આ કેસ કરવાની સલાહ વકીલો આપે છે કે જેથી કેસ મજબૂત થાય. પોલીસ પણ આવા કેસોમાં રસ લે છે કેમ કે મહિલાના સાસરિયાંને દબાવીને પૈસા પડાવી શકાય. ન્યાયતંત્ર પણ આવા કેસોમાં આક્રમક વલણ બતાવે છે કે જેથી સાસરિયાને ખંખેરી શકાય. વકીલ, પોલીસ અને નીચલા ન્યાયતંત્રની સાઠગાંઠથી આ ખેલ ચાલે છે ને તેમાં અતુલ સુભાષ જેવા નિર્દોષ લોકો વધેરાઈ જાય છે.

આ ચોક્કસપણે ગંભીર સ્થિતિ કહેવાય પણ તેના કારણે કાયદો નકામો ના થઈ જાય. ખરેખર દહેજ ઉત્પીડન થયું છે કે નહીં તેની ચકાસણી ન્યાયી રીતે થાય તો ખોટા કેસ ના થાય પણ એ શક્ય નથી એ જોતાં આ પ્રકારના કેસો થયા કરશે ને અતુલ જેવા નિર્દોષોનો ભોગ લેવાતો રહેશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન/સૌર હેમંતઋતુ, શુક્રવાર, તા. ૧૩-૧૨-૨૦૨૪, પ્રદોષ

- ભારતીય દિનાંક ૨૨, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ સુદ - ૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૨મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર ભરણી સવારે ક. ૦૭-૪૯ સુધી, પછી કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૭ સુધી (તા.૧૪મી), પછી રોહિણી.
- ચંદ્ર મેષમાં બપોરે ક. ૧૩-૧૮ સુધી, પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૪ અમદાવાદ ક. ૦૭ મિ. ૧૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટદ્ર

- ભરતી : સવારે ક. ૦૯-૩૨, રાત્રે ક. ૨૨-૫૯
- ઓટઃ સાંજે ક. ૧૬-૦૫, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૪૯ (તા. ૧૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ - ત્રયોદશી. પ્રદોષ, પારસી ૫મો અમરદાદ માસારંભ, વક્રી હર્ષલ મેષમાં .
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા,વિષ્ણુ સહસ્ત્રનામ સ્ત્રોત્ર વાંચન, શિવ પાર્વતી પૂજા, પ્રદોષ વ્રત ઉપવાસ, શિવ ભક્તિ, નામ સંકીર્તન, ભજન, રાત્રિ જાગરણ, અગ્નિ દેવતાનું પૂજન, આમલીનાં ઔષધીય પ્રયોગો, માલ વેચવો, ધાન્ય લાવવું, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, અગ્નિ પૂજા, ઉંબરાનું પૂજન, માલ વેચવો, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડ દેવડ, ઉંબરાના વૃક્ષનું પૂજન.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ યુતિ અચોક્કસ મન
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ યુતિ. ચંદ્ર કૃત્તિકા યુતિ.
- ગોચરગ્રહોઃ સૂર્ય-વૃશ્ચિક , વક્રી મંગળ-કર્ક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ/મેષ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મેટા સર્વર ડાઉન, યુઝર્સ થયા પરેશાન; મેટાએ માફી માગી

ન્યૂ યૉર્કઃ ગત રાત્રે લગભગ ૧૧ વાગ્યાથી, વિશ્વભરના લાખો યુઝર્સ માટે વૉટ્સએપ, ઇન્સ્ટાગ્રામ અને ફેસબુકની સેવાઓ બંધ થઈ ગઈ હતી. યુઝર્સને આ સેવાઓને ઍક્સેસ કરવામાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો અને અન્ય પ્લૅટફૉર્મ પર આ સમસ્યા વિશે લખ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ તમામ પ્લૅટફૉર્મ મેટાની માલિકીના છે અને આવો મોટો આઉટેજ ભાગ્યે જ જોવા મળે છે.

મેટાના સર્વરમાં મોટી ખામીને કારણે આ તમામ પ્લૅટફૉર્મ અચાનક બંધ થઈ ગયા હોવાની અટકળો ફેલાઈ રહી છે. વપરાશકર્તાઓને મેસેજ મોકલવામાં, પોસ્ટ કરવામાં અથવા સ્ટોરી અપલોડ કરવામાં સમસ્યા પડી હતી. આ સમસ્યા ડેસ્કટોપ અને મોબાઈલ બંને ડિવાઇસમાં જોવા મળી હતી. શરૂઆતમાં યુઝર્સ સમજી શક્યા ન હતા કે આ કોઈ ટેક્નિકલ ખામીને કારણે છે કે પછી તેમની કનેક્ટિવિટી સંબંધિત કોઈ સમસ્યા છે.

ભારતમાં લગભગ રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ મેટા એપ્સમાં સમસ્યાઓની શરૂઆત થતાં યુઝર્સે ફરિયાદો કરવાની શરૂઆત કરી હતી. મળતી માહિતી મુજબ લગભગ ત્રણ કલાક બાદ આ એપ્સ પરની સેવાઓ સામાન્ય થઈ ગઈ હતી. મેટ્રા આઉટેજનો ઉકેલ લગભગ બે વાગ્યાની આસપાસ મળ્યો હતો. એક અહેવાલ અનુસાર એક લાખથી વધુ યુઝર્સે ફેસબુકના આઉટેજની ફરિયાદ કરી હતી. આ સિવાય ઇન્સ્ટાગ્રામને લઈને લગભગ ૭૦ હજાર ફરિયાદો થઈ હતી. વોટ્સએપમાં પણ હજારો લોકોએ સમસ્યાની જાણ કરી હતી. જે સમયે વૉટ્સએપ, ઇન્સ્ટાગ્રામ અને ફેસબુક ડાઉન થયું, ત્યારે લોકો એક્સ પર તેની ફરિયાદ કરતાં જોવા મળ્યા હતા. તેમ જ આ દરમિયાન અઢળક મીમ્સ પણ શેર થયા. લોકોએ અલગ અલગ રમૂજી મીમ્સ પોસ્ટ કરીને એક્સ પર આ પ્લૅટફૉર્મ્સ ડાઉન હોવાની ફરિયાદ કરી હતી. મેટાનું સર્વર ડાઉન થયા બાદ યુઝર્સને મેસેજ મોકલવા, પોસ્ટ કરવા, સ્ટેટસ પોસ્ટ કરવા સહિત અનેક સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. મેટા એપ્સને લઈને લોકોને જે સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે તેને ધ્યાનમાં રાખીને, મેટાએ એક નિવેદન પણ બહાર પાડ્યું. એક્સ પર પોસ્ટ કરીને, મેટાએ જણાવ્યું હતું કે કંપની તેની સેવાઓના વૈશ્વિક આઉટેજથી વાકેફ છે અને વૉટ્સએપ, ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ પુનઃસ્થાપિત કરવા માટે કામ કરી રહી છે. જેઓ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તેમની માફી. ■

## કાશ્મીરના મેદાની વિસ્તારોમાં મોસમની પ્રથમ હિમવર્ષા

શ્રીનગરઃ કાશ્મીર ખીણના મેદાની વિસ્તારોના કેટલાક વિસ્તારોમાં મોસમની પ્રથમ હિમવર્ષા થઇ હતી. જ્યારે ઊંચાણવાળા વિસ્તારોમાં મધ્યમ વરસાદ પડ્યો હતો. તેમજ ખીણના મોટાભાગનાં સ્થળોએ લઘુતમ તાપમાનમાં સુધારો થયો હતો. શોપિયાં, પુલવામા અને બારામુલ્લાના મેદાની વિસ્તારોની સાથે સાથે અનંતનાગ, બડગામ અને બાંદીપોરાના ઊંચાણવાળા વિસ્તારોમાં હળવી હિમવર્ષા થઇ હતી. જો કે જમ્મુ-કાશ્મીરની ઉનાળુ રાજધાની શ્રીનગરમાં હિમવર્ષા થઇ હતી. ગુલમર્ગ, સોનમર્ગ, તંગમર્ગ, ગુરેઝ અને ઝોજિલા પાસના પ્રવાસન રિસોર્ટ સહિત ખીણના ઊંચા વિસ્તારોમાં હળવાથી મધ્યમ હિમવર્ષા થઇ હતી. ■

## ઈલોન મસ્કે રચ્યો ઈતિહાસ, નેટવર્થ ૪૦૦ બિલ્યન ડૉલરને પાર

નવી દિલ્હીઃ વિશ્વના સૌથી અમીર વ્યક્તિ ઈલોન મસ્કની નેટવર્થ ૪૦૦ બિલ્યન ડોલર (રૂા. ૩૩,૯૩૮ કરોડ)ને વટાવી ગઈ છે. બ્લૂમબર્ગ ઈન્ડેક્સના રિપોર્ટ અનુસાર, ઈલોન મસ્ક વિશ્વના એવા પ્રથમ વ્યક્તિ બન્યા છે જેમની નેટવર્થ ૪૦૦ બિલ્યન ડૉલરને વટાવી ગઈ છે. ઈલોન મસ્કની સંપત્તિમાં આ ઉછાળો તેમની ઍરોસ્પેસ કંપની સ્પેસએક્સના શેરના આંતરિક વેચાણ અને યુએસ પ્રમુખપદની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ આવ્યો છે. અમેરિકાની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ શેરની કિંમતમાં ૪૭ ટકાનો વધારો થયો છે. જેની સીધી અસર મસ્કની સંપત્તિ પર પડી રહી છે. હાલમાં ઈલોન મસ્ક ૪૪૭ બિલ્યન ડૉલરની કુલ સંપત્તિના માલિક છે. ઈલોન મસ્કની નેટવર્થ દુનિયાના બીજા સૌથી અમીર વ્યક્તિ જેફ બેઝોસ કરતાં ૧૪૦ બિલ્યન ડૉલર વધુ છે.

આ વર્ષે ઈલોન મસ્કની નેટવર્થમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૧૪માં ઈલોન મસ્કની સંપત્તિમાં કુલ ૨૧૮ અબજ ડૉલરનો વધારો થયો હતો. ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ, મસ્કની સંપત્તિમાં કુલ ૧૭૫ બિલિયન ડૉલરનો વધારો થયો છે. ૫ નવેમ્બરે મસ્કની સંપત્તિ ૨૬૪ બિલ્યન ડૉલર હતી, જે હવે વધીને ૪૪૭ બિલિયન ડૉલર થઈ ગઈ છે.

ડોનાલ્ડ ટ્રમ્પના અમેરિકાના રાષ્ટ્રપતિ પદે પાછા ફરવાના કારણે ઈલોન મસ્કને પણ ફાયદો થયો છે. તેમણે આ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પને ખુલ્લેઆમ સમર્થન આપ્યું હતું. તેમણે ઘણી જગ્યાએ જાહેર રૅલીઓ પણ યોજી હતી. ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ ટેસ્લાના શેરમાં ૬૫ ટકાનો વધારો થયો છે. કંપનીના શેર ૪૧૫ ડૉલરના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી ગયા છે. રોકાણકારોને આશા છે કે ટ્રમ્પ સરકાર સેલ્ફ-ડ્રાઈવિંગ કાર બનાવતી કંપનીઓ પરથી ટેક્સ હટાવી દેશે. જેનો ટેસ્લાને ફાયદો થશે. ૫ નવેમ્બરથી અત્યાર સુધીમાં ઈલોન મસ્કની નેટવર્થ ૧૩૬ બિલિયન ડોલર વધી છે. ટ્રમ્પની નવી સરકારમાં ઈલોનને ખૂબ જ મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. ■

## મહાબોધિ મંદિરને બૉમ્બથી ઉડાવવાની ધમકીઃ તંત્ર થયું હાઇ એલર્ટ, પત્રમાં આઈએસઆઈનો ઉલ્લેખ

બોધગયાઃ બિહારના બોધગયામાં સ્થિત મહાબોધિ મંદિર ફરી એક વાર આતંકવાદીઓના નિશાના પર છે. દુબઈમાં છુપાયેલા ઝારખંડ રાજ્યના કુખ્યાત ગુનેગાર વિકીએ મહાબોધિ મંદિરને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી છે. બોધ ગયા મંદિર પ્રબંધન સમિતિને એક પત્ર દ્વારા આ ધમકી મળી છે. જેમાં આઈએસઆઈનો પણ ઉલ્લેખ જોવા મળી રહ્યો છે. મહાબોધિ મંદિરને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ બિહાર, ઝારખંડ અને દિલ્હી સહિત અન્ય રાજ્યોની પોલીસ સક્રિય થઈ ગઈ હતી.

મહાબોધિ મંદિરમાં બૉમ્બ હોવાની ધમકી મળ્યા બાદ સમગ્ર બોધગયામાં પોલીસ અને વિવિધ સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. તેમ જ મંદિરની આસપાસ સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી છે. સઘન તપાસ બાદ જ ભક્તોને મંદિરમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. સિટી એસપી પ્રેરણા કુમારે જણાવ્યું કે મહાબોધિ મંદિર પ્રબંધન સમિતિને પોસ્ટ દ્વારા ધમકીભર્યો પત્ર મળ્યો છે. આ અંગે બોધગયા પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે.

ધમકીની ગંભીરતાને ધ્યાનમાં લેતાં બોધગયા એસડીપીઓના નેતૃત્વમાં તપાસ ટીમ બનાવવામાં આવી છે. તપાસ ટીમમાં બોધગયા પોલીસ સ્ટેશનના અધિકારી મનોજ કુમાર સિંહ ઉપરાંત ટેકનિકલ શાખાના અધિકારીઓ પણ સામેલ છે. તેમણે કહ્યું કે પ્રારંભિક તપાસમાં આ કોઈ તોફાની તત્ત્વોનું કામ હોવાનું જણાય છે. તેમ છતાં સાવચેતીના પગલા રૂપે પત્રમાં દર્શાવેલ તમામ આરોપીઓનાં નામ તેમ જ અન્ય તમામ મુદ્દાઓની સઘન તપાસ કરવામાં આવી રહી છે.

વાસેપુર ગેંગસ્ટર પ્રિન્સ ખાનનો એક નવો ઑડિયો વાયરલ થઈ રહ્યો છે. ઑડિયોમાં પ્રિન્સ કહી રહ્યો છે- ‘માય નેમ ઈઝ ખાન, હું આતંકવાદી નથી’ ધમકીભર્યા પત્રને ખોટો ગણાવતાં પ્રિન્સ ખાને કહ્યું કે આ વિરોધીઓનું કાવતરું છે. મંદિરને ઉડાવી દેવાની ધમકીનો આરોપ સંપૂર્ણપણે ખોટો છે. ■

## ઝારખંડ સરકારનો મોટો નિર્ણયઃ મહિલાઓ માટે અનામત અને ખેડૂતો માટે લોનની જાહેરાત

રાંચીઃ ઝારખંડ સરકારે મહિલાઓને નોકરીઓમાં અનામતને લઈને મોટો નિર્ણય લીધો છે. સરકારે મહિલાઓને નોકરીઓમાં ૩૩ ટકા અનામત આપવાની જાહેરાત કરી છે. રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવારે બુધવારે ઝારખંડ વિધાનસભાના વિશેષ સત્રના ત્રીજા દિવસે તેમના સંબોધન દરમિયાન તેમણે જાહેરાત કરી છે. આ દરમિયાન તેમણે મફત શિક્ષણ સહિત અનેક મોટી જાહેરાતો કરી હતી. ચૂંટણી સમયે આપેલાં વચનોને સત્તામાં આવેલી હેમંત સરકારે પૂરાં કરવાની શરૂઆત કરી દીધી છે.

રાજ્યપાલે કહ્યું કે સરકાર નીતિ નિર્માણ કરીને આદિવાસીઓ, મૂળવાસીઓને ક્લાસ ૩ અને ક્લાસ ૪ની નોકરીઓમાં ૧૦૦ ટકા અનામત આપશે. આ સાથે પછાત વર્ગોને ૨૭%, આદિવાસીઓને ૨૮% અને અનુસૂચિત જાતિઓને ૧૨% અનામત આપવાનું બિલ, સરના આદિજાતિ ધર્મ સંહિતા ગૃહ વિભાગમાં પેન્ડિંગ છે, જેને કેન્દ્ર સરકાર પાસેથી મંજૂર કરાવવા માટે તમામ પ્રયાસો કરશે.

રાજ્યપાલ સંતોષ કુમારે તેમના સંબોધન દરમિયાન મહિલા અનામત સિવાય અન્ય ઘણી મોટી જાહેરાતો કરી છે. જેમાં કેજીથી પીજી સુધીના વિદ્યાર્થીઓને મફત શિક્ષણ, ૧૫ લાખ સુધીની શૈક્ષણિક લોન, રોજગાર માટે ૫૦ લાખ સુધીની લોન, ખેડૂતોને વ્યાજમુક્ત લોન, એસસી, એસટી અને ઓબીસીની અનામત ટકાવારી વધારવાની જાહેરાત, ગરીબોને દર મહિને સાત કિલો ચોખા અને બે કિલો દાળ આપવાની જાહેરાત કરી છે. ■

## છત્તીસગઢમાં એન્કાઉન્ટરમાં ૧૨ નક્સલી ઠાર

નારાયણપુરઃ છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં ગુરુવારે સુરક્ષાદળો સાથેની અથડામણમાં ૧૨ નક્સલવાદીઓ ઠાર કરાયા હતા. આ માહિતી એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ આપી હતી.

વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર અથડામણ લગભગ ૩ વાગ્યાની આસપાસ દક્ષિણ અબુઝહમદના જંગલમાં ત્યારે શરૂ થઇ જ્યારે પોલીસ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની સંયુક્ત ટીમ નક્સલ વિરોધી અભિયાન પર હતી. અધિકારીએ જણાવ્યું કે આ અભિયાનમાં સીઆરપીએફની ટીમો ઉપરાંત નારાયણપુર, દંતેવાડા, બસ્તર અને કોડાગાંવ જિલ્લાની પોલીસના ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ(ડીઆરજી)ના જવાનો સામેલ હતા. ગોળીબાર બંધ થયા બાદ યુનિફોર્મ પહેરેલા સાત નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા હતા. આ વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

## તમિલનાડુમાં વરસાદને પગલે અનેક જિલ્લાઓમાં શાળાઓ બંધ

ચેન્નઇઃ તમિલનાડુના કેટલાક ભાગોમાં ગુરુવારે ભારે વરસાદ પડયો હતો. જેના કારણે સત્તાધીશોએ ચેન્નઇ અને અન્ય કેટલાક જિલ્લાઓમાં શાળાઓમાં રજા જાહેર કરી હતી.

ચેન્નઇ અને પડોશી તિરુવલ્લુર, ચેંગલપેટ અને કાંચીપુરમ ઉપરાંત વિલ્લુપુરમ અને કાવેરી ડેલ્ટા ક્ષેત્રના કેટલાક વિસ્તારોમાં રાતભર વરસાદ પડ્યો હતો. અધિકારીઓએ ભારે વરસાદને પગલે ચેન્નઈ, તિરુવલ્લુર, ચેંગલપેટ, કાંચીપુરમ, વિલ્લુપુરમ, રામનાથપુરમ, તંજાવુર, મયિલાદુથુરાઇ અને કુડ્ડાલોર સહિતના જિલ્લાઓમાં શાળાઓમાં એક દિવસની રજા જાહેર કરી હતી.

પ્રાદેશિક હવામાન કચેરીએ પડોશી કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી ઉપરાંત રાજ્યના ચેન્નઇ, તિરુવલ્લુર, ચેંગલપેટ અને કાંચીપુરમ, વિલ્લુપુરમ, કલ્લાકુરિચી, તિરુવરુર, તંજાવુર જિલ્લામાં વધુ વરસાદની આગાહી કરી છે.

## નવેમ્બરમાં રિટેલ ફુગાવો ૫.૪૮ ટકા રહ્યો

નવી દિલ્હીઃ ખાદ્યસામગ્રી-ખાસ કરીને શાકભાજીના ભાવમાં થયેલા ઘટાડાને કારણે નવેમ્બરમાં રિટેલ ફુગાવાનો દર ઘટીને ૫.૪૮ ટકા રહ્યો હોવાનું સરકાર દ્વારા ગુરુવારે બહાર પાડવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઑફિસ (એનએસઓ) દ્વારા જાહેર કરવામાં આવેલા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (સીપીઆઈ)ના ડેટા મુજબ નવેમ્બર મહિનામાં ખાદ્યસામગ્રીનો ફુગાવાનો દર ઘટીને ૯.૦૪ ટકા થયો હતો જે વર્ષ ૨૦૨૩ના ઑક્ટોબરમાં ૧૦.૮૭ ટકા હતો.

નવેમ્બર ૨૦૨૪માં શાકભાજી, કઠોળ અને અન્ય ઉત્પાદનાં, સાકર, ફળો દૂધ અને દૂધના ઉત્પાદનો, મરીમસાલા, પરિવહન, સંદેશવ્યવહાર સહિતના ક્ષેત્રમાં ફુગાવાના દરમાં ઘટાડો જોવા મળ્યો હતો.

સીપીઆઈ આધારિત ફુગાવાનો દર જુલાઈ-ઑગસ્ટના સરેરાશ ૩.૬ ટકાથી વધીને સપ્ટેમ્બરમાં ૫.૫ ટકા અને ઑકટોબરમાં ૬.૨ ટકા થયો હતો. સપ્ટેમ્બર ૨૦૨૩ બાદ વર્ષનો આ સૌથી વધુ વધારો હતો.

ગયા અઠવાડિયે આરબીઆઈએ ચાલુ નાણાકીય વર્ષ માટે ફુગાવાનો દર ૪.૫ ટકાથી વધારીને ૪.૮ ટકા કર્યો હતો. ખાદ્યસામગ્રીના ભાવમાં તોળાતા વધારાનું દબાણ ડિસેમ્બરના ત્રિમાસિકમાં પણ ફુગાવાના દરમાં વધારો કરશે. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

## ‘વન નેશન, વન

એમ કહીને સરકારના આ નિર્ણયને આવકાર્યો હતો કે ‘વન નેશન, વન ઈલેક્શન’ દેશ માટે સારું હશે અને તેને કારણે લોકોનાં રૂપિયાની બચત થશે.

‘વન નેશન, વન ઈલેક્શન’નો વિપક્ષ દ્વારા કરવામાં આવી રહેલા વિરોધને તેમણે એમ કહીને નકારી કાઢ્યો હતો કે વિપક્ષને તો દરેક વાતમાં વિરોધ કરવાની આદત પડી ગઈ છે. ભાજપના સાથીપક્ષ લોક જનશક્તિ પાર્ટી (આરવી)ના સાંસદ શમ્ભવી ચૌધરીએ પણ ‘વન નેશન, વન ઈલેક્શન’ના વિચારને ટેકો આપ્યો હતો.

આ એક મહત્વાકાંક્ષી ખરડો છે અમે તેને ટેકો આપ્યો છે. દર છ મહિને દેશના કોઈ ને કોઈ ભાગમાં ચૂંટણી થતી રહે છે અને નેતાઓ તેનાં પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ કારણે ઘણીવાર તેઓ સંસદમાં પણ સમય નથી આપી શકતા જેને કારણે સ્રોતો વેડફાય છે.

શિવસેના (યુબીટી)ના સાંસદ અનિલ દેસાઈએ કહ્યું હતું કે ‘વન નેશન, વન ઈલેક્શન’ સારો વિચાર છે અને દેશ એ દિશામાં આગળ વધી શકે છે, પરંતુ વાસ્તવિકતા શું છે? શું ચૂંટણી પંચ તેના માટે તૈયાર છે? શું એ માટે આપણી પાસે પૂરતી વ્યવસ્થા અને માળખાકીય સુવિધા છે?

તાજેતરમાં જ મહારાષ્ટ્ર અને ઝારખંડમાં યોજાયેલી ચૂંટણીની સાથે સાથે જ હરિયાણા અને જમ્મુ-કાશ્મીરની ચૂંટણી નહોતી યોજી શકાઈ. આ ચૂંટણીઓ પણ તબક્કાવાર યોજવામાં આવી હતી. જો સરકાર પાસે કોઈ ઉકેલ હોય તો એ અંગે ચર્ચા થઈ શકે છે, પરંતુ હાલની સ્થિતિમાં એમ થઈ શકે એ શક્ય નથી જણાઈ રહ્યું, એમ તેમણે કહ્યું હતું.

કૉંગ્રેસના લોકસભાના સાંસદ કે. સુરેશે કહ્યું હતું કે અમારા પક્ષે શરૂઆતથી જ આ મામલે વલણ સ્પષ્ટ કરી દીધું છે અને અમારું વલણ બદલાયું નથી. અમારો પક્ષ અને સંપૂર્ણ વિપક્ષ ‘વન નેશન, વન ઈલેક્શન’નો વિરોધ કરે છે.

માર્ક્સવાદી પક્ષના રાજ્યસભાના સાંસદ જૉન બ્રિટાસે કહ્યું હતું કે ‘વન નેશન, વન ઈલેક્શન’નો વિચાર દેશની માનસિકતાની વિરુદ્ધનો છે.

જો સરકાર ચૂંટણીની પ્રક્રિયામાં સુધારો કરવા માગતી હોય તો તેણે સૌપ્રથમ તો ચૂંટણીની યંત્રણાને દૂષિત કરતા મુદ્દાઓને સમજવા જોઈએ. દ્રમુકના નેતા તિરુચી શિવાએ પણ

‘વન નેશન, વન ઈલેક્શન’નો વિરોધ કર્યો હતો.

અમારા મનમાં અનેક પ્રશ્નો છે અને તેનો સરકારે વ્યાપકપણે ઉત્તર આપવો જોઈએ એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે જો સરકાર લઘુમતીમાં આવી જાય કે સરકાર તેની મુદત પૂરી કરતાં અગાઉ જ વિશ્વાસનો મત ગુમાવે તેવા સંજોગોમાં શું કરવું.

શું એવા સંજોગોમાં મધ્યસત્ર ચૂંટણી યોજવી? માની લો કે લોકસભાને વહેલી બરખાસ્ત કરી દેવામાં આવે તો તેવા સંજોગોમાં શું તમામ રાજ્યની વિધાનસભાનો ભંગ કરાશે? અને નવેસરથી ચૂંટણી યોજવામાં આવશે?. (એજન્સી)

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં રાજ્યના પ્રથમ શ્રમિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પ્રથમ શ્રમિક સુવિધા કેન્દ્રનું અમદાવાદમાં લોકાર્પણ કર્યું હતું. કડિયાનાકે રોજગાર અને કોન્ટ્રાક્ટચ્યુલ લેબર વર્ક માટે એકઠા થતા શ્રમિકો માટે આ સુવિધા કેન્દ્ર ભોજન અને રિફ્રેશમેન્ટ માટેનું આગવું સ્થળ બની રહેશે. અમદાવાદમાં કુલ ૧૧ સહિત રાજ્યભરમાં આવા શ્રમિક સુવિધા કેન્દ્રો બનાવવાની રાજ્ય સરકારની નેમ છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે લોકાર્પણ કરેલા શ્રમિક સુવિધા કેન્દ્રમાં બેસીને જમવા માટેના ઓટલા, વોશરૂમ સહિતની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ છે. લેબર કોન્ટ્રાક્ટર્સ અહીં આવીને જરૂરિયાત મુજબના શ્રમિકોને શોધી શકે છે. શ્રમિકોને તેનું મહેનતાણું આપી શકે તે માટે પણ આ કેન્દ્રનો ઉપયોગ થઈ શકશે.

કડિયાનાકે જાહેર માર્ગ પર ઊભા રહેવાને બદલે હવે આ શ્રમિક સુવિધા કેન્દ્રમાં બેસીને શ્રમિકો ટાઢ, તાપ કે વરસાદથી રક્ષણ મેળવશે.

મુખ્ય પ્રધાને શ્રમિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ કર્યું તે સ્થળે અમદાવાદનું ૯૯મું અને રાજ્યનું ૨૯૧મું શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યું છે. મુખ્ય પ્રધાને આ તકે શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રમાં જઇને શ્રમિકોને ભોજન પીરસ્યું હતું. રાજ્યભરમાં હજુ વધુ ૯૯ શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્ર બનાવવાનો રાજ્ય સરકારનો લક્ષ્યાંક છે. શ્રમિકોને રાહત દરે ભોજન, ચા અને હવે રિફ્રેશમેન્ટ, આરામ કરવા અને એકઠા થવા માટેનું સુવિધાજનક સ્થળ મળતા રાજ્યમાં શ્રમને સન્માન આપવાની પરિપાટી વધુ સુદઢ થઈ છે. ■

# ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં નિમણૂક પામેલા ૫૮૦ યુવાઓને નિમણૂક પત્રો એનાયત કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની સરકારના બે વર્ષ પૂર્ણ થઈ ત્રીજા વર્ષમાં પદાર્પણ અવસરે રાજ્ય સરકારની સેવાઓમાં યુવાશક્તિના સામર્થ્ય અને કૌશલ્યને જોડવાનો સમારોહ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાયો હતો. જેમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં નવી નિમણૂક પામેલા ૫૮૦ જેટલા યુવાઓને નિમણૂક પત્રો એનાયત કર્યા હતા. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં વિકાસની જે નવી ક્ષિતિજો ખુલી છે તેના પરિણામે હવે લોકોની અપેક્ષાઓ વધી છે અને ટાઈમલી ડિલિવરી તથા ટ્રાન્સપરેન્ટ ગવર્નન્સ જોઈએ છે. રાજ્ય સરકારે પારદર્શિતાથી નવયુવાનોને સરકારી સેવામાં પસંદગી પામવાના અવસરો આપ્યા છે અને લાગવગ કે ભલામણો હવે બંધ થઈ ગયા છે.

તેમણે ઉમેર્યું હતું કે, વિકસિત ગુજરાત માટે રાજ્ય સરકારે જે રોડમેપ તૈયાર કર્યો છે તેમાં લિવિંગ વેલ અને અર્નિંગ વેલનો ધ્યેય રાખ્યો છે. લોકોનું ઈઝ ઓફ લિવિંગ વધારવા ગામો-નગરોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અંતર્ગત સ્વચ્છતા-સફાઈ ખાસ કરીને અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજના સુચારું સંચાલન માટે રાજ્ય સરકારે સાધનોની ફાળવણી પણ કરી છે.

રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા ૧૬ નગરપાલિકાઓને ઈમરજન્સી રિસ્પોન્સ સેનિટેશન યુનિટ અંતર્ગત ૧૫ જેટિંગ-સેક્શન મશીન અને ૨૪ ડિસેલ્ટીંગ મશીન પણ આ કાર્યક્રમમાં અર્પણ કરવામાં આવ્યા હતા. ■

### સાણંદમાં એનઆઈએનું સર્ચ ઓપરેશન

# મસ્જિદ અને મદરેસાની તપાસમાં એક વ્યક્તિની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના ગ્રામ્ય વિસ્તારોમાં એનઆઈએ દ્વારા સ્થાનિક પોલીસને સાથે રાખીને ગુરુવારે વહેલી સવારે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સાણંદમાં મદરેસામાં કામ કરતી એક શંકાસ્પદ વ્યક્તિની એનઆઈએ દ્વારા અટકાયત કરીને પૂછપરછ હાથ ધરી હતી. આતંકી સંગઠન જૈશ-એ- મોહમ્મદ સાથેના કનેકશન મુદ્દે અટકાયત કરવામાં આવેલા શંકાસ્પદ વ્યક્તિની પૂછપરછ કરાઈ હતી.

એનઆઈએ દ્વારા અટકમાં લેવાયેલા શંકાસ્પદ વ્યક્તિનું નામ આદિલ હોવાનું જાણવા મળ્યું હતું. આદિલ ચેખલા ગામની મદરેસામાં કામ કરે છે અને તે ઓનલાઇન કટ્ટરપંથી જૂથનો સભ્ય હોવાનું સૂત્રો જણાવી રહ્યાં છે. મસ્જિદ અને મદરેસામાંથી જરૂરી પુરાવાઓ અને ડોક્યુમેન્ટ એનઆઈએ દ્વારા કબજે લેવાયા હોવાની વિગતો જાણવા મળી હતી. પરંતુ આ મુદ્દે હજી એનઆઈએ દ્વારા કોઈ મોટો ખુલાસો કરવામાં આવ્યો નથી.

બીજી બાજુ અમદાવાદ ગ્રામ્ય પોલીસ પણ આ મુદ્દે કશું જ કહેવા તૈયાર નથી. મદરેસામાં નોકરી કરતો આદિલ જૈશ-એ-મોહમ્મદ નામના આતંકી સંગઠન સાથે જોડાઈ ગયો હોવાની વિગતો સેન્ટ્રલ એજન્સીને મળી હતી. એના આધારે અમદાવાદ જિલ્લા પોલીસની મદદથી તેની અટકાયત કરવામાં આવી હતી. ■

# રાજકોટમાં અસલી કચેરીમાં ચાલતા નકલી દસ્તાવેજ કૌભાંડનો પર્દાફાશ

### ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દિવસે દિવસે નકલીની બોલબાલા વધી રહી છે. નકલી પોલીસ, અધિકારીઓ, કોર્ટ, કચેરીઓ અને જજ બાદ હવે નકલી દસ્તાવેજ કૌભાંડનો પર્દાફાશ થયો હતો. રાજકોટમાં અસલી કચેરીમાં ચાલતા નકલી દસ્તાવેજનાં કૌભાંડ મામલે પોલીસે કોમ્પ્યુટર ઓપરેટરનાં સુપરવાઈઝર સહિત કુલ ૩ લોકો સામે ફરિયાદ નોંધી હતી. આરોપીઓ દ્વારા કિંમતી દસ્તાવેજોનો કપટપૂર્વક નાશ કરવામાં આવ્યો હોવાનો આરોપ લગાવાયો હતો. ડિલિટ કરેલા દસ્તાવેજોની જગ્યાએ નકલી દસ્તાવેજોની સ્કેનિંગ કોપી કોમ્પ્યુટરમાં આરોપીઓ દ્વારા સેવ કરવામાં આવી હોવાનું પણ તપાસમાં ખુલ્યું હતું. રાજકોટ શહેરમાં સબ રજિસ્ટ્રાર કચેરી ખાતે આરોપીઓ દ્વારા કચેરીમાં કિંમતી દસ્તાવેજોનો કપટપૂર્વક નાશ કરવામાં આવ્યો હતો અને હસ્તલેખિત દસ્તાવેજોનાં સ્કેનિંગ રેકોર્ડ પણ ડિલિટ કરવામાં આવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. આ ડિલિટ કરેલા દસ્તાવેજોની જગ્યાએ આરોપીઓએ નકલી દસ્તાવેજોની સ્કેનિંગ કોપી કોમ્પ્યુટરમાં સેવ કરી હતી. આરોપીઓ બોગસ ડોક્યુમેન્ટ બનાવી તેનો અસલી દસ્તાવેજ તરીકે ઉપયોગ કરતા હતા. પોલીસ તપાસમાં ૧૭ જેટલા દસ્તાવેજમાં છેડછાડ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે એડિશનલ ઇન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશન ડી.જે.વસાવાએ જણાવ્યું કે, અમદાવાદની બીએનએસ એજન્સીના કોન્ટ્રાકટ આધારિત સુપરવાઇઝર જયદીપ ઝાલા, કોન્ટ્રાકટ આધારિત કર્મચારી હર્ષ સોની અને અન્ય કિશન ચાવડાએ સમગ્ર કૌભાંડ કર્યું હોવાનું ખુલ્યું છે. જોકે આ પ્રકરણમાં પોલીસે જયદીપ ઝાલાની ધરપકડ કરી છે જ્યારે બાકીના બંને ફરાર છે

કલેક્ટર પ્રભાવ જોશીએ જણાવ્યું હતું કે સર્વપથમ આ ફરિયાદ રાજકોટ જિલ્લા તંત્રને મળી હતી. એક કોઠારીયા વિસ્તારમાં રહેતા મુમતાઝ બેન ટાંક નામની મહિલા દ્વારા મહુડી સર્વે નંબર ૧૯૪માં પિતા દ્વારા ૧૯૫૬માં જમીન ખરીદ કરવામાં આવી હતી. જે તે સમયે તલાટી મંત્રી પાસેથી દસ્તાવેજ લેવાનો રહી ગયો હતો.આ પ્રકાર રજૂઆત અને દસ્તાવેજ જમીનની માગણી કરાતા જે બાબતે ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે સબ રજિસ્ટ્રાએ આદેશ કરાયા હતા. આ તપાસ દરમિયાન સમગ્ર કૌભાંડ બહાર આવ્યું છે. હાલ પોલીસ તપાસ ચલાવી રહી છે.■

# દેવભૂમિ દ્વારકામાં બોગસ પાસપોર્ટ કૌભાંડ ઝડપાયું

### તલાટી કમ મંત્રી સહિત નવ શખસોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્પેશ્યલ ઓપરેશન્સ ગ્રૂપ (એસઓજી) અને દ્વારકા જિલ્લા પોલીસે સંયુક્ત ઓપરેશનમાં નકલી પાસપોર્ટ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ ગુનામાં સંડોવણી બદલ સસ્પેન્ડેડ તલાટી કમ મંત્રી સહિત નવ આરોપીની ધરપકડ કરી હતી. આરોપીઓ યુકેની મુસાફરી કરવા માગતા લોકો માટે વિઝા મેળવવા માટે સત્તાવાર જન્મ રેકોર્ડમાં ફેરફાર કરીને બર્થ સર્ટિફિકેટ આપતા હતા.

એસઓજીએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શંકાસ્પદ વ્યક્તિઓ વિશે માહિતી પ્રાપ્ત કર્યા બાદ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન કેટલાક ઇસમો સરકારી જન્મ રેકોર્ડ સાથે ચેડા કરી, અધિકૃત એન્ટ્રીઓ નાશ કરી નકલી જન્મ રેકોર્ડ બનાવી રહ્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. આ એન્ટ્રીઓનો ઉપયોગ કરીને ગ્રામ પંચાયતના ઓનલાઇન પોર્ટલ પર નકલી જન્મ પ્રમાણપત્રો બનાવવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપીઓ અલગ-અલગ શહેરોમાં આ કામને અંજામ આપતા હતા, જેમાં નામ અને અટકમાં સુધારા કરીને બનાવટી પાસપોર્ટ તેયાર કરતાં હતા, જ્યારે આરોપીઓ તલાટી પાસેથી ખોટી રીતે જન્મનો દાખલો મેળવી કૌભાંડ આચરતા હતા. પૂછપરછમાં તેમણે ખુલાસો કર્યો કે તે આ કામ પોરબંદરના એક વ્યક્તિ માટે કરી રહ્યા હતા.

આરોપીઓ યુકેની મુસાફરી કરવા ઇચ્છતા વ્યક્તિઓને નિશાન બનાવતા હતા, પછી પોર્ટુગીઝ નાગરિકો માટે પાસપોર્ટ બનાવવા માટે જરૂરી દસ્તાવેજો અને માહિતી મેળવતા હતા. તલાટી જૂના રેકોર્ડ કાઢી નાખી, અરજદારો માટે નકલી જન્મ પ્રમાણપત્રો બનાવતા. નામ અને જન્મ તારીખ બદલીને તેમને ૨૧ વર્ષથી ઓછી ઉંમરના બતાવતા હતા. આ નકલી જન્મ પ્રમાણપત્રોના આધારે આધાર કાર્ડ જેવા અન્ય દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ દસ્તાવેજો પાસપોર્ટ એજન્ટને સોંપવામાં આવ્યા હતા, જેમણે ખોટી માહિતી સાથે પાસપોર્ટ વેબસાઇટ પર છેતરપિંડીભર્યા દસ્તાવેજો અપલોડ કર્યા હતા. ત્યારબાદ, યુકેની મુસાફરી કરવા ઈચ્છતા અરજદારોને પાસપોર્ટ આપવામાં આવ્યા હતા અને તેમને વિઝા અરજી પ્રક્રિયા દરમિયાન તેમના દસ્તાવેજો વિશેના પ્રશ્નોના જવાબ આપવા માટે તાલીમ આપવામાં આવી હતી. ■

# કેનેડાના બિઝનેસ વિઝા આપવાના બહાને પાંચ લોકો પાસેથી ૯૭ લાખ પડાવી એજન્ટો ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિદેશ જવાની લાલચમાં અનેક લોકો સાથે લાખો રૂપિયાની ઠગાઈ આચરવામાં આવતી હોવાના બનાવો સતત પ્રકાશમાં આવી રહ્યાં છે. ગાંધીનગર તેમજ વડોદરા ખાતેની ગેટ વે ઓવરસીસનાં ઓથાર હેઠળ એજન્ટોએ કેનેડાના વિઝા આપવાના બહાને મહિલા સહિત પાંચ લોકોને ૯૭ લાખ રૂપિયાનો ચૂનો લગાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગાંધીનગરના કુડાસણમાં રહેતા નિરુબેન પટેલે વર્ષ ૨૦૨૧માં બિઝનેસ વિઝા માટે ગૂગલમાં સર્ચ કરી કુડાસણમાં ઓવરસીઝ ગેટ વેનો સંપર્ક કર્યો હતો. ત્યાં વિજય. એમ. બિઝનેસ વિઝાની માહિતી આપી ગગનદીપસિંગ અમરપ્રિતસિંગ સાથે મુલાકાત કરાવી હતી. જેણે નિરુબેન અને તેમના પતિની પ્રોફાઈલ જોઈને કેનેડાના બિઝનેસ વિઝાનો ૨૭ લાખ ખર્ચ કહ્યો હતો. નિરુબેને ૨૮/૯/૨૦૨૧ ના રોજ રોકડા અને ચેકથી કુલ રૂ. ૯ લાખનો પ્રથમ હપ્તો નોટોરાઇઝ એગ્રીમેન્ટ મુજબ ચુકવી દીધો હતો અને ૨૯/૧૦/૨૦૨૧ ના રોજ પુણા ખાતે જઈ બાયોમેટ્રીક ફાઇલ સબમિશન કરાવી હતી અને એગ્રીમેન્ટ મુજબ બીજા નવ લાખ ચૂકવ્યા હતા.

જ્યારે તા. ૧૨/૯/૨૦૨૨ નાં રોજ વિઝા ફાઇલ બાબતે અપોલો હોસ્પિટલ ખાતે મેડિકલ કરાવ્યું હતું. એ વખતે એજન્ટોએ મેડિકલની મુદત એક વર્ષની હોવાનું જણાવ્યું હતું. બાદમાં આશરે છ માસ પછી વિઝા ફાઇલમાં ક્વેરી આવી હતી. જેનો જવાબ પણ નિયત સમય મર્યાદામાં આપવામાં આવ્યો હતો. તેમ છતા વિઝા ફાઈલનુ કામ નહીં થતાં નિરુબેને પૈસા પરત માગી કામ બંધ કરી દેવા કહ્યું હતું.

ગગનદિપસિંગે ૩૦ થી ૪૫ દિવસમાં વિઝાની કામગીરી પૂર્ણ થઇ જવાનો વિશ્વાસ આપ્યો હતો. જો કે ૨૯ લાખ આપવા છતાં વિઝાનો મેળ નહિ પડતાં નિરુબેને પૈસાની ઉઘરાણી શરૂ કરી હતી.થોડા દિવસ પછી ૧૧ લાખનો ચેક મોકલી આપ્યો હતો. આ ચેક બેંકમાં જમા કરતા રિટર્ન થયો હતો.

ત્યાર બાદ કુડાસણ ખાતેની ઓફિસે તાળા મારી ઓફિસ બંધ કરી દેવાઈ હતી અને એજન્ટોએ ફોન બંધ કરી દીધા હતાં. નિરુબેનને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, તેમની સાથે આ કંપનીના એજન્ટોએ કેનેડાના વિઝાના બહાને અન્ય ચાર લોકો પાસેથી પણ ૯૭ લાખ પડાવ્યા છે. જે અંગે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# રાજકોટમાં બિલ્ડર ગ્રૂપો પર સેન્ટ્રલ જીએસટીના દરોડાઃ ડિજિટલ ડેટા હસ્તગત કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના બિલ્ડરો પર સેન્ટ્રલ જીએસટીની ટીમે ગુરુવારે દરોડા પાડ્યા હતાં. રાજકોટ શહેરના પ્રાઈડ ગ્રૂપ, વન વર્લ્ડ, આઇકોનિક વર્લ્ડ, કોર્પોરેટ વર્લ્ડ, પીપળીયા એમ્પાયર, મધુવન વિલા, મંગલ સહિતના બિલ્ડર ગ્રૂપને ત્યાં જીએસટીની ટીમ દ્વારા તપાસ કરાઈ હતી. પ્રાઈડ ગ્રૂપ સાથે જોડાયેલા બિલ્ડરના ઘરે પણ તપાસ હાથ ધરાઈ હતી. જ્યારે વન વર્લ્ડ ગ્રૂપના ચાર અલગ અલગ પ્રોજેક્ટ પર તપાસ હાથ ધરાઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે આ તપાસમાં ડિજિટલ ડેટા હાથ લાગતાં જીએસટીની ટીમે હસ્તગત કર્યા હતાં. સેન્ટ્રલ જીએસટી દ્વારા રાજકોટના જાણીતા બિલ્ડર્સ ગ્રૂપો પર ગુરુવારે દરોડા પાડવામાં આવ્યા હતાં. સેન્ટ્રલ જીએસટી સાથે આ દરોડામાં કસ્ટમ્સના એડિશનલ જોઇન્ટ કમિશનર તપાસમાં જોડાયા હતાં. બિલ્ડરોને ત્યાં તપાસમાં મોટા પ્રમાણમાં કરચોરી પકડાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. બુધવારે વડોદરામાં જીએસટીની ટીમે ત્રણ શોરૂમમાં દરોડા પાડ્યા હતાં. મેવાડા કલેકશન, મેવાડા ડ્રેસવાલા, સુલતાનપુરા ઘડીયારી પોરના શોરૂમમાં હાલ દરોડા પાડ્યા હતાં. જ્યાં હિસાબોની ચકાસણી કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર પાસેથી મળેલી સૂચનાઓને ધ્યાને લઈ હાલ આવકવેરા અને જીએસટી વિભાગ ઠેર ઠેર સર્ચ ઓપરેશન કરી કરોડો રૂપિયાની કરચોરી પકડવા સક્રિય થઈ ગયો છે. ■

# દિલ્હી-મુંબઈ નેશનલ હાઈવે કોરિડોર મુદ્દે ઝાલોદના ખેડૂતોએ પાક નુકસાનના વળતરની માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મધ્ય ગુજરાતના ઝાલોદના ૧૪ ગામોમાથી દિલ્હી-મુંબઈ કોરિડોર પસાર થતાં અસરગ્રસ્ત ખેડૂતોએ હાઈવેના કારણે ખેતરમા પાણી ભરાવાથી પાક નિષ્ફળ જતા વળતર પેટે ૨ કવિન્ટલ ઘઉં અને ૨ કવિન્ટલ મકાઈ આપવાની માગ સાથે ઝાલોદ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. પાક નિષ્ફળનું વળતર નહિ આપવામા આવે તો ૧૬મી ડિસેમ્બરે હાઈવેની કામગીરી બંધ કરાવવાની ચીમકી ઉચ્ચારી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે ઝાલોદ તાલુકાના ૧૪ ગામોમાંથી દિલ્હી-મુંબઈ નેશનલ હાઈવે કોરિડોર પસાર થતાં સરકાર દ્વારા હાઈવે માટે ખેડૂતોની જમીનો સંપાદિત કરી હતી. જેમાં ખેડૂતોને સમસ્યાઓ ઊભી થતા આ સમસ્યાઓનો નિકાલ કરવા માટે ખેડુતોએ આવેદનપત્રો પાઠવી રજૂઆતો કરી હતી. આ મુદ્દે વહીવટીતંત્ર અને હાઈવે ઓથોરિટી દ્વારા આખરે ખેડૂતો સાથે બેઠક કરી ખેડૂતોની ૧૭ માગણીઓમાંથી ૧૬ માગણીઓનો વહીવટીતંત્ર દ્વારા સ્વીકાર કરી નિકાલ કરાયો હતો. ખેતરમાં પાણી ભરાઈ જવાથી ખેતરમાં ખેતી કરેલો તૈયાર પાક નિષ્ફળ જતા તેના વળતર માટે ખેડૂતોએ ઝાલોદ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપીને વળતર પેટે ૨ કવિન્ટલ ઘઉં અને ૨ કવિન્ટલ મકાઈ આપવા માટે રજૂઆત કરી હતી. હાઈવે ઓથોરિટી અને વહીવટીતંત્ર દ્વારા ૧૫મી ડિસેમ્બર સુધી ખેડૂતોની છેલ્લી બાકી રહેલ માગણીનો સ્વીકાર નહીં કરવામાં આવે તો ૧૬ ડિસેમ્બરે હાઈ વેની કામગીરી બંધ કરાવવાની ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી હતી. બીજી તરફ પાટણ જિલ્લામાંથી પસાર થતા થરાદ અમદાવાદ એક્સપ્રેસ વે ભારત માલા પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોની જમીનની જંત્રીમાં સૂચિત ભાવ વધારો એપ્રિલ માસથી લાગુ કરવા પ્રાંત અધિકારી મિતુલ પટેલને રજૂઆત કરવામાં આવી હતી. વધારો નહીં કરવામાં આવે તો અમે જમીન આપીશું નહીં અને ઉગ્ર આંદોલન કરીશું એવી ચીમકી ઉચ્ચારી હતી.■

### સૌરાષ્ટ્ર-કચ્છમાં શીતલહેરથી લોકો ઠૂંઠવાયા

# ઠંડીને કારણે વડોદરામાં શાળાનો સમય મોડો કરવા માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શિયાળો હવે બરાબર જામી રહ્યો છે. કચ્છમાં ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે. રાજ્યમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં ૭.૮ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે રાજકોટમાં ૯.૧ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાતાં લોકો ઠૂંઠવાયા હતા. અમદાવાદ, વડોદરા, ભાવનગર, સુરત સહિતનાં શહેરોમાં પણ કડકડતી ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. હવામાન વિભાગ દ્વારા રાજકોટ અને કચ્છમાં કોલ્ડવેવની આગાહી કરવામાં આવી હતી. આ બંને જિલ્લામાં તાપમાનનો પારો છેલ્લા બે દિવસથી ૧૦ ડિગ્રીની નીચે પહોંચી રહ્યો છે. રાજકોટ જિલ્લામાં ચાલુ સિઝનમાં સૌથી ઓછું ૯.૧ ડિગ્રી તાપમાન નોંધાતા લોકો દિવસે પણ ધ્રુજી ઉઠ્યા હતા.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર આગામી ૨૪ કલાક રાજકોટમાં કોલ્ડવેવનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત જિલ્લાઓમાં ઉત્તર દિશા તરફથી પવનો ફૂંકાતા હોવાથી ત્યાં ઠંડીનું પ્રમાણ વધુ નોંધાયું છે. ગુજરાત રાજ્યમાં હાલમાં આગામી પાંચ દિવસ વાતાવરણ સૂકું રહેવાની સાથે ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવનો મૂકાશે જેથી ઠંડીનું પ્રમાણ યથાવત રહેવાની શક્યતાઓ છે. આ ઉપરાંત મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત તથા દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ૫ થી ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. વડોદરા શહરમાં ફૂંકાયેલા ઠંડા પવનોના કારણે શહેરીજનો ઠૂંઠવાયા છે. જેને લઇને સ્કૂલોમાં જતાં વિદ્યાર્થિઓને પણ ખૂબ જ મુશ્કેલી પડી રહી છે. જેથી વાલીઓ દ્વારા પણ સ્કૂલોનો સમય એક કલાક મોડો કરવામાં આવે તેવી માગ કરાઈ હતી. ■

# ઠંડી વધતાં ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળ દ્વારા સ્કૂલનો સમય સવારે ૮ વાગ્યે કરવા રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શિયાળાની બરાબર જમાવટ થવા માંડી છે. છેલ્લા એક અઠવાડિયાથી ઠંડી સતત વધી રહી છે. ઠંડીના કારણે ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળ દ્વારા સ્કૂલનો સમય સવારે ૮ વાગ્યે કરવા માટે માંગ કરવામાં આવી હતી.

આ ઉપરાંત કેટલીક સ્કૂલો સરકારના આદેશ બાદ પણ ફરજિયાત સ્કૂલનું સ્વેટર પહેરવા દબાણ કરે છે જે અંગે પણ સરપ્રાઈઝ ચેકિંગ કરવા માગ કરી હતી.

રાજ્ય શાળા સંચાલક મંડળે સરકાર સમક્ષ રજૂઆત કરી હતી કે, શિયાળાની ઋતુમાં સવારના સમયે ઠંડીનું પ્રમાણ વધ્યું છે. પાછલા એક સપ્તાહથી ઠંડીનો ચમકારો વધ્યો છે, જેના કારણે શાળા સંચાલક મંડળ દ્વારા સ્કૂલોનો સમય સાડા સાત વાગ્યાની જગ્યાએ આઠ વાગ્યાનો કરવા માગ કરાઈ હતી. હાલ શાળાઓનો સમય સવારે ૭.૩૦ વાગ્યા સુધીનો હોય છે.

હાલના સમયમાં ઠંડીના કારણે ધુમ્મસનું વાતાવરણ પણ હોય છે. જેથી સવારના સમયે શાળાએ જતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓને મૂકવા આવતા વાલીઓને પણ સવારના સમયે વિઝિબિલિટી પર અસર જોવા મળે છે. એક અઠવાડિયા દરમિયાન ખાસ કચ્છ જિલ્લામાં ઠંડીનું પ્રમાણ ૧૦ ડિગ્રીથી નીચે નોંધાયું હતું, જ્યારે રાજ્યના અન્ય શહેરોમાં પણ ૧૦થી ૧૫ ડિગ્રી સેલ્સિયસ સુધી તાપમાન નોંધાયું હતું. આ પરિસ્થિતિમાં બાળકોએ સવારના સમયે ઠંડીમાં ઠુઠવાઈ જવાનો વારો આવતો હોય છે. જેથી શાળા સંચાલક મંડળ દ્વારા શાળાનો સમય સવારે ૮:૦૦ કલાકે કરવામાં આવે એવી માગ કરાઈ હતી.

બીજી તરફ યુથ કોંગ્રેસે અમદાવાદ શહેર ડીઈઓને રજૂઆત કરી હતી કે, શહેરની કેટલીક સ્કૂલો ફરજિયાત ચોક્કસ જગ્યાએથી જ સ્વેટર ખરીદવા દબાણ કરે છે. તમામ વાલીઓની આર્થિક સ્થિતિ સારી નથી હોતી જેથી આ અંગે સરપ્રાઈઝ ચેકીંગ કરવામાં આવે તો હકીકત જાણી શકાશે. ■

# સુરતમાં નાના ભાઈએ પતંગની દોરી નહીં આપતાં ૧૦ વર્ષના મોટા ભાઈએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તરાયણના પર્વને હજી એક મહિના જેટલો સમય બાકી રહ્યો છે. ત્યારે પતંગની દોરીથી ગળું કપાઈ જવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યાં છે. આ ઉપરાંત વાલીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો પણ બન્યો છે. સુરતના વરિયાવના કંટારા ગામમાં પતંગની દોરીની બોલાચાલીમાં ખોટું લાગી જતાં ૧૦ વર્ષના બાળકે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું, જ્યારે સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સુરતના વરિયાવના કંટારા ગામમાં આપઘાતનો બનાવ પ્રકાશમાં આવ્યો હતો.

એક શ્રમિક પરિવારમાં માતા-પિતા ખેતમજૂરીએ જતા ત્યારે બાળકો ઘરે એકલાં રહેતાં હતાં. બુધવારે ભલાભાઇ રાઠોડ પત્ની સાથે ખેતરમાં મજૂરીકામે જતા રહ્યા હતા.

આ દરમિયાન બાળકો ઘરે એકલાં હતાં અને પતંગ ઉડાવી રહ્યાં હતાં. ભલાભાઈના ૧૦ વર્ષીય પુત્ર કેતને નાનાભાઈ કિશુ પાસેથી પતંગની દોરી માગી હતી. જોકે નાના ભાઈએ દોરી આપવાની ના કહેતાં કેતનને ખોટું લાગી જતાં તે ઘરમાં જતો રહ્યો હતો. ત્યાર બાદ ઘરમાં તેણે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. નાની બહેન ઘરમાં ખાવા માટેનો ડબ્બો લેવા જતાં ભાઈને લટકતો જોતા તેણે બૂમાબૂમ કરી હતી, જેથી બાજુમાં રહેતી મહિલા દોડી આવી હતી અને ત્યાર બાદ માતા-પિતાને જાણ કરી હતી.

ત્યાર બાદ માતા-પિતા ખેતરેથી દોડી આવ્યાં હતાં. પાડોશી મહિલાએ બાળકને બચાવવાનો પ્રયાસ કર્યો હતો એ પહેલાં જ તેનું મોત નીપજ્યું હતું. ત્યાર બાદ બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સુરત સિવિલ હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. દસ વર્ષના દીકરાએ સામાન્ય બાબતમાં આપઘાત કરી જીવન ટૂંકાવી લેતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. ■

# અમદાવાદમાં પાળતુ શ્વાનનું રજિસ્ટ્રેશન કરાવી શ્વાનને રાખવાની જગ્યાનો પુરાવો આપવો પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઘરમાં પાળતુ શ્વાન રાખતા અનેક લોકોએ હવે અમદાવાદ મહાનગર પાલિકામાં શ્વાનનું રજિસ્ટ્રેશન કરાવવું પડશે. પાળતુ શ્વાનના માલિકોએ મહાનગર પાલિકાની વેબસાઈટ પર ૨૦૦ રૂપિયા ફી ભરીને આ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવું પડશે. જેમાં શ્વાનના ફોટો અને તેને રાખવાની જગ્યાના પુરાવાઓનો ફોટો પણ જોડવો પડશે.

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા ઘરમાં પાળતુ શ્વાન પાળતા શ્વાનના માલિકો જોગ એક જાહેરાત પ્રસિદ્ધ કરી હતી. જેમાં શ્વાનના માલિકોએ પોતાની પાસે રહેલા શ્વાનની વિગતો સાથે ૯૦ દિવસમાં પાલિકાની વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરવા આદેશ કર્યો હતો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને નોટિસ દ્વારા જણાવ્યું હતું કે, શહેરમાં રોડ પર રખડતા શ્વાન અંગેની ગણતરી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવતી હોય છે, પરંતુ જે નાગરિકો ઘરમાં શ્વાન પાળતા હોય એવા શ્વાનની ગણતરી કરવામાં નહોતી આવતી. જેથી મ્યુનિસિપલ કોર્પોરેશનના સીએનસીડી વિભાગે હવે આવા પેટ ડોગની રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરી છે.

શહેરમાં રાખવામાં આવતા પાળતું શ્વાનના માલિકો જોગ જાહેર નોટિસ આપી મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈન અને એનિમલ બર્થ કંટ્રોલ ડોગ્સ રૂલ્સ- ૨૦૨૩ તથા નેશનલ એકશન પ્લાન ફોર ડોગ મેડિયેટેડ રેબિસ ફ્રી અમદાવાદ સિટીની ગાઈડલાઈન અનુસાર શહેરમાં રાખવામાં આવતા પાળતું શ્વાનનું રજિસ્ટ્રેશન ૧ જાન્યુઆરી ૨૦૨૫થી ૯૦ દિવસ સુધીમાં કરાવવાનું રહેશે. ■

# ઊંઝા એપીએમસી ચૂંટણી માટે ભાજપે મેન્ડેટ જાહેર કર્યો

અમદાવાદઃ સત્તાધારી ભારતીય જનતા પાર્ટીએ ઊંઝા એપીએમસીની આગામી ચૂંટણી માટે ઉમેદવારો માટે મેન્ડેટ જાહેર કર્યો હતો. ભાજપે એશિયાના સૌથી મોટા માર્કેટિંગ યાર્ડની ચૂંટણી માટે તેના સત્તાવાર ઉમેદવારોની જાહેરાત કરી હતી. જેમાં ખેડૂત વર્ગની ૧૦ બેઠકો અને વેપારી વર્ગની ૪ બેઠકો પર ઉમેદવાર ઉતાર્યા છે. એપીએમસીના પૂર્વ અધ્યક્ષ દિનેશ પટેલનું જૂથ અને પૂર્વ ધારાસભ્ય નારાયણ પટેલના પૌત્ર સુપ્રીત પટેલ એવા નેતાઓમાં સામેલ છે જેમને ભાજપને જનાદેશ મળ્યો છે. ખેડૂત વર્ગમાં પોતાનું નામાંકન દાખલ કરનારા અરવિંદ પટેલ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. ■

# ઈડીની સુમાયા અને દેન્તસુ કંપનીનાં ૧૯ ઠેકાણે તપાસ: ૧૩૭ કરોડની છેતરપિંડી

મુંબઈ: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ઈડી) ૧૩૭ કરોડ રૂપિયાની નાણાકીય છેતરપિંડીમાં સંડોવાયેલી સુમાયા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને દેન્તસુ કોમ્યુનિકેશન્સ ઈન્ડિયા પ્રા. લિ.ની મુંબઈ અને દિલ્હી સહિત ગુડગાંવ ખાતે આવેલાં ૧૯ ઠેકાણે ૧૦મી ડિસેમ્બરથી તપાસ શરૂ કરી હતી. ગુરુવારે પાડવામાં આવેલા મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) ૨૦૦૨ના નિવારણ હેઠળ દરોડા પાડવામાં આવ્યા હતા, જેમાં ૪૬ લાખ રૂપિયાની રોકડ, ચાર લાખ રૂપિયાનું વિદેશી ચલણ અને ૩.૪ કરોડ રૂપિયાની કિંમતનું સોનું જપ્ત કરવામાં આવ્યું હોવાનું ઈડીએ ગુરુવારે બહાર પાડેલી યાદીમાં જણાવ્યું હતું. ઈડીએ પાડેલા દરોડા દરમિયાન તપાસ કાર્યવાહી દરમિયાન ડિજિટલ ઉપકરણ અને મિલકતનો વ્યવહાર કરવામાં આવ્યા હોવા સંબંધના દસ્તાવેજો પણ જપ્ત કર્યા હતા, જે કથિત રીતે નાણાંની હેરફેર અને નાણાકીય ઉચાપત કરવામાં આવી હોવાનું કહેવાય છે અને તેની તપાસ ચાલી રહી છે, એવું ઈડીએ જણાવ્યું હતું.

# ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન: ૧.૩૯ કરોડનો દંડ

*અલીબાગ:* રાયગડ જિલ્લામાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા લોકો પાસેથી પોલીસે ૧.૩૯ કરોડ રૂપિયાનો દંડ વસૂલ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે યોજાયેલી વિધાનસભાની ચૂંટણી અગાઉ લાગુ કરાયેલી આચારસંહિતા દરમિયાન આ દંડ વસૂલવામાં આવ્યો હતો. ટ્રાફિક પોલીસ દ્વારા કાર ચલાવતી વખતે સીટ બેલ્ટ ન બાંધવો, ટૂ-વ્હીલર હંકારતી વખતે હેલ્મેટનો ઉપયોગ ન કરવો, ટૂ-વ્હીલર પર ટ્રિપલ સીટ અને દારૂના નશામાં વાહન હંકારવું જેવા ટ્રાફિકના નિયમોના ઉલ્લંઘન માટે દંડના રૂપમાં ૧.૩૯ કરોડ રૂપિયા વસૂલવામાં આવ્યા હતા, એમ ટ્રાફિક બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર સોમનાથ લાંડેએ જણાવ્યું હતું.

# ધારાવીના રહેવાસીઓ માટે સ્ટ્રેસ મેનેજમેન્ટ વર્કશોપ



મુંબઈ: ધારાવી ડેવલપમેન્ટ પ્રોજેક્ટની પહેલ ધારાવી સોશિયલ મિશન હેઠળ મહારાષ્ટ્ર નેચર પાર્કમાં તણાવ વ્યવસ્થાપન કાર્યશાળા (સ્ટ્રેસ મેનેજમેન્ટના વર્કશોપ)નું આયોજન કરાયું હતું. આ કાર્યશાળામાં ધારાવીના અનેક લોકો, જેઓ પોતાના રોજિંદા જીવનના તણાવને યોગ્ય દિશામાં વાળીને તેને યોગ્ય રીતે ઘટાડવા માગે છે, તેમણે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

૩૦મી નવેમ્બરે યોજાયેલી આ કાર્યશાળામાં અનેક ધારાવીકરોને સ્ટ્રેસનું યોગ્ય રીતે સંચાલન કરીને સંતુલિત જીવન સ્થાપિત કરવાની રીત શીખવવામાં આવી હતી. ધારાવી સોશિયલ મિશન દ્વારા યોજાયેલા આ વર્કશોપમાં લોકોને સર્વસમાવેશક વિષયો પર નિષ્ણાતો સાથે સંવાદ દ્વારા સભાન મન સાથે કામ કરવાની ટેક્નિક શીખવવામાં આવી હતી.

વર્કશોપમાં ભાગ લેનારા અનેક લોકો માટે આ વર્કશોપ તેમના જીવનને બદલી નાખનારો સાબિત થયો છે. ઊંડા શ્વાસોચ્છ્વાસનો અભ્યાસ, સચેતન મનને જાગૃત કરનારી ટેક્નિક મને રોજિંદા જીવનમાં સહાયક બને છે, એમ ૪૫ વર્ષના સંગીતા મનોહર ખાડેએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, મેં તેની દરરોજ પ્રેક્ટિસ શરૂ કરી છે. તમે મારા ઉપર વિશ્વાસ કરો કે આ ટેક્નિક મને લાંબાગાળે મદદગાર બનશે.

ધારાવીકરો માટે મુસીબતો કંઈ નવી વાત નથી. મુંબઈની સૌથી ગીચ વસ્તીમાં રહેતા હોવાને કારણે તેમને આર્થિક અનિશ્ચિતતાથી માંડીને ભીડ તેમ જ જગ્યાના અભાવ જેવી સમસ્યાઓ હોય જ છે. તેના કારણે તણાવ અને દબાણ અહીંના લોકોના હંમેશાંના સાથી બની ગયા છે. તેનાથી આંખ આડા કાન કરવામાં આવે છે અને તે વણઉકેલાયા જ રહી જાય છે.

માનસિક તણાવ વિશે જાણકારી મેળવવી, તે ધારાવીકર માટે એક નવી વાત છે, જ્યાં ટકી રહેવાના સંઘર્ષથી માનસિક સ્વાસ્થ્ય પ્રભાવિત થતું હોય છે. કેટલાયે લોકો પહેલી જ વાર માનસિક તણાવને ઉકેલવાની ટેક્નિકો ઔપચારિક રીતે સમજવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, જેની ઊંડી અસર તેમના ઉપર તરત જ જોવા મળી હતી.

## પાંચમા પાનાનું ચાલુ

### નરેન્દ્ર મોદીએ

પ્રકારના તર્ક-વિતર્કો થવા લાગ્યા છે. આ તમામ ચર્ચાઓ પર ખુદ રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ખુલાસો કર્યો છે.

**દિલ્હીમાં સભા, મોદીનો ગુપ્ત મંત્ર!**

દેવેન્દ્ર ફડણવીસે રાજધાની દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરી હતી. આ પ્રસંગે તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના ટોચના નેતાઓ સાથેની તેમની મુલાકાતની વિગતો જણાવી હતી. એક પરંપરા છે કે જ્યારે આપણે મુખ્ય પ્રધાન તરીકે શપથ લઈએ, ત્યારે આપણે શિષ્ટાચાર મુજબ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, સ્પીકરને મળવું પડે છે. તે મુજબ હું તેમને મળ્યો હતો. મેં આજે સવારે વડાપ્રધાન સાથે લાંબી ચર્ચા કરી હતી. તેમના આશીર્વાદ પણ લીધા હતા. તે સમયે અમે મહારાષ્ટ્રને લઈને કેટલીક ચર્ચાઓ પણ કરી હતી. વડા પ્રધાને મને કહ્યું છે કે, દેશની અર્થવ્યવસ્થાની દૃષ્ટિએ મહારાષ્ટ્ર ખૂબ જ મહત્વપૂર્ણ રાજ્ય છે. આ સ્થિતિને ગતિશીલ રાખવી ખૂબ જ જરૂરી છે. તે સંદર્ભમાં, વડા પ્રધાન મહારાષ્ટ્રને સંપૂર્ણ સમર્થન આપવા તૈયાર છે,' એમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું.

'બુધવારે હું પાર્ટી અધ્યક્ષ જે. પી. નડ્ડા, ગૃહ પ્રધાન અમિત શાહ, નીતિન ગડકરી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને પાર્ટીના અન્ય અગ્રણી લોકોની શુભેચ્છા મુલાકાત લીધી હતી. દેવેન્દ્ર ફડણવીસે એવી પણ માહિતી આપી હતી કે તેમણે કેબિનેટ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

**ફડણવીસ-પવાર દિલ્હીમાં છે ત્યારે શિંદે કેમ નહીં?**

દરમિયાન જ્યારે દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર દિલ્હીમાં છે, ત્યારે એકનાથ શિંદે તેમની સાથે કેમ નથી? તેવી ચર્ચા શરૂ થઈ છે. દેવેન્દ્ર ફડણવીસે આ અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે, કૅબિનેટના વિસ્તરણમાં કોઈ તકલીફ નથી. અજિત પવાર પોતાના કામ માટે દિલ્હી આવ્યા છે. હું મારા કામ માટે આવ્યો છું. એકનાથ શિંદે તરત જ અહીં આવ્યા ન હતા કારણ કે તેમની પાસે કરવાનું કોઈ કામ નહોતું. તેથી તેઓ મુંબઈમાં છે અને અમે દિલ્હીમાં છીએ એવી ચર્ચાનો કોઈ અર્થ નથી. અજિત પવાર અને હું ગઈકાલથી દિલ્હીમાં હોવા છતાં એકબીજાને મળ્યા નથી. હું મારા પક્ષના નેતાઓને મળવા આવ્યો છું,' એમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું. અમારું સંસદીય બોર્ડ, નેતાઓ નક્કી કરશે કે અમારી પાર્ટીના પ્રધાનો કોણ હશે. ચંદ્રશેખર બાવનકુળે અને હું બુધવારે અમારા નેતાઓને મળ્યા હતા. પ્રધાનપદાં પર પણ ચર્ચા થઈ છે. અમે દરેક વિભાગમાંથી પ્રધાનપદના ઉમેદવારો કોણ હોઈ શકે, કોને બનાવી શકાય તેની યાદી તૈયાર કરી છે. હવે ઉચ્ચ સ્તરે તેઓ નિર્ણય લેશે અને અમને જાણ કરશે. પ્રધાનપદની ફાળવણીની ફોર્મ્યુલા નક્કી કરવામાં આવી છે. તમને ટૂંક સમયમાં બધી ખબર પડી જશે,' એમ ફડણવીસે સૂચક નિવેદન આપ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે એકનાથ શિંદેએ નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લેતી વખતે ગૃહ ખાતા પર ભાર મૂક્યો હતો. હજુ પણ એવી દલીલ કરવામાં આવી રહી છે કે શિંદે જૂથ ગૃહ ખાતા માટે આગ્રહ કરી રહ્યું છે. આ પૃષ્ઠભૂમિની સામે, ગૃહ ખાતું કોની પાસે જશે? એવા સવાલ પર દેવેન્દ્ર ફડણવીસે વાત કરવાનું ટાળ્યું હતું અને જ્યારે પત્રકારોએ આ વિશે પૂછ્યું, 'અરે, બાબા, થોડી રાહ જુઓ, આટલી ઉતાવળ કેમ કરો છો?' બધું સ્પષ્ટ થઈ જશે એમ તેમણે કહ્યું હતું.

### ફડણવીસની દિલ્હી મુલાકાતમાં ૭ નેતાઓ, ૫ મૂર્તિઓ!

દેવેન્દ્ર ફડણવીસે મુખ્ય પ્રધાન બન્યા બાદ બે દિવસની દિલ્હીની પહેલી મુલાકાત પર આવ્યા છે. તેઓ ઘણા નેતાઓને મળ્યા હતા. સદ્ભાવના મુલાકાતમાં પણ દેવેન્દ્ર ફડણવીસે દિલ્હીમાં મહારાષ્ટ્રીયન સંસ્કૃતિનું અનોખું દર્શન કરાવ્યું છે. દેવેન્દ્ર ફડણવીસ દિલ્હીમાં કુલ ૭ નેતાઓને મળ્યા છે. જેમાં પાંચ અલગ-અલગ મૂર્તિઓ આપીને મહારાષ્ટ્રની સંસ્કૃતિને રજૂ કરવામાં આવી હતી. દેવેન્દ્ર ફડણવીસે રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિને વિઠ્ઠલ-રુક્મણીની મૂર્તિઓ અર્પણ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને છત્રપતિ શિવાજીની મૂર્તિ આપવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને સ્વાતંત્ર્ય સેનાની વિનાયક દામોદર સાવરકરની પ્રતિમા ભેટમાં આપવામાં આવી છે. ભાજપ પ્રમુખ જે.પી. નડ્ડાને ગાય-વાછરડાની મૂર્તિ જ્યારે કેન્દ્રીય પ્રધાન રાજનાથ સિંહ અને નીતિન ગડકરીને સિદ્ધિવિનાયકની મૂર્તિઓ ભેટમાં આપવામાં આવી છે.

### પવાર-બૉમ્બ

થશે. અજિત પવાર આજે શરદ પવારને તેમના જન્મદિવસ નિમિત્તે મળ્યા હતા અને તેમને શુભેચ્છા આપી હતી, પરંતુ છેલ્લા કેટલાક મહિનામાં અને રાજ્યમાં યોજાયેલી બે ચૂંટણીમાં બંને વચ્ચે થયેલા કલુષિત વાતાવરણ બાદ હવે આ અચાનક થયેલી મુલાકાતે અનેક ચર્ચાઓ શરૂ કરી છે. આ મુલાકાત માત્ર જન્મદિવસ માટે હતી કે પછી તેની પાછળ અન્ય કોઈ કારણ હતું તેવી ચર્ચાઓ પણ રાજકીય વર્તુળોમાં શરૂ થઈ છે. દરમિયાન શરદ પવારને મળ્યા બાદ હવે અજિત પવાર અમિત શાહને મળવા ગયા છે, આજે મોટા પાયે થયેલી મીટિંગના કારણે તમામનું ધ્યાન રાજકીય બાબતો તરફ ગયું છે. શરદ પવારના જન્મદિવસ નિમિત્તે આજે રાજ્યસભામાં સ્મૃતિસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યસભાના સ્પીકર જગદીપ ધનખડે શરદ પવારને અભિનંદન પાઠવ્યા અને તેમની કારકિર્દીની પ્રશંસા કરી. આ પહેલા અજિત પવાર શરદ પવારને તેમના દિલ્હી ખાતેના નિવાસસ્થાને મળ્યા હતા. આ પછી અજિત પવાર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળવા સંસદ પહોંચ્યા હતા. સુનેત્રા પવાર, સુનીલ તટકરે પણ તેમની સાથે છે. આ તમામ ઘટનાક્રમની પૃષ્ઠભૂમિમાં આજે દિલ્હીમાં શું થશે તેના પર મહારાષ્ટ્રના રાજકીય વર્તુળનું ધ્યાન ગયું છે.

### ટીપુ સુલતાનની

આપવા માટે નિર્દેશ કરવામાં આવતી અરજી કરવામાં આવી છે.

અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે પોલીસે રેલી માટે પરવાનગી આપવાનો ઈનકાર કરી દીધો હતો. અરજદારને જાહેર સ્થળમાં નહીં, ખાનગી સ્થળે ઊજવવા માટે જણાવવામાં આવ્યું હતું. પોલીસે એવો દાવો કર્યો હતો કે આવી રેલીઓ કાયદો અને વ્યવસ્થાની સમસ્યા ઊભી કરશે.

બેન્ચે કહ્યું હતું કે શું આવા કાર્યક્રમો માટે રેલી યોજવા પર પ્રતિબંધ છે. અમે સમજીએ છીએ કે કાયદો અને વ્યવસ્થાને ટાંકીને કોઇ ચોક્કસ વિસ્તારમાં રેલીને પરવાનગી આપી ન શકાય, પણ તમે અરજીકર્તાને માર્ગ બદલવા માટે પણ કહી શકો છો, એવું કોર્ટે જણાવ્યું હતું. (એજન્સી)

### મૂળ ઉદ્દેશ તો

શરદ પવારની વ્યક્તિગત ટીકા કરવાનું ટાળ્યું હતું. જે બાદ અજિત પવાર તમામ વિવાદો ભૂલીને શરદ પવારને જન્મદિવસની શુભેચ્છા આપવા માટે દિલ્હીમાં તેમના નિવાસસ્થાને પણ ગયા હતા. છેલ્લા કેટલાક દિવસોથી એવી ચર્ચા ચાલી રહી છે કે શરદ પવારના જૂથના સાંસદો અજિત દાદાના જૂથમાં જોડાઈ જશે અને મહાયુતિનો હિસ્સો બની જશે. આ પૃષ્ઠભૂમિમાં અજિત પવાર અને શરદ પવારની આ મુલાકાતનું મહત્વ વધી જાય છે.

મારા માટે બધા દરવાજા ખુલ્લા, અજિત પવારનો સંદેશ?

અજિત પવાર મહાયુતિમાં સાથે આવ્યા પછી પણ, તેમણે હંમેશા તેમના જૂથના નેતા શરદ પવાર માટે આદરપૂર્વક વાત કરી છે. ગુરુવારે દિલ્હીમાં થયેલી બેઠક શરદ પવાર અને અજિત પવાર વચ્ચે વધુ સારા રાજકીય અને પારિવારિક સંબંધોનો સંકેત માનવામાં આવે છે. તે માત્ર એક શુભેચ્છા ભેટ પણ હોઈ શકે છે. જોકે તેની પાછળ કોઈ અલગ કારણ હોઈ શકે છે. અજિત પવારની આ બીજી દિલ્હી મુલાકાત છે. ગયા વખતે તેઓ આવ્યા ત્યારે ભાજપના ઉચ્ચ નેતાઓને મળવા માગતા હતા, પરંતુ અજિત પવારને ભાજપના કોઈ નેતાની મુલાકાત મળી ન હતી. તો ભાજપને રાજકીય સંદેશ આપવા માટે અજિત પવાર શરદ પવારને મળવા ગયા હશે એવું માનવામાં આવે છે. બુધવારે અજિત પવાર દિલ્હી પહોંચ્યા હતા અને ગુરુવારે તેઓ શરદ પવારને મળ્યા હતા.

અજિત પવાર એવો સંદેશ આપવાનો પ્રયાસ કરી રહ્યા હશે કે મારા માટે તમામ દરવાજા ખુલ્લા છે. હાલમાં મહારાષ્ટ્રમાં મહાયુતિની કેબિનેટ અને ખાતાઓની ફાળવણીને લઈને મડાગાંઠ સર્જાઈ છે. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની નારાજગીની સતત ચર્ચા થઈ રહી છે. ભાજપના નેતાઓ તેમની નારાજગી દૂર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેથી એકનાથ શિંદેની ખૂબ ચર્ચા થઈ રહી છે. આ બધામાં અજિત પવારની એનસીપીને બહુ મહત્ત્વ મળતું હોય એવું લાગતું નથી. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને અજિત પવારે શરદ પવારને મળીને ભાજપ નેતૃત્વને આડકતરી રીતે બતાવવાનો પ્રયાસ કર્યો હશે કે અમારી પાસે ઘણા વિકલ્પો છે, એવું મોટા ભાગના રાજકીય વિશ્લેષકોનું માનવું છે.

### જો અજિત પવારને

પણ છે. કેબિનેટનું વિસ્તરણ ૧૪ ડિસેમ્બર સુધીમાં થવાની સંભાવના છે, એમ ભાજપના એક વરિષ્ઠ નેતાએ બુધવારે જણાવ્યું હતું. ભાજપને મુખ્ય પ્રધાનપદ સહિત ૨૧થી ૨૨ પ્રધાનપદો મળવાની આશા છે, નેતાએ જણાવ્યું હતું કે ચારથી પાંચ પ્રધાનપદ ખાલી રાખવામાં આવી શકે છે. મહારાષ્ટ્ર કેબિનેટમાં મુખ્ય પ્રધાન સહિત વધુમાં વધુ ૪૩ મંત્રીઓ હોઈ શકે છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે તેમની કેબિનેટમાં ભાજપના સંભવિત પ્રધાનોના નામ શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે અને અંતિમ નિર્ણય પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ દ્વારા લેવામાં આવશે. યોગાનુયોગ, અજિત પવાર પણ રાષ્ટ્રીય રાજધાનીમાં છે. ફડણવીસે કહ્યું હતું કે, તેઓ અને પવાર પોતપોતાની બેઠકો માટે દિલ્હી આવ્યા છે.

### શું અજિત પવાર-શરદ પવાર સાથે આવશે? શિવસેના નેતાનો મોટો દાવો

એનસીપી પાર્ટીમાં ઊભી ફાટ પડ્યા પછી આ વર્ષની લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં અજિત પવાર વિરુદ્ધ શરદ પવારનો સંઘર્ષ જોવા મળ્યો હતો. લોકસભાની ચૂંટણીમાં શરદ પવારની આગેવાની હેઠળની પાર્ટીનો સારો દેખાવ જોવા મળ્યો હતો, જ્યારે અજિત પવારની પાર્ટીએ વિધાનસભા ચૂંટણીમાં સારો દેખાવ કર્યો હતો. દરમિયાન વિધાનસભાની ચૂંટણીના પરિણામો બાદ અજિત પવાર અને શરદ પવાર ગુરુવારે પ્રથમ વખત મળ્યા હતા. આ બેઠક બાદ રાજકીય વર્તુળોમાં વિવિધ તર્ક-વિતર્કો ચાલી રહ્યા છે. દરમિયાન, શિવસેના (એકનાથ શિંદે) પાર્ટીના નેતા સંજય શિરસાટે આ બંને નેતાઓના એકસાથે આવવાને લઈને મોટું નિવેદન આપ્યું છે. રાજકીય વર્તુળોમાં અજિત પવાર અને શરદ પવાર ભવિષ્યમાં એકસાથે આવી શકે છે તેવી ચર્ચા વિશે પૂછવામાં આવતાં સંજય શિરસાટે કહ્યું, તે શરદ પવાર છે. શરદ પવારનો સ્વભાવ એવો રહ્યો છે કે તેમણે ક્યારેય પોતાની જાતને એક પક્ષ સાથે જોડી નથી. 'લોકો કહે છે, પરંતુ એવું પણ બની શકે છે કે બંને ભવિષ્યમાં સાથે આવી જાય. છેલ્લા એક મહિનાથી શરદ પવાર અને સુપ્રિયા સુળે પર નજર કરીએ તો લાગે છે કે તેમની વચ્ચે ચર્ચા ચાલી રહી છે. તેથી એવું લાગી રહ્યું છે કે ભવિષ્યમાં તમામ નેતાઓ એક સાથે આવશે અને તેમણે સાથે આવવું પણ જોઈએ. સુપ્રિયા સુળે અને અજિત પવાર ગમે તે હોય તો શરદ પવારના વારસદાર છે. જો તેમને સાથે લાવવામાં આવશે, તો રાજકારણમાં ફરીથી વિવિધ સમીકરણો શરૂ થશે, એમ શિરસાટે કહ્યું હતું.

### ડેપ્યુટી સીએમપદે

પ્રસિદ્ધિ મળ્યા એટલે કદાચ તેમને મુખ્ય પ્રધાન બન્યા ત્યારે પણ નહોતા મળ્યા એમ તેમણે જણાવ્યું હતું.

એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં સીએમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે 'અમે શિવસેના સાથે સરકાર બનાવી ત્યારે મારા પક્ષએ કહ્યું કે આપણો પક્ષ સૌથી વધુ સંખ્યાબળ ધરાવે છે અને જો આપણ પક્ષના નેતા સરકારમાં નહીં હોય તો ન તો સરકાર યોગ્ય રીતે ચાલશે અને ન તો પક્ષ યોગ્ય રીતે ચાલશે. મને ડેપ્યુટી સીએમ બનવા કહેવામાં આવ્યું. બે ઘડી મારું મન પણ ચકરાવે ચડી ગયું, પણ પક્ષના નિર્ણયને સ્વીકારી નાયબ મુખ્ય પ્રધાન બન્યો. આજે વિચાર કરતા મને લાગે છે કે એ નિર્ણય એકદમ યોગ્ય હતો.'

દેવેન્દ્ર ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે 'નાયબ મુખ્ય પ્રધાન બનવાથી જે નામ અને ખ્યાતિ મળ્યા તે કદાચ સીએમ બનવાથી ન મળ્યા હોત. ડેપ્યુટી સીએમ તરીકે સરકાર ચલાવ્યા બાદ મારી ખૂબ પ્રશંસા થઈ. છેલ્લા અઢી વર્ષમાં સરકારમાં રહી ઘણા મહત્વના ફેરફાર કરી શક્યો.'

ફડણવીસે એવો પણ ખુલાસો કર્યો હતો કે એકનાથ શિંદેની સરકારમાં મેં બહારથી કામ કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી, કારણ કે હું સીએમ રહી ચૂક્યો હતો, પરંતુ પીએમ મોદી અને મારા પક્ષના અગ્રણી નેતાઓએ મને કહ્યું હતું કે તમે ડેપ્યુટી સીએમ બની કંટ્રોલ કરી શકશો. મેં પક્ષનો નિર્ણય સ્વીકાર્યો જે યોગ્ય હતો.

### કર્ણાક બ્રિજ

ત્યાં રહેલા અતિક્રમણને કારણે કર્ણાક બંદર બ્રિજને તોડી પાડીને નવેસરથી બાંધવાનું કામ અટવાઈ ગયું હતું. કર્ણાક બંદર બ્રિજમાં પહેલા ગર્ડરને લોન્ચ કરવાથી લઈને લગભગ ૮૦ ટકા કામ થઈ ગયું છે અને હવે નવા વર્ષમાં જાન્યુઆરીમાં જો રેલવે બ્લોક આપે છે તો બીજા ગર્ડરને લોન્ચ કરવાનું કામ હાથ ધરવામાં આવશે.

એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે જણાવ્યું હતું કે કર્ણાક પુલના બીજા બાજુના લોખંડના ગર્ડરના ૪૨૮ મેટ્રિક ટનના લગભગ ૮૩ છૂટા ભાગ પ્રોજેક્ટ સ્થળે દાખલ થયા છે. તો બાકીના છૂટા ભાગ ૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી પ્રોજેક્ટ સ્થળે દાખલ થશે. ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી ગર્ડરના છૂટાભાગને જોડીને ૧૪ જાન્યુઆરી, ૨૦૨૫ના ટ્રાયલ રન લેવામાં આવશે અને ૧૮ અને ૧૯ જાન્યુઆરી, ૨૦૨૫માં રેલવે બ્લોક મળે તે માટે રેલવે પ્રશાસનને વિનંતી કરવામાં આવી છે. વધુ માહિતી આપતા અભિજિત બાંગરે જણાવ્યું હતું કે રેલવે લાઈન પર ગર્ડર બેસાડવાનું કામ પૂરું થયા બાદ આગળના કામનું આયોજન કરીને તબક્કાવાર કેટલો સમય લાગશે તે નક્કી કરવામાં આવશે.

હાલ ગર્ડરના છૂટાભાગને જોડવાનુ, ગર્ડરને બેસાડવાનું, પૂર્વ અને પશ્ચિમ દિશામાં એપ્રોચ રોડ બાંધવાનું કામનું પ્લાનિંગ ચાલી રહ્યું છે. એપ્રોચ રોડ માટે પાઈલ ફાઉન્ડેશનના પહેલા તબક્કાનું કામ ૧૫ માર્ચ, ૨૦૨૫ સુધી પૂરું કરવાનુ અને ૧૭ એપ્રિલ, ૨૦૨૫ સુધી થાંભલા ઊભા કરવાનું અને ૩ મે, ૨૦૨૫ સુધી એપ્રોચ રોડનું કૉંક્રીટકરણ તેમ જ પહેલી જૂન, ૨૦૨૫ના લોડ ટેસ્ટ કરવાનું આયોજન છે. જો આ તમામ કામ ટાઈમટેબલ મુજબ થયા તો પાંચ જૂન, ૨૦૨૫ સુધી કર્ણાક પૂલને ટ્રાફિક માટે ખુલ્લો મૂકવાનું આયોજન છે. જોકે તે માટે ૧૮ અને ૧૯ જાન્યુઆરી, ૨૦૨૫ના રેલવેએ બ્લોક મંજૂર કરવો આવશ્યક છે.

### આવતી કાલે

થશે તે બાબતે અજિત પવારે મહત્વની જાહેરાત કરી છે.

અમિત શાહ સાથે શેરડીના મુદ્દે ચર્ચા કરી. અમે શેરડીના ભાવ વધારવા વિનંતી કરી હતી. અજિત પવારે એવી માહિતી આપી હતી કે, અમિત શાહે કહ્યું છે કે તેઓ જાન્યુઆરી સુધીમાં આ મુદ્દે નિર્ણય લેશે. કેબિનેટ વિસ્તરણને લઈને અમિત શાહ સાથે કોઈ ચર્ચા થઈ હતી? એવો સવાલ જ્યારે અજિત પવારને પૂછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું હતું કે કેબિનેટનું વિસ્તરણ ૧૪મીએ થશે. એનસીપી અજિત પવાર જૂથને કેટલા મંત્રી પદ મળશે? તેના પર બધાનું ધ્યાન લાગેલું છે. વાસ્તવમાં અત્યાર સુધી કેબિનેટની ફોર્મ્યુલા ફાઈનલ થઈ ન હોવાથી વિસ્તરણ અટકેલું હોવાનું માનવામાં આવે છે. એકનાથ શિંદે ગૃહ મંત્રાલયને લઈને મમતે ચડ્યા છે, જ્યારે અજિત પવાર નાણાં ખાતું પોતાની પાસે સાચવી રાખવા માગે છે.

અહીં ઉલ્લેખનીય છે કે ફડણવીસ અને અજિત પવાર એકસાથે દિલ્હીમાં હોવા છતાં બધા જ નેતાને અલગ અલગ મળી રહ્યા છે. ફડણવીસ બુધવારે રાતે અમિત શાહને મળ્યા હતા, જ્યારે અજિત પવાર ગુરુવારે મળ્યા હતા. અમિત શાહને મળ્યા પહેલાં અજિત પવારે કાકા શરદ પવારની લીધેલી મુલાકાતને પણ બાર્ગેનિંગમાં કાકાની મદદ લેવાની દૃષ્ટિએ જોવામાં આવી રહી છે.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બિલખા નિવાસી સ્વ. શિવલાલભાઈ કાનજીભાઈ લાઠિયાના સુપુત્ર વિનોદરાય શિવલાલભાઈ લાઠિયા (ઉં.વ. ૭૩) તે વિશાલ તથા હીનાબેન પ્રતીકભાઈ મહેતાના પિતાશ્રી. રીનાબેનના સસરા. ભરતભાઈ, ભાસ્કરભાઈ, મનીષભાઈ, વર્ષાબેન પ્રદીપભાઈ દેસાઈના મોટાભાઈ. સ્વ. છોટાલાલ અંદરજી હીરાણી - મેંદરડાનાં જમાઈ તા. ૧૧-૧૨-૨૪, બુધવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૪-૧૨-૨૪ના ૧૦થી ૧૨ બિલખા મુકામે રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ વિલેપાર્લે વિજયભાઈ કિરચંદ પારેખના ધર્મપત્ની અ.સૌ. પુષ્પાબેન વિજયભાઈ પારેખ (ઉં.વ. ૭૯) સોમવાર, તા. ૯-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તેઓ કલ્પેન, વિરલ, જૈનાના માતુશ્રી. તોરલ, પ્રીતિ, ગૌતમભાઈના સાસુ. વિહાન, આધ્યા, મેધના દાદી. દિયા, રિવાના નાની. પિયર પક્ષે સ્વ. કાંતિલાલ મગનલાલ તલસાણિયાના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સ્થળ: ૬૦૨, સિદ્ધાચલ, હનુમાન રોડ, વિલેપાર્લે (ઈસ્ટ).

**પોરવાળ જૈન**

જૂના ડિસા નિવાસી હાલ બોરીવલી બાબુલાલ પોપટલાલ કાંટી (ઉં. વ. ૮૫) ૧૧/૧૨/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શારદાબેનના પતિ. શૈલેષ, શરદ, હિતેશ, સંજય, નિકેશ, વિમલના પિતા. ગુણી, પીના, શ્રેયા, રેખા, મનીષા, નિકેતાના સસરા. મફતલાલ મોહનલાલ શેઠના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

બોર્ડિપીપરડી નિવાસી હાલ કાંદિવલી નવીનચંદ્ર લક્ષ્મીચંદ ગોસલીયા (ઉં. વ. ૮૬) તે સ્વ.ચંચળબેન રતિલાલ શાહના જમાઈ. સ્વ. હીરાબેન હરિભાઈ દોશી, સ્વ.પ્રજ્ઞાબેન રસિકલાલ ડગલીના બનેવી. મંજુલાબેનના પતિ. ભાવેશ તથા રૂપલના પિતા. તૃપ્તિ તથા ભાવેશકુમાર ચિતલીયાના સસરા. સ્વ. તારાબાઈ, સ્વ.દિલીપભાઈ, અશ્વિનભાઇ, હેમલતાના ભાઈ. ૧૦/૧૨/૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થા દશા શ્રીમાળી જૈન**

મૂળી નિવાસી હાલ મલાડ સ્વ.વિનોદચંદ્ર ભાઇલાલભાઈ શાહના ધર્મપત્ની ચંદ્રિકાબેન (ઉં. વ. ૭૭) તે ૧૧/૧૨/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે તેજસ તથા રાજસના માતુશ્રી. જીજ્ઞા તથા પૂજાના સાસુ. ચાવડા નિવાસી સ્વ. પ્રભાબેન મલુકચંદ મહેતાના દીકરી. સ્વ. નલિનકાંત, સ્વ.જીતેન્દ્રભાઈ, પદમાબેન પ્રવિણચંદ્ર દેસાઈના બહેન. બંને પક્ષ તરફથી લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

બાડાના કલ્યાણજી દામજી સાવલા (ઉં. વ. ૬૮) ૧૧-૧૨-૨૪ના અવસાન પામેલ છે. આસુ રવજીના પૌત્ર. ગંગાબાઈના સુપુત્ર. જયશ્રીના પતિ. અક્ષય, પ્રિયંકાના પિતા. પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા., પ.પૂ.સા.શ્રી હર્ષપૂર્ણાશ્રી મ.સા., પ.પૂ.સા.શ્રી તીર્થગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી હેતગુણાશ્રીજી મ.સા., મહેન્દ્ર, ભાનુના ભાઈ. બિદડા હીરાવતી હીરજીના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ હોલ, દાદર. ટા. ૨ થી ૩.૩૦. નિ.કલ્યાણજી સાવલા. ૧૦૪, આકાશ દિપ, જૈન મંદિર રોડ, વિરાર (વે), ૪૦૧૩૦૩.

ટોડાના વિમળાબેન (વેલબાઇ) કાનજી ગાલા (ઉં. વ. ૮૪) તા. ૧૧-૧૨-૨૪ના અવસાન પામ્યા છે. મેઘબાઇ વીરજી ગાલાના પુત્રવધૂ. સ્વ. ચેતના, નિલેશના માતુશ્રી. વાંકી વેજબાઇ ગાંગજી રતનશીના પુત્રી. જયંતી, પોપટ, મણીલાલ, પત્રી લક્ષ્મી ગુલાબચંદ, બગડા દમયંતી પ્રેમજી, ડેપા પ્રભા દિનેશ, મુંબઇ મીના રમેશ, નાંગલપુર વનિતા યોગેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કાનજી વીરજી, ૧૦, નવ મિલન સોસાયટી, પેન્ડસે નગર રોડ નં. ૧, ડોંબીવલી (ઇ).

ભોરારાના રતનબેન લાલજી સાવલા (ઉં. વ. ૯૨) તા. ૧૧-૧૨-૨૪ના અવસાન પામેલ છે. દેમુબેન વેલજીના પુત્રવધૂ. સ્વ. લાલજીના ધર્મપત્ની. લક્ષ્મીચંદ, સ્વ. ભાવનાના માતુશ્રી. ગુંદાલા ગંગાબેન માલશી રાંભિયાની દીકરી. લાલજી, વીરજી, દેવકાબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. લક્ષ્મીચંદ સાવલા, બી/૨૦૪, શુભ શાંતિ કોમ્પ્લેક્સ, એમ. જી. રોડ, કાંદિવલી (વે.).

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## હિન્દુ મરણ

**વાટલિયા પ્રજાપતિ**

ગામ ખાંભા હાલ મુંબઈ (મલાડ-વેસ્ટ) નિવાસી બાલુભાઈ પુરુષોતમભાઈ પીપલિયા તથા પાર્વતીબેન બાલુભાઈ પીપલિયાના પુત્ર જયસુખ પીપલિયા (ઉં.વ. ૪૩) તા. ૪-૧૨-૨૪ના બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સુનિતાબેન પીપલિયાના પતિ. હિયા, શૈવીના પિતા. એ-૧, કલ્યાણ એપાર્ટમેન્ટ, માર્વે રોડ, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની સામે, મલાડ (વેસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

ડૉ. સુરેશભાઈ ધીરજલાલ મહેતાલિયા (ઉં.વ. ૮૬) ગઢાળી નિવાસી હાલ દાદર તે સ્વ. નીલમબેનના પતિ. ડૉ. સૌમિલ તથા સુરીલના પિતાશ્રી. કાનન તથા શ્રુતિના સસરા. તે પ્રાંજય તથા અરણવના દાદા. તે ચંદ્રકાંતભાઈ, બળવંતભાઈ, શરદભાઈ, ઈંદુબેન હિંમતલાલ ખેતાણી, રંજનબેન અનંતરાય શેઠ, સુરભીબેન જયેન્દ્ર ગાંધીના ભાઈ. શ્વસુર પક્ષ અમૃતલાલ વિરચંદ જસાણીના જમાઈ અક્ષરવાસ તા. ૧૦-૧૨-૨૪ના થયેલ છે. પ્રાર્થનાસભા યોગી સભાગૃહ (દાદર સે. રેલવે સામે) તા. ૧૪-૧૨-૨૪, શનિવારે ૧૦.૩૦થી ૧૨.૦૦.

**હાલાઈ લોહાણા**

ગામ માંગરોળ હાલ મલાડ સ્વ. જસવંતલાલ હરજીવનદાસ તન્નાના ધર્મપત્ની ગં.સ્વ. પ્રવિણાબેન (ઉં.વ. ૭૫) તે અશ્વિનભાઈ, ચેતનાબેન ચંદ્રાકાંત સુબા, ગીતાબેન ધર્મેન્દ્રકુમાર પોપટ, માલાબેન જીતેશકુમાર હીંડોચા, હંસાબેન શૈલેષકુમાર સાદરાણીના માતુશ્રી. ભાવનાબેનના સાસુ. સ્વ. કંચનબેન ત્રિભુવનદાસ રૂઘાણીના દીકરી. મહેન્દ્રભાઈ, સ્વ. પ્રદીપભાઈ, ભારતીબેન, જયશ્રીબેન, કવિતાબેનના મોટાબેન. દર્શિત, વિધિના દાદી બુધવાર, તા. ૧૧-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૩-૧૨-૨૪ના ૪થી ૬. લક્ષ્મીનારાયણ મંદિર હોલ, કાઠિયાવાડી ચોક, મલાડ (ઈસ્ટ).

**કચ્છી લોહાણા**

ગામ તેરા હાલ નેરુલ નિવાસી ગં.સ્વ. સરોજબેન મહેન્દ્રભાઈ લાલાઈ (ઉં.વ. ૮૨) પુત્રવધૂ સ્વ. લક્ષ્મીબેન હરીરામ લાલાઈ. સુપુત્રી સ્વ. લક્ષ્મીબેન નારાણજી ઠક્કર (ગણાત્રા). અજય અને ધીરેનના માતુશ્રી. રૂપા અને અનિતાના સાસુ તથા ભાર્ગવ અને કેવિનના દાદી તા. ૧૦-૧૨-૨૪, મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ભાટીયા**

કુમારી નિર્મલા (જ્યોતિ) ધરમશી આશર (ઉં. વ. ૭૬) સ્વ. મધુવંતી ધરમશી આશર ભદ્રેશ્વરવાલાનાં દીકરી, લતા પ્રદીપ સંપટ, ચેતના આશર, નીતા આશર, યામિની આશર, સ્વ.ભારતી આશર, સ્વ. કુસુમ આશર, સ્વ. નીતિન આશરનાં બહેન, મણી કલ્યાણજી આશરનાં પૌત્રી અને સંતોક મેઘજી અંજારવાળાનાં દોહિત્રી, તા. ૧૦-૧૨-૨૦૨૪, મંગળવારના શ્રીજી ચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી અને લૌકીક વ્યવહાર બંધ છે.

**કપોળ**

દેલવાડાવાળા સ્વ. કાંતિલાલ મગનલાલ મહેતા હાલ કાંદિવલી (ઉં.વ. ૮૯) તા. ૧૧-૧૨-૨૪ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ચંદ્રકાંતભાઈ, જીતુભાઈ, મહેન્દ્રભાઈ, સ્વ. મંજુબેન, સ્વ. ગુલાબબેન, સ્વ. નીમુબેન તથા દમુબેનના ભાઈ. બિના, હેમા, ફાલ્ગુની, સ્વ. હિતેનના પિતાશ્રી. દીપક મોદી, દિલીપ સંઘવી, અશ્વિન મહેતાના સસરા. સ્વ. નવિનચંદ્ર શંભુલાલ શાહના જમાઈ. મિતેશ, દિપાલી, જીનલ, રિયા, મનનના નાના. સર્વ પક્ષે પ્રાર્થનાસભા તા. ૧૪-૧૨-૨૪ને શનિવારે ૫થી ૭ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, મોટો ઉપાશ્રય, પારેખ લેન કોર્નર, ૫મા માળે, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**મચ્છુકઠિયા સઈ સુથાર**

મૂળ ગામ ગણોદ હાલ વસઈ સ્વ. પ્રવિણભાઈ ગોવિંદજી ધામેચા (ઉં.વ. ૬૯) બુધવાર, તા. ૧૧-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે જ્યોત્સનાબેનના પતિ. રિતેષ, જીનલના પિતાશ્રી. સ્વ. આરતી તથા ગૌરવ રાઠોડના સસરા. સ્વ. શાંતિલાલ ગોવિંદજી ધામેચા, રસીલાબેન રસિકલાલ ગોહેલ, સ્વ. વિમળાબેન કાંતિલાલ વાઘેલાના નાના ભાઈ તથા કલ્પના, હર્ષદ, ધર્મિષ્ઠા, અતુલ, અંજુના કાકા સાદડી તા. ૧૩-૧૨-૨૪ના ૩થી ૫. ઠે: મારુ આરાધના ભવન, ૧લે માળે, તુલીંજ - ટાંકી રોડ સિગ્નલ, રામદેવ ઝેરોક્ષની સામે, નાલાસોપારા (પૂર્વ).

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

મૂળ ગામ માંડવી (કચ્છ) હાલે ઘાટકોપર સ્વ.અમરસિંહ જેઠાલાલ વર્માના ધર્મપત્ની ગં.સ્વ.વિજયાબેન (ઉં. વ. ૮૬) તે વિપુલ તથા દીપ્તિ જયંતભાઈ જાજલના માતૃશ્રી. હેતલના સાસુ. સ્વ. દેવકુંવરબેન જેઠાલાલ લીયાની સુપુત્રી. સ્વ. વસંતભાઈ, સુરેશ, સ્વ.હરીશ, રમેશ, સ્વ. ક્રિષ્ના કિશોરભાઈ ઘેલા, સાવિત્રી પુષ્પકાંત મામતોરા, પ્રવિણા યોગેન્દ્રભાઈ નિર્મળના બેન તા.૧૦-૧૨-૨૪ મંગળવારના રામચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા.૧૩-૧૨-૨૪ના ૫ થી ૬.૩૦. ઠે. બ્રાહ્મણ સમાજ વાડી, ૩જો માળ, જોષી લેન, મહાત્મા ગાંધી રોડ, ઘાટકોપર ઇસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ડેડાણવાળા હાલ કાંદિવલી સ્વ. મંજુલાબેન સંઘવીના પુત્રવધૂ અ.સૌ. રંજનબેન (ઉં. વ. ૮૧) તા.૧૧.૧૨.૨૦૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે મયુર છોટાલાલ રામજી સંઘવીના ધર્મપત્ની, નિખિલ, અ.સૌ. ફાલ્ગુની પીનેશ મહેતા, આશિતના માતુશ્રી. અ.સૌ. અમીષા, સ્વ. મેધા, પિનેશ વેણીલાલ મહેતાના સાસુ. પિયરપક્ષે વાઘનગરવાળા શેઠ મોહનલાલ ગોકળદાસ મહેતાના દિકરી. પ્રાર્થનાસભા તા.૧૩.૧૨.૨૪ના શુક્રવાર ૦૪.૦૦ થી ૦૬.૦૦. લોટસ હોલ, રઘુલીલા મોલ, ૪થે માળે, કાંદિવલી પશ્ચિમ.

**ઘોઘારી મોઢ વાણિક**

રાણપુર નિવાસી હાલ કાંદીવલી સ્વ.રસિકલાલ સુંદરજી મહેતાના ધર્મપત્ની. ઇન્દુમતી મહેતા (ઉં. વ. ૮૭) તા. ૧૧.૧૨.૨૪ બુધવારના શ્રીજીચરણ પામેલ છે, તે દીના, આશા, પ્રકાશના માતૃશ્રી. શૈલેષ મહેતા, શૈલેષ ગાંધી, મનીષાના સાસુ, નિધિ પ્રતીક શેઠ, ધ્રુમિલ, તેજસ, પ્રાચીના દાદી. પિયરપક્ષ સ્વ.કાન્તાબેન માધવલાલ મહેતાના દિકરી, પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# પાવરફુલ પવાર-બૉમ્બ ટિક-ટિક થાય છે

## નવી દિલ્હીની કડકડતી ઠંડીમાં રાજકીય ગરમાટો લાવી દેતી પવાર કાકા-ભત્રીજાની મીટિંગો વિશે જાણીએ તો લાગે કે આ બૉમ્બ ક્યારેય ફાટી શકે એમ છેઃ પહેલા અજિતદાદા મળ્યા શરદ પવારને, પછી અજિતદાદા મળ્યા અમિત શાહને અને છેલ્લે અમિત શાહ મળ્યા શરદ પવારને



**હેપ્પી બર્થડેઃ** એનસીપીના વડા શરદ પવારનો ગઈ કાલે જન્મદિવસ હતો અને એ નિમિત્તે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને તેમણે કેક કાપી હતી. (પીટીઆઈ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રની રાજનીતિની ગરમીનો અનુભવ નવી દિલ્હીમાં ગુરુવારે જોવા મળ્યો હતો. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અત્યારે દિલ્હીમાં છે. તેમની ઝડપી હિલચાલ જોવા મળી હતી. અજિત પવારે પોતાના કાકા અને અત્યારના વિરોધી શરદ પવારની મુલાકાત ગૃહ પ્રધાન અમિત શાહને મળવા પહેલાં લીધી હતી અને ફડણવીસ અમિત શાહને મળ્યા પછી વડા પ્રધાન મોદીને મળવા માટે તેમના નિવાસ સ્થાને ગયા હતા. આ બધાને કારણે હવે રાજ્યના રાજકારણ પર નજર રાખી રહેલા બધા ચકરાઈ ગયા છે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી-એસપી)ના અધ્યક્ષ શરદચંદ્ર પવારનો આજે જન્મદિવસ છે. તેમના જન્મદિવસ નિમિત્ત સાધીને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર તેમની પત્ની સુનેત્રા પવાર સાથે શરદ પવારને તેમના દિલ્હી ખાતેના નિવાસસ્થાને મળ્યા હતા. આ મુલાકાતના કારણે રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે, આ મુલાકાત બાદ અનેક તર્ક-વિતર્કો થઈ રહ્યા છે. અજિત પવાર અને પાર્ટીના અન્ય વરિષ્ઠ નેતાઓ શરદ પવારને તેમના દિલ્હી ખાતેના નિવાસસ્થાને મળ્યા હતા. આ પછી અજિત પવાર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળવા સંસદ પહોંચ્યા છે. સુનેત્રા પવાર, સુનીલ તટકરે પણ તેમની સાથે હતા. આ તમામ ઘટનાક્રમની પૃષ્ઠભૂમિમાં આજે દિલ્હીમાં શું થશે તેના પર મહારાષ્ટ્રના રાજકીય વર્તુળનું ધ્યાન ગયું છે.

બીજી તરફ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પણ શરદ પવારના ઘરે પહોંચ્યા હતા. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે સિનિયર પવારનો જન્મદિવસ હોવાથી આ મુલાકાત થઈ હશે, પરંતુ ભાજપના વિધાનસભ્ય પ્રવીણ દરેકરે આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું કે જો શરદ પવાર મહાયુતિમાં સામેલ થશે તો અમને ખુશી

(જુઓ પાનું ૪) ▶▶

# આવતી કાલે બપોરે ૧૨ વાગ્યે ૩૫ પ્રધાનોના શપથ

## કેબિનેટ વિસ્તરણની ૨૦-૧૦-૧૦ની ફોર્મ્યુલા ફાઈનલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આખરે કેબિનેટ વિસ્તરણની તારીખ પર મહોર લાગી ગઈ છે. કેબિનેટનો શપથ ગ્રહણ સમારોહ ૧૪ ડિસેમ્બરે બપોરે ૧૨ વાગ્યે રાજભવન ખાતે યોજાશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ૩૫ પ્રધાનો શપથ લેવાના છે. સૂત્રોએ જણાવ્યું છે કે કેબિનેટ વિસ્તરણમાં અજિત પવારની માગણીને મંજૂરી આપવામાં આવી છે. એક અગ્રણી દૈનિકે આપેલી માહિતી અનુસાર, એવું માનવામાં આવે છે કે મહાયુતિની ફોર્મ્યુલા ૨૦-૧૦-૧૦ની રહેશે.

કેબિનેટનું વિસ્તરણ શિયાળુ સત્ર પહેલા થશે એવું મુખ્ય પ્રધાન ફડણવીસે વિધાનસભાના વિશેષ સત્રના છેલ્લા દિવસે કહ્યું હતું. ભાજપ પાસે સૌથી વધુ વિધાનસભ્યો હોવાને કારણે તેઓનો હાથ ઉપર રહેશે. જાણવા મળ્યું છે કે ત્રણેય પક્ષોના મળીને ૩૫ પ્રધાનો ૧૪ ડિસેમ્બરે બપોરે ૧૨ વાગ્યે શપથ લેશે.

કેબિનેટ વિસ્તરણને લઈને ભાજપનો જ દબદબો રહેશે તેવા સંકેતો મળી રહ્યા છે. ભાજપ પાસે સૌથી વધુ ૨૦ ખાતા હોવાની શક્યતા છે. જ્યારે એકનાથ શિંદે અને અજિત પવારને ૧૦-૧૦ ખાતા મળશે.

અજિત પવાર સંસદમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા હતા. રાજ્યમાં પ્રધાનમંડળનું વિસ્તરણ અટકી પડ્યું હોવાથી અજિત પવાર અને અમિત શાહની બેઠક મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. હવે પ્રધાનમંડળનું ચોક્કસ વિસ્તરણ ક્યારે

(જુઓ પાનું ૪) ▶▶

### કોની પાસે કયું ખાતું?

દેવેન્દ્ર ફડણવીસ અને અમિત શાહ વચ્ચે દિલ્હીમાં થયેલી ચર્ચામાંથી કેટલાક મહત્વના મુદ્દાઓ બહાર આવી રહ્યા છે. ગૃહ અને નાણાં જેવા મહત્વના ખાતા ભાજપ પાસે જ રહેશે. શિવસેનાને નગર વિકાસ ખાતું મળશે તેવું અનુમાન છે. એનસીપી (અજિત પવાર જૂથ)ને મહેસુલ ખાતું મળી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ભાજપ જાહેર બાંધકામ ખાતું અન્ય પક્ષને સોંપવા માટે તૈયાર થઈ ગયો છે.

મુંબઈમાં મહાયુતિની બેઠક બાદ કેબિનેટ વિસ્તરણને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર શુક્રવારે સાંજે આ બેઠક યોજાય તેવી શક્યતા છે. સૂત્રોએ માહિતી આપી હતી કે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર સાથેની અંતિમ બેઠક પછી ફોર્મ્યુલા ફાઈનલ કરાશે.

દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર હાલમાં દિલ્હીમાં છે. દેવેન્દ્ર ફડણવીસ ભાજપના વરિષ્ઠ નેતાઓને મળવા માટે દિલ્હી પહોંચી ગયા છે. તાજેતરમાં તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. આ પહેલા બુધવારે તેમણે અમિત શાહ અને જેપી નડ્ડા સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં મહારાષ્ટ્રમાં ખાતાની ફાળવણી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# બર્થ-ડે તો બહાનું મૂળ ઉદ્દેશ તો ભાજપને મેસેજ આપવાનો હતો

## શરદ પવારના જન્મદિને અજિત પવાર તેમને સપરિવાર મળવા ગયા પછી મહારાષ્ટ્રના રાજકારણમાં મોટા ભૂકંપનો વર્તારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાં છેલ્લા દોઢ વર્ષથી કેન્દ્ર સ્થાને રહેલો શરદ પવાર અને અજિત પવાર વચ્ચેનો ઝઘડો આખરે સમાપ્ત થવાના સંકેત ગુરુવારે જોવા મળ્યા હતા. શરદ પવારના ૮૪મા જન્મદિવસનું નિમિત્ત સાધીને અજિત પવાર ગુરુવારે સવારે સહકુટુમ્બ દિલ્હીમાં ૬, જનપથસ્થિત પવારના નિવાસસ્થાને પહોંચ્યા હતા. લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં એકબીજા સામે જોરદાર લડાઈ બાદ મહારાષ્ટ્રમાં રાજનીતિની દૃષ્ટિએ દિલ્હીમાં શરદ પવાર અને અજિત પવાર વચ્ચેની મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. એક તરફ આ મુલાકાતને કારણે પવાર પરિવારના વિવાદનો અંત આવ્યો હોવાની ચર્ચાઓ શરૂ થઈ છે ત્યારે આ મુલાકાતનો બીજો અર્થ કાઢવામાં આવી રહ્યો છે.

અજિત પવારે શરદ પવારને મળીને ભાજપના મોવડીમંડળને કોઈ સંદેશ આપવાનો પ્રયાસ કર્યો છે કે કેમ એવી ચર્ચા આકાર લેવા લાગી છે. આ વિશે બોલતા એક સિનિયર રાજકીય વિશ્લેષકે કહ્યું હતું કે અજિત પવાર લોકસભાની ચૂંટણીમાં મળેલી હારમાંથી બોધપાઠ શીખ્યા છે. તેથી જ અજિત પવારે સ્વીકાર્યું છે કે લોકસભાની ચૂંટણીમાં સુપ્રિયા સુળે સામે સુનેત્રા પવારને ઊભા રાખીને તેમણે ભૂલ કરી હતી. તે પછી અજિત પવારે પણ લોકસભા ચૂંટણીની જેમ

(જુઓ પાનું ૪) ▶▶

# જો અજિત પવારને નાણાં ખાતું ન મળે તો મહાયુતિ સરકારનો કોઈ અર્થ રહેશે નહીંઃ એનસીપી

મુંબઈઃ એનસીપીના પ્રવક્તા અમોલ મિટકરીએ ગુરુવારે કહ્યું હતું કે, જો તેમના પક્ષના વડા અજિત પવારને નાણાં ખાતું નહીં મળે તો ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકારની કોઈ અર્થ રહેશે નહીં.

દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર સરકારના કેબિનેટ વિસ્તરણ પહેલા મિટકરીની આવેલી ટિપ્પણી મહાયુતિમાં બધું આલબેલ ન હોવાના સંકેત આપે છે.

નાણા મંત્રાલય ભાજપ પાસે રાખશે તેવી અટકળો રાજ્યમાં જોરશોરથી ફેલાઈ રહી છે તેનો જવાબ આપતાં મિટકરીએ કહ્યું હતું કે, માત્ર અજિત પવાર જ નાણાં વિભાગ સંભાળવા સક્ષમ છે. તેમણે ૧૦ બજેટ રજૂ કર્યા છે અને તેઓ જાણે છે કે કેવી રીતે રાજકોષીય શિસ્ત જાળવવી, એમ મિટકરીએ જણાવ્યું હતું.

'જો અજિત પવારને નાણાં પ્રધાન બનાવવામાં નહીં આવે, તો આ સરકારનો કોઈ અર્થ રહેશે નહીં,' એમ મિટકરીએ કહ્યું હતું. મિટકરી વિધાન પરિષદના સભ્ય

(જુઓ પાનું ૪) ▶▶

# નરેન્દ્ર મોદીએ ફડણવીસને ક્યો ગુરુમંત્ર આપ્યો?



મહારાષ્ટ્ર તુમ્હારે હવાલેઃ દેવેન્દ્ર ફડણવીસ નવી દિલ્હીમાં નરેન્દ્ર મોદીને મળ્યા ત્યારે શિવાજી મહારાજની પ્રતિમા તેમને ભેટ આપી હતી.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં હાલમાં કેબિનેટ વિસ્તરણની જોરદાર ચર્ચા ચાલી રહી છે. આ પહેલા એકનાથ શિંદેએ સ્વીકાર્યું હતું કે તેઓ શપથ ગ્રહણ સમારોહના માત્ર બે કલાક પહેલાં જ નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લેવા માટે તૈયાર થયા હતા. તે પછી દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર એક જ સમયે દિલ્હીમાં હાજર છે, પરંતુ એકનાથ શિંદે મહારાષ્ટ્રમાં જ છે. અજિત પવાર શરદ પવારને મળ્યા અને દેવેન્દ્ર ફડણવીસ પાર્ટીના મુખ્ય નેતાઓ સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા. જેના કારણે રાજકીય વર્તુળમાં અનેક

(જુઓ પાનું ૪) ▶▶

# ડેપ્યુટી સીએમપદે વધુ લોકપ્રિયતા અપાવીઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મુખ્ય પ્રધાન બન્યા બાદ ગઈ સરકારમાં નાયબ મુખ્ય પ્રધાનપદના કાર્યકાળ બનવા અંગે ખુલાસો કર્યો છે. નાયબ મુખ્યપ્રધાન તરીકે જેટલી નામના અને

(જુઓ પાનું ૪) ▶▶

# ટીપુ સુલતાનની જન્મજયંતી ઊજવવાની બંધી છે?: હાઈ કોર્ટ

મુંબઈઃ ૧૮મી સદીના મૈસૂરના શાસક ટીપુ સુલતાનની જન્મજયંતી ઊજવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે કે કેમ એવું હાઈ કોર્ટે જાણવા માગ્યું હતું. આ અંગે પુણે ગ્રામીણ પોલીસને આ પ્રસંગની યાદમાં રેલી કાઢવાની માગ કરતી અરજી પર નિર્ણય લેવા નિર્દેશ આપ્યો હતો.

કાયદો અને વ્યવસ્થાને લગતી ચિંતાઓ રેલીની પરવાનગી નકારવા માટેનું કારણ હોઇ શકે નહીં, એવું કોર્ટે કહ્યું હતું. જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને એસ.જી. દીઘેની ડિવિઝન બેન્ચ ઓલ ઈન્ડિયા-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ)ના પુણે એકમના પ્રમુખ ફૈયાઝ શેખ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. ટીપુ સુલતાનના જન્મજયંતીની ઉજવણી, સ્વતંત્રતાસેનાની મૌલાના આઝાદ અને સાથે બંધારણ દિવસની પણ ઉજવણી કરવા માટે રેલી યોજવા પોલીસને પરવાનગી

(જુઓ પાનું ૪) ▶▶

# અકસ્માત વખતે સંજય મોરેના ચહેરા પર પિશાચી હાસ્ય હતું?

મુંબઈઃ કુર્લા બેસ્ટ બસ અકસ્માતની તપાસમાં એક નવો વળાંક આવ્યો છે. આ અકસ્માત ન હોઇ ઇરાદાપૂર્વક કરાયેલું કૃત્ય હોવાની શંકા પોલીસે વ્યક્ત કરી છે. સંજય મોરેએ બસનો ઉપયોગ એક શસ્ત્ર રીતે કરીને જાણીજોઇને રસ્તા પરની ગાડીઓ અને માણસોને કચડી કાઢ્યા કે એ બાબતે પોલીસ હવે તપાસ કરી રહી છે.

એક ન્યૂઝ અહેવાલ અનુસાર કુર્લા અકસ્માતને પ્રત્યક્ષ રીતે જોનારાનું કહેવું છે કે સંજય મોરે વાહનો અને લોકોને કચડી રહ્યો હતો ત્યારે તે આનંદમાં હસી રહ્યો હતો. સંજય મોરેનું કહેવું છે કે તેને ભારે વાહનો ચલાવવાનો ૩૦ વર્ષનો અનુભવ છે. તો ૪૦૦થી ૪૫૦ મીટર સુધી ઇલેક્ટ્રિક બસ અનિયંત્રિત રીતે કાર અને લોકોને કેવી રીતે કચડી શકે? તેને આટલો અનુભવ હોવા છતાં તેને આ બધાનો અંદાજ કેવી રીતે ન આવ્યો? એવા સવાલ ઉઠવા લાગ્યા છે. તેથી પોલીસ હવે દરેક પાસાંને ચકાસી રહી છે. બસની તપાસ કરતા તેમાં કોઇ પણ ટેક્નિકલ ખામી નહોતી. ફક્ત સંજય મોરેએ ક્લચ સમજીને એક્સિલેટર પર પગ મૂક્યો હોવાને કારણે અકસ્માત થયો હોવાની શક્યતા વ્યક્ત કરાઇ રહી છે. ■

# સંજય મોરેએ બે બૅકપૅક્સ લઇને બસમાંથી ઠેકડો માર્યો હતો



મુંબઈઃ કુર્લામાં બસ અકસ્માત બાદ ડ્રાઇવર સંજય મોરે કેબિનમાંથી બે બેગ (બેકપેક્સ) લીધી હતી અને બારીના તૂટેલા કાચમાંથી બહાર કૂદકો માર્યો હોવાનું બસમાં બેસાડવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજમાં જોવા મળ્યું હતું.

સોશિયલ મીડિયા પર આ અકસ્માત સંબંધિત પચાસ સેકન્ડના ચારથી પાંચ વીડિયો વાઇરલ થયા હતા જેમાં પ્રવાસીઓ ભયભીત હાલતમાં જોઇ શકાય છે. અમુક પ્રવાસીઓએ બસના હેન્ડલ જોરથી પકડી રાખ્યા હતા જ્યારે અમુક પ્રવાસીઓ સીટ પરથી ઊભા થઇને બહાર જોઇ રહ્યા હતા કે શું થઇ રહ્યું. બસ દીવાલ સાથે અથડાઇને અટકી ગઇ ત્યારે અમુક પ્રવાસીઓ બસની બારીના તૂટેલા કાચમાંથી બહાર કૂદી પડ્યા હતા.

સીસીટીવી ફૂટેજમાં ડ્રાઇવર સંજય મોરે કેબિનમાંથી બે કાળા બેકપેક્સ પકડીને બહાર આવતા અને ત્યાર બાદ ડાબી બાજુની બારીમાંથી કૂદકો મારતા જોવા મળે છે, જ્યારે કન્ડક્ટર પાછળના દરવાજામાંથી નીચે ઊતર્યો હતો.

બેસ્ટ અને મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશન (એમએસઆરટીસી)ના ઉચ્ચ અધિકારીઓની બુધવારે ખાનગી ઓપરેટરો સાથે બેઠક હતી જેઓ સરકારી એજન્સીઓને બસ પૂરી પાડે છે. આ બેઠકમાં ડ્રાઇવરોને બરાબર તાલીમ આપવા તથા સુરક્ષા માટેના વધુ પગલાં લેવા અંગે ચર્ચા થઇ હતી. આ સિવાય ડ્રાઇવરોને કેવી રીતે તાલીમ આપવામાં આવે છે, તેમની કેવી રીતે પસંદગી કરાય છે, તાલીમ આપવાની જગ્યા અને નિયમો અંગે પણ બેઠકમાં ચર્ચા કરાઇ હતી. અન્ય એક બેઠકમાં મહારાષ્ટ્ર ટ્રાન્સપોર્ટ કમિશનરે બેસ્ટ પ્રશાસનને તપાસ અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ કર્યો હતો જે રાજ્ય સરકારને સોંપવામાં આવશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સીએસએમટી પાસે બસ નીચે ચગદાઈ જીવ ગુમાવનારને ટક્કર મારનાર બાઈકસવાર પકડાયો

મુંબઈઃ પોલીસે ગુરુવારે ૨૦ વર્ષની વ્યક્તિની ધરપકડ કરી હતી. બુધવારે આ વ્યક્તિની મોટરસાઈકલની રાહદારી સાથે ટક્કર થતાં એ રાહદારી રસ્તા પર પડી ગયો હતો અને પરિણામે 'બેસ્ટ'ની બસ હેઠળ ચગદાઈ મૃત્યુ પામ્યો હતો એમ સંબંધિત અધિકારીઓએ જણાવ્યું હતું. આ અકસ્માત દક્ષિણ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) પાસે બુધવારે સાંજે લગભગ ૪.૩૦ વાગ્યે થયો હતો.



અધિકારીએ આપેલી માહિતી અનુસાર કેરળના કાસરગોડ જિલ્લાના વતની હસેનાર અંડુહી તરીકે ઓળખાયેલા મૃતકને પહેલા મોટરસાઈકલે ટક્કર મારી હતી અને ત્યારબાદ બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ઉપક્રમની બસે હેઠળ તે કચડાઈ ગયો હતો. જાણકારી અનુસાર મુંબઈના ડોંગરી વિસ્તારના રહેવાસી મોટરસાઈકલિસ્ટ મોહમ્મદ સાહિલ સિદ્દીકીને ગુરુવારે એમઆરએ માર્ગ પોલીસે પકડી પાડ્યો હતો.'

સિદ્દીકીને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલી રહી છે એમ અધિકારીએ જણાવ્યું હતું. છેલ્લા ત્રણ દિવસમાં 'બેસ્ટ'ની બસ સાથે સંકળાયેલો આ બીજો જીવલેણ અકસ્માત હતો. સોમવારે રાત્રે બેકાબૂ બનેલી બેસ્ટની એક ઇલેક્ટ્રિક બસના અકસ્માતમાં સાત વ્યક્તિ મૃત્યુ પામી હતી અને ૪૨ને ઈજા થઈ હતી. (પીટીઆઈ)■

# કર્ણાક બ્રિજ પાંચ જૂને ખુલ્લો મુકાશે

## રેલવેએ બ્લોક આપ્યો તો ૪૨૮ મેટ્રિક ટનના બીજા ગર્ડરને ૧૯ જાન્યુઆરી સુધી બેસાડવાનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મસ્જિદ બંદર રેલવે સ્ટેશનથી અમુક અંતરે આવેલા અને પી. ડી'મેલો માર્ગને જોડનારા ૧૫૪ વર્ષ જૂના કર્ણાક બ્રિજને ફરી બાંધવામાં આવી રહ્યો છે. રેલવે તરફથી જાન્યુઆરીના બીજા અઠવાડિયામાં બ્લોક મળી જાય તો બીજા ગર્ડરને લોન્ચ કરીને જૂન, ૨૦૨૫ સુધી બ્રિજને ખુલ્લો મૂકવાનું સુધરાઈનું આયોજન છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ૫૧૬ મેટ્રિક ટન વજનનો દક્ષિણ બાજુનો પહેલો લોખંડના ગર્ડરને રેલવે પાટા ઉપર બેસાડી દેવામાં આવ્યો છે.

દક્ષિણ મુંબઈના મસ્જિદ બંદર, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને મોહમ્મદ અલી રોડ પરિસરમાં વાહનવ્યવહાર માટે કર્ણાક બ્રિજ મહત્ત્વનો છે. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) અને મસ્જિદ બંદરને જોડતો ૧૫૪ વર્ષ જૂના કર્ણાક બંદર રોડ આરઓબીને ૨૦૧૪માં ભારે વાહનો માટે બંધ કરી દેવામાં આવ્યો હતો. હેન્કૉક બ્રિજના ચાલી રહેલા કામ અને

(જુઓ પાનું ૪) ▶▶

# પવઈમાં 3.30 કરોડનું ચરસ જપ્તઃ ડ્રગ તસ્કરની ધરપકડ

મુંબઈઃ પવઈમાં ડ્રગ્સની તસ્કરી સાથે સંકળાયેલા આરોપીની ધરપકડ કરી પોલીસે તેની પાસેથી અંદાજે ૩.૩૦ કરોડ રૂપિયાનું ઉચ્ચ ગુણવત્તાવાળું ચરસ અને દેશી રિવોલ્વર જપ્ત કરી હતી. પવઈ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ મોહમ્મદ સાદીક હનિફ સૈયદ (૪૬) તરીકે થઈ હતી. આરોપી વિરુદ્ધ ડ્રગ્સના ગેરકાયદે વેચાણ બાબતે બે ગુના નોંધાયેલા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીના જણાવ્યા મુજબ સબ-ઈન્સ્પેક્ટર સરકની ટીમ સોમવારની રાતે પવઈ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે ડ્રગ્સ તસ્કર કારમાં આવવાનો હોવાની માહિતી મળી હતી. માહિતીને આધારે પોલીસની ટીમે વિહાર સરોવર પાસેના કબ્રસ્તાન નજીક ગ્રે રંગની કારને આંતરી હતી. કારમાં હાજર સૈયદને તાબામાં લઈ પૂછપરછ કરવામાં આવી હતી. ■

# મૃતક મહિલાના હાથમાંથી સોનાની બંગડીઓ કાઢી લેનારનો વીડિયો વાયરલ



મુંબઈઃ કુર્લામાં સાત જણનો ભોગ લેનારા બેસ્ટ બસ અકસ્માતના અમુક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. જોકે હાલમાં સામે આવેલા વીડિયોને કારણે લોકોમાં રોષ ફેલાયો હતો. કુર્લા અકસ્માતમાં મૃત્યુ પામેલી ફાતિમા કનીઝ અન્સારીના પુત્રએ તેની માતાના દાગીના ચોરાયા હોવાનો આરોપ કર્યો હતો. ફાતિમાને મદદ કરવાને બહાને અજાણ્યો શખસ તેના દાગીના ચોરતો વીડિયોમાં નજરે પડ્યો હતો. ફાતિમાના પરિવારે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ગુરુવારે અજાણી વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૩ (ચોરી) અને ૩૧૫ (મૃત્યુ સમયે મૃતક પાસે રહેલી સંપત્તિ અપ્રમાણિત કરી પચાવી પાડવી) હેઠળ ગુનો નોંધ્યો હતો. વાયરલ વીડિયોમાં શખસ અન્ય લોકોને કહેતો જોવા મળ્યો હતો કે મહિલાના દાગીના તે પોતાની પાસે રાખી રહ્યો છે અને મહિલાના સંબંધીઓને તે આ વિશે જાણ કરશે.

ફાતિમા અન્સારીની પુત્રી મેહરુનિસ્સાએ જણાવ્યું હતું કે વીડિયો વાયરલ થયા બાદ અમે પોલીસમાં ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યું હતું. અમારી સાથે આવું થયું છે. બીજા કોઇ સાથે આવું ન થવું જોઇએ. મારી માતા ત્યાં કેવી અવસ્થામાં હતી. તે મૃત્યુ પામી હતી અને એક વ્યક્તિ તેના હાથમાંની સોનાની બંગડીઓ કાઢી રહ્યો છે. આવું કરતા તેને શરમ ન આવી?

મેહરુનિસ્સાએ વધુમાં કહ્યું હતું કે મારી માતાની બેગ અને મોબાઇલ અમને આપ્યાં, પણ સોનાની બંગડીઓ અમને ન મળી. અકસ્માત બાદ મારી માતાને હોસ્પિટલમાં લવાઇ ત્યારે તેના કાનમાં બુટ્ટી હતી, પણ બહાર આવ્યા બાદ તેના કાનમાં કંઇ નહોતું. ઉલ્લેખનીય છે કે પંચાવન વર્ષની ફાતિમા અન્સારી હોસ્પિટલમાં અટેન્ડન્ટ તરીકે કામ કરતી હતી. તે સોમવારે રાતે કુર્લાના એસ.જી. બર્વે માર્ગ પર બિલ્ડિંગની નજીક ઊભી હતી ત્યારે પૂરઝડપે આવેલી બસે તેને અડફેટમાં લીધી હતી. તે કાર નીચે ફસાયેલી મળી આવી હતી. એ સમયે મદદને બહાને અજાણી વ્યક્તિએ તેની સોનાની બંગડી ચોરી લીધી હતી.■

# ઈતિહાસ સર્જનારા ડી ગુકેશને રાષ્ટ્રપતિ અને વડા પ્રધાને આપ્યાં અભિનંદન

નવી દિલ્હીઃ ભારતના ડી ગુકેશે ચેસના ઈતિહાસમાં સૌથી યુવા વર્લ્ડ ચેમ્પિયન બનીને ઇતિહાસ રચ્યો છે. ભારતીય સ્ટારે અંતિમ ગેમમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ડિંગ લિરેનને હરાવીને ટાઈટલ જીત્યું હતું. વિશ્વનાથન આનંદ બાદ ગુકેશ ચેસમાં વર્લ્ડ ચેમ્પિયન બનનાર બીજો ભારતીય બન્યો છે. ચેસ વર્લ્ડ ચેમ્પિયનશિપની ૧૪મી અને અંતિમ ગેમમાં બ્લેક કલરના મોહરાથી રમતા ગુકેશે ચીનના લિરેનને હરાવ્યો હતો. રમત ટાઈ તરફ જઈ રહી હતી, પરંતુ ભારતીય સ્ટારે માત્ર ૧૪ ગેમમાં ટાઇટલ જીતીને ઇતિહાસ રચ્યો હતો.

જીત બાદ ગુકેશની આંખોમાં આંસુ હતાં અને તે પોતાની જાતને કાબૂમાં રાખી શક્યો ન હતો કારણ કે ૧૮ વર્ષની ઉંમરે તે ચેસમાં વિશ્વ ચેમ્પિયન બનનાર સૌથી યુવા ખેલાડી બન્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ વર્લ્ડ ચેસ ચેમ્પિયન બનવા પર ગુકેશને સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ ‘એક્સ’ પર અભિનંદન આપ્યાં હતાં. તેમણે કહ્યું હતું કે વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ જીતનાર સૌથી યુવા ખેલાડી બનવા બદલ ગુકેશને હાર્દિક અભિનંદન. તેણે ભારતને ઘણું ગૌરવ અપાવ્યું છે. તેમની જીત ચેસની મહાશક્તિના રૂપમાં ભારતના અધિકાર પર મહોર લગાવે છે. શાબાશ ગુકેશ! તમામ ભારતીય તરફથી હું શુભકામના પાઠવું છું કે તમે ભવિષ્યમાં પણ ગૌરવ અપાવશો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ ‘એક્સ’ પર ગુકેશને અભિનંદન આપ્યાં હતાં. વડા પ્રધાને લખ્યું હતું કે ઐતિહાસિક અને અનુકરણીય! ગુકેશ ડીને તેમની નોંધપાત્ર સિદ્ધિ બદલ અભિનંદન. આ તેમની અદ્વિતીય પ્રતિભા, સખત મહેનત અને અતૂટ સંકલ્પનું પરિણામ છે. તેમણે કહ્યું હતું કે તેમની જીતે માત્ર ચેસના ઇતિહાસમાં તેનું નામ રોશન કર્યું નથી, પરંતુ લાખો યુવાનોને મોટાં સપનાં જોવા અને શ્રેષ્ઠતા હાંસલ કરવાની પ્રેરણા પણ આપી છે. તેમના ભવિષ્યના પ્રયાસો માટે મારી શુભેચ્છાઓ. રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ અભિનંદન આપતાં લખ્યું હતું કે, પ્રતિષ્ઠિત વિશ્વ ચેસ ચેમ્પિયનશિપનું ટાઇટલ જીતવા અને ચેસના ઇતિહાસમાં સૌથી યુવા વિશ્વ ચેમ્પિયન બનવા બદલ ડી ગુકેશને મારાં હૃદયપૂર્વક અભિનંદન. તમારી મહેનત અને સમર્પણે સમગ્ર દેશને ગૌરવ અપાવ્યું છે!

# આઈસીસીના નવા અધ્યક્ષ જય શાહે ૨૦૩૨ બ્રિસ્બેન ઓલિમ્પિકના ટોચના અધિકારીઓ સાથે કરી મુલાકાત



બ્રિસ્બેનઃ આ મહિનાની શરૂઆતમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળનાર જય શાહે ગુરુવારે ૨૦૩૨ બ્રિસ્બેન ઓલિમ્પિક ઓર્ગેનાઈઝિંગ કમિટીના ટોચના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી અને ઓલિમ્પિક ગેમ્સમાં ક્રિકેટને સામેલ કરવાની શક્યતા અંગે ચર્ચા કરી હતી. ક્રિકેટ ૧૨૮ વર્ષ પછી ઓલિમ્પિકમાં પરત ફરશે. ક્રિકેટને ૨૦૨૮ લોસ એન્જલસ ગેમ્સમાં સામેલ કરવામાં આવ્યું છે. ૨૦૩૨માં બ્રિસ્બેનમાં ક્રિકેટને સામેલ કરવાને લઇને હજુ સુધી પુષ્ટી થઈ નથી.

‘‘ઓલિમ્પિક ચળવળમાં ક્રિકેટની સંડોવણી માટે આ ખૂબ જ રોમાંચક સમય છે - બ્રિસ્બેન ૨૦૩૨ ઓર્ગેનાઇઝિંગ કમિટી સાથે આજે બ્રિસ્બેન, ઓસ્ટ્રેલિયામાં બેઠક,’’ શાહે મીટિંગની તસવીરો સાથે ટ્વિટર પર પોસ્ટ કર્યું. હુઈ.’’

શાહે બેઠકની તસવીરો સાથે ‘એક્સ’ પર પોસ્ટ કરી હતી. જેમાં તેમણે લખ્યું હતું કે ઓલિમ્પિક આંદોલનમાં ક્રિકેટની ભાગીદારીને લઇને ખૂબ રોમાંચક સમય છે. આજે ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેનમાં ૨૦૩૨ ઓલિમ્પિક આયોજન સમિતિ સાથે બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં બ્રિસ્બેન ૨૦૩૨ ઓર્ગેનાઈઝિંગ કમિટીના ચીફ સિન્ડી હૂક અને ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના સીઈઓ નિક હોકલીએ હાજરી આપી હતી. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ના ભૂતપૂર્વ સચિવ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે શનિવારથી ગાબા ખાતે શરૂ થનારી ત્રીજી ક્રિકેટ ટેસ્ટ નિહાળશે તેવી અપેક્ષા છે. શાહની પ્રાથમિકતાઓમાંની એક ફેબ્રુઆરી-માર્ચમાં ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજનનો વિવાદ ઉકેલ શોધવાનો છે. તમામ હિતધારકો હાઇબ્રિડ મોડલ માટે સહમત થયા છે પરંતુ હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી, જેના કારણે ટૂર્નામેન્ટના ભાવિ અંગે અટકળો શરૂ થઈ છે.

# પ્રથમ જુનિયર મહિલા એશિયા કપમાં ભારતીય અંડર-૧૯ ટીમની કેપ્ટન બની નિક્કી પ્રસાદ



નવી દિલ્હીઃ નિક્કી પ્રસાદ ૧૫ થી ૨૨ ડિસેમ્બર સુધી કુઆલાલંપુરમાં યોજાનારી જૂનિયર મહિલા એશિયા કપની પ્રથમ ટુર્નામેન્ટમાં ભારતની અંડર-૧૯ ટીમનું નેતૃત્વ કરશે. તમામ મેચો બ્યુમાસ ક્રિકેટ ઓવલ ખાતે રમાશે. સાનિકા ચાલકેને વાઇસ કેપ્ટન બનાવવામાં આવી છે જ્યારે ગુજરાત જાયન્ટ્સની ફાસ્ટ બોલર એમડી શબનમને પણ ટીમમાં સામેલ કરવામાં આવી છે.

ભારતને પાકિસ્તાન અને નેપાળની સાથે ગ્રુપ-એમાં રાખવામાં આવ્યું છે જ્યારે ગ્રુપ-બીમાં બાંગ્લાદેશ, શ્રીલંકા અને યજમાન મલેશિયાનો સમાવેશ થાય છે. ભારત ટુનામેન્ટના પ્રથમ દિવસે ૧૫ ડિસેમ્બરે કટ્ટર હરીફ પાકિસ્તાન સામે ટકરાશે અને ત્યારબાદ ૧૭ ડિસેમ્બરે નેપાળ સામે રમશે.

### ભારતીય અંડર-૧૯ ટીમ

નિક્કી પ્રસાદ (કેપ્ટન), સાનિકા ચાલકે, જી ત્રિશા, કમાલિની જી, ભાવિકા અહિરે, ઈશ્વરી અવસરે, મિથિલા વિનોદ, જોશિતા વીજે, સોનમ યાદવ, પરુણિકા સિસોદિયા, કેસરી દ્રિથી, આયુષી શુક્લા, આનંદિતા કિશોર , એમડી શબનમ, નંદના એસ.

**સ્ટેન્ડબાયઃ** હર્લી ગાલા, હેપ્પી કુમારી, જી કાવ્યા શ્રી, ગાયત્રી સુરવાસે

**નોન-ટ્રાવેલિંગ રિઝર્વઃ** પ્રાપ્તિ રાવલ.

# હોકી ઈન્ડિયા લીગનું જીવંત પ્રસારણ કરશે પ્રસાર ભારતી

નવી દિલ્હીઃ સાત વર્ષ પછી આયોજિત થઇ રહેલી આગામી હોકી ઇન્ડિયા લીગ (એચઆઇએલ)નું દેશના રાષ્ટ્રીય પ્રસારણકર્તા પ્રસાર ભારતી જીવંત પ્રસારણ કરશે. આ સંબંધમાં પ્રસાર ભારતીના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ સ્પોર્ટ્સ અભિષેક અગ્રવાલ અને હોકી ઈન્ડિયાના જનરલ સેક્રેટરી ભોલા નાથ સિંહ વચ્ચે એક સમારોહમાં એક સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

રાઉરકેલામાં ૨૮ ડિસેમ્બરથી શરૂ થનારી એચઆઇએલ દૂરદર્શન અને પ્રસાર ભારતીના નવા ઓટીટી પ્લેટફોર્મ વેવ્સ મારફતે આખા દેશમાં જીવંત પ્રસારણ કરવામાં આવશે. હોકી ઈન્ડિયા લીગની આ ટુર્નામેન્ટ એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે કારણ કે પુરુષોની સ્પર્ધાની સાથે સાથે પ્રથમ વખત મહિલા લીગનું પણ આયોજન કરવામાં આવશે.

પુરુષોની સ્પર્ધા રાઉરકેલામાં રમાશે જ્યારે મહિલાઓની ચાર ટીમ વચ્ચે પ્રથમ ટૂર્નામેન્ટ રાંચીમાં યોજાશે. પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સહગલે આ ભાગીદારીના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.સેહગલે કહ્યું હતું કે, ‘‘આ હોકી માટે ગર્વની ક્ષણ છે આ એક એવી રમત છે જેણે લાખો ભારતીયોના દિલમાં સ્થાન મેળવ્યું છે અને પ્રસાર ભારતી માટે પણ કારણ કે અમે હોકી ઈન્ડિયા લીગને દેશના ખૂણેખૂણે લઈ જવા માટે એક સાથે આવ્યા છીએ.’’ અમારું લક્ષ્ય આ પ્રતિષ્ઠિત લીગને આખા ભારતમાં ઘરો સુધી પહોંચાડવાનું છે જેમાં દૂરનાં શહેરો અને ગામડાઓ પણ સામેલ છે. જ્યાં ભવિષ્યના હોકી સ્ટાર્સ ઊભરી રહ્યા છે.

# એડિલેડ ટેસ્ટમાં જીત બાદ ઓસ્ટ્રેલિયા શાનદાર લયમાંઃ સુનીલ ગાવસ્કર



બ્રિસ્બેનઃ મહાન ક્રિકેટર સુનીલ ગાવસકરનું માનવું છે કે ગયા અઠવાડિયે એડિલેડમાં પિંક બોલ ટેસ્ટ જીત્યા બાદ ઓસ્ટ્રેલિયા શનિવારથી અહીં ભારત સામે શરૂ થનારી ત્રીજી ટેસ્ટમાં આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઉતરશે. ઓસ્ટ્રેલિયાએ પર્થમાં પ્રથમ ટેસ્ટ ૨૯૫ રને હાર્યા બાદ ડે-નાઈટ ટેસ્ટમાં ૧૦ વિકેટથી જીત મેળવીને પાંચ મેચની બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ૧-૧થી બરાબર કરી હતી.

ગાવસકરે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે ભારતીય ટીમે પર્થમાં જે લય મેળવી હતી તે ૧૦ દિવસના બ્રેક પછી ગુમાવી દીધી હતી. હવે જીતની લય ઓસ્ટ્રેલિયા પાસે છે કારણ કે તેણે આ ટેસ્ટ મેચ જીતી લીધી છે.

તેમણે કહ્યું હતું કે, તમે એડિલેડ ટેસ્ટના થોડા દિવસો બાદ ગાબામાં રમી રહ્યા છો. તેથી મોમેન્ટમ હવે ઓસ્ટ્રેલિયન ટીમ પાસે છે. ભૂતપૂર્વ સ્પિનર હરભજન સિંહે કહ્યું કે સિડની અને મેલબોર્ન જેવાં મેદાન પર રમતા અગાઉ ભારતે ‘ગાબા’ ખાતે જીત મેળવવા માટે શ્રેષ્ઠ ક્રિકેટ રમવાનો પ્રયાસ કરવો જોઈએ.

હરભજને કહ્યું, મને લાગે છે કે તેમની (ભારતની) શ્રેષ્ઠ તકો સિડની અને મેલબોર્નમાં હશે. કોઈપણ રીતે જો તમે ગાબા ખાતે સારું ક્રિકેટ રમો છો તો અને ત્યાં જીતો છો તો તમે મેલબોર્ન અથવા સિડનીમાંની એક મેચ ચોક્કસપણે જીતી શકશો. તેણે કહ્યું કે એડિલેડમાં કારમી હાર છતાં ભારત શ્રેણીમાં વાપસી કરવાની ક્ષમતા ધરાવે છે.

### ભારતના અનસ અને ડેક્લાને રચ્યો ઈતિહાસ

# ટેકબોલ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં દેશને અપાવ્યો પ્રથમ મેડલ

હનોઇઃ વિયેતનામમાં રમાઈ રહેલી ૨૦૨૪ ટેકબોલ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતના અનસ બેગ અને ડેક્લાન ગોન્સાલ્વેસે ઈતિહાસ રચી દીધો છે. આ ભારતીય જોડીએ આ ચેમ્પિયનશિપમાં દેશને પહેલો મેડલ અપાવ્યો છે. અનસ અને ડેક્લાને ટેકબોલ વર્લ્ડ ચેમ્પિયનશિપ ૨૦૨૪માં ભારત માટે પ્રથમ સ્થાન મેળવ્યું છે.

ભારતીય ટેકબોલ ખેલાડીઓ ડેક્લાન ગોન્સાલ્વેસ અને અનસ બેગે ટેકબોલ વર્લ્ડ ચેમ્પિયનશિપ ૨૦૨૪માં મેન્સ ડબલ્સ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીતીને ભારત માટે પહેલો મેડલ મેળવ્યો છે. આ ચેમ્પિયનશિપમાં ૯૫ દેશોના કુલ ૨૨૧ ખેલાડીઓએ પાંચ અલગ-અલગ કેટેગરીમાં ભાગ લીધો હતો. અંતિમ ચેમ્પિયન થાઇલેન્ડ સામેની સેમિફાઇનલમાં સખત હાર બાદ મળી છે.

ટેકબોલ એક એવી રમત છે જેના વિશે ઘણા લોકો જાણતા નથી. આવી સ્થિતિમાં ભારતે મેડલ જીતવાની સાથે હવે આ રમત દેશમાં ચર્ચામાં આવી છે. આજે બધા આ રમતને ઓળખી ગયા છે. ટેકબોલ એ એક રમત છે જે ફૂટબોલ (સોકર) ના કૌશલ્યને ટેબલ ટેનિસની ચોકસાઇ સાથે મિશ્રિત કરે છે જેને ખાસ ડિઝાઇન કરેલા વક્ર ટેબલ પર રમાય છે, જેને ટેક ટેબલ કહેવાય છે. આમાં ખેલાડીઓ તેમના વિરોધીઓને હરાવવાના ઉદ્દેશ્ય સાથે નેટ પર બોલને ફટકારવા માટે તેમના હાથ સિવાય તેમના શરીરના કોઈપણ ભાગનો ઉપયોગ કરે છે.

આ રમત સિંગલ્સ અથવા ડબલ્સ (ટીમ) ફોર્મેટમાં રમી શકાય છે, જેમાં ખેલાડીઓને બોલને પરત કરતા પહેલા તેને ત્રણ વખત સ્પર્શ કરવાની મંજૂરી આપવામાં આવે છે, તે સુનિશ્ચિત કરે છે કે શરીરના એક જ ભાગ સાથે સતત કોઇ સ્પર્શ ના થાય.

# રોહિત શર્માએ નવા અને જૂના બોલથી કરી પ્રેક્ટિસ, વિરાટ કોહલીએ ટીમને આપી ‘ટિપ્સ’



બ્રિસ્બેનઃ ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટેસ્ટ અગાઉ ભારતીય ખેલાડીઓએ પ્રેક્ટિસ કરી હતી. જ્યારે વિરાટ કોહલી કેપ્ટન હતો ત્યારે તે ટ્રેનિંગ સેશન દરમિયાન દરેકના આકર્ષણનું કેન્દ્ર રહેતો હતો અને ગુરુવારે તેણે અહીં પ્રેક્ટિસ દરમિયાન ફરીથી તેના સાથી ખેલાડીઓને સંબોધિત કર્યા હતા. એડિલેડમાં ડે-નાઈટ મેચમાં ૧૦ વિકેટથી હાર બાદ ભારતીય ટીમને શ્રેણીની નિર્ણાયક ત્રીજી ટેસ્ટ રમતા પહેલા થોડી પ્રેરણાની જરૂર હતી અને ટીમના યુવાનોને માર્ગદર્શન આપવા માટે ‘કિંગ’ કોહલીથી સારો કોઈ ‘માર્ગદર્શક’ હોઇ શકે નહી. કોહલી જ્યારે કેપ્ટન હતો ત્યારે ટ્રેનિંગ સેશન દરમિયાન તે ખેલાડીઓ સાથે ઘણી વાતો કરતો હતો. કેપ્ટન પદ છોડ્યા બાદ તેણે આ બંધ કરી દીધું હતું. પરંતુ સતત ચાર હાર બાદ કેપ્ટન રોહિત પર પણ ભારે દબાણ છે અને ટીમના સૌથી વરિષ્ઠ ખેલાડી (ટેસ્ટ ડેબ્યૂના સંદર્ભમાં) શનિવારથી અહીં શરૂ થનારી મેચ પહેલા ટીમના ખેલાડીઓ સાથે વાત કરતો જોવા મળ્યો હતો. કોહલી અને વાઈસ-કેપ્ટન જસપ્રીત બુમરાહ ખેલાડીઓ સાથે વાત કરતા જોવા મળ્યા હતા અને રોહિત સહિત બધાએ તેમની વાતને ધ્યાનથી સાંભળી હતી.રોહિતે નેટ્સમાં નવા અને જૂના બંને બોલથી પ્રેક્ટિસ કરી હતી. ગાબા ખાતેના તેના નેટ સત્ર દરમિયાન તે શાનદાર લયમાં જોવા મળ્યો હતો. ત્રીજી ટેસ્ટમાં રોહિત શર્મા ઓપનિંગ કરશે કે છઠ્ઠા ક્રમે બેટિંગ કરશે તેને લઇને ચર્ચા ચાલી રહી છે.કેએલ રાહુલ અને યશસ્વી જયસ્વાલે ફરીથી નેટ્સમાં નવા બોલનો સામનો કર્યો હતો. રોહિત શરૂઆતમાં થોડા જૂના કૂકાબુરા બોલથી રમ્યો હતો અને બાદમાં તેણે નવા લાલ બોલથી પ્રેક્ટિસ કરી હતી. ગાબા પીચ પર ઘણું ઘાસ હશે જે હંમેશાં સીમ અને બાઉન્સ બન્નેને મદદ કરે છે. ટ્રેનિંગ સેશન પછી રોહિત અને મુખ્ય કોચ ગૌતમ ગંભીર વચ્ચે લાંબી વાતચીત થઈ અને એવું લાગી રહ્યું હતું કે તેઓ ટેકનિક પર ચર્ચા કરી રહ્યા છે. આકાશ દીપને ભારતીય નેટ્સ સીઝનમાં સૌથી સાતત્યપૂર્ણ બોલર માનવામાં આવે છે પરંતુ તેનો અર્થ એ નથી કે તે યુવા હર્ષિત રાણાનું સ્થાન લેશે. પર્થમાં ટેસ્ટ ડેબ્યૂમાં ચાર વિકેટ લીધા બાદ હર્ષિતે ૧૬ ઓવરમાં ૮૬ રન આપ્યા હતા પરંતુ કેપ્ટન રોહિતે યુવા ખેલાડીનો બચાવ કર્યો હતો.

# આઈપીએલમાં રમવા કરતાં વધુ દ્રવિડ સરના માર્ગદર્શનમાં રમવા માટે ઉત્સાહિત છુંઃ વૈભવ સૂર્યવંશી

નવી દિલ્હીઃ ભારતના યુવા ક્રિકેટર વૈભવ સૂર્યવંશી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં રમનાર સૌથી યુવા ખેલાડી બનવાની સંભાવનાને લઈને એટલો ઉત્સાહિત નથી જેટલો તે રાજસ્થાન રોયલ્સમાં દિગ્ગજ રાહુલ દ્રવિડ પાસેથી કોચિંગ લેવાને લઇને છે.

ગયા મહિને ૧૩ વર્ષીય સૂર્યવંશી આઇપીએલની હરાજીમાં ખરીદવામાં આવેલો સૌથી યુવા ક્રિકેટર બન્યો હતો. તેને રાજસ્થાન રોયલ્સે ખરીદ્યો હતો. રાજસ્થાનના કોચ રાહુલ દ્રવિડ છે.

સૂર્યવંશીએ કહ્યું હતું કે હું ખરેખર ખુશ છું કે મને આઇપીએલમાં રમવાની તક મળી રહી છે. હું આઈપીએલમાં રમવા કરતાં રાહુલ દ્રવિડ સરના માર્ગદર્શન હેઠળ રમવા માટે વધુ ઉત્સાહિત છું. હું તેમના કોચિંગમાં રમીને ખુશ છું. મારી પાસે આઇપીએલ માટે કોઈ વ્યૂહરચના નથી. હું એવી જ રીતે રમીશ જેવી રીતે હું રમું છું.

સૂર્યવંશીનું માનવું છે કે ભારતીય ટીમે તાજેતરમાં યોજાયેલા અંડર-૧૯ એશિયા કપમાં ખરાબ પ્રદર્શન કર્યું ન હતું પરંતુ ફાઇનલમાં બાંગ્લાદેશ સામે હારીને ટીમ ટાઇટલ જીતવામાં નિષ્ફળ રહી હતી.

તેણે કહ્યું હતું કે ૮ ડિસેમ્બરે ફાઈનલ મેચમાં ભારતનો બેટિંગ ઓર્ડર નિષ્ફળ રહ્યો હતો અને કોઈપણ ટીમ સાથે આવું થઈ શકે છે. દુબઈમાં યોજાયેલી ફાઇનલમાં ૧૯૯ રનના લક્ષ્યનો પીછો કરતા ભારતીય ટીમ ૩૫.૨ ઓવરમાં ૧૩૯ રનમાં સમેટાઈ ગઈ હતી અને ૫૯ રનથી હારી ગઈ હતી.

સૂર્યવંશીએ પીટીઆઇને કહ્યું હતું કે, ‘હું એમ કહીશ નહીં કે અમે ટુર્નામેન્ટમાં સારું પ્રદર્શન કર્યું નથી. એવો દિવસ આવે છે જ્યારે ટીમની બેટિંગ નિષ્ફળ જાય છે. ફાઇનલમાં અમારી સાથે આવું જ થયું.’

# ૨૦૩૪ ફૂટબોલ વર્લ્ડકપ સાઉદી અરેબિયામાં યોજાશે, ફીફાએ કરી જાહેરાત

નવી દિલ્હીઃ ફૂટબોલની વૈશ્વિક સંસ્થા ફીફાએ બુધવારે જાહેરાત કરી હતી કે સાઉદી અરેબિયા ૨૦૩૪ પુરુષ ફૂટબોલ વર્લ્ડ કપની યજમાની કરશે, જ્યારે ૨૦૩૦ વર્લ્ડ કપનું આયોજન સ્પેન, પોર્ટુગલ અને મોરોક્કોમાં યોજાશે. આ નિર્ણયની જાહેરાત ફિફાના પ્રમુખ જિયાની ઈન્ફેનટિનોએ કરી હતી. ૨૦૩૦ અને ૨૦૩૪ વર્લ્ડ કપ માટે એક જ બિડ હતી. જિયાનીએ કહ્યું હતું કે , ‘અમે ફૂટબોલને વધુ દેશોમાં લઇ જઇ રહ્યા છીએ અને ટીમોની સંખ્યા અને ગુણવત્તામાં ઘટાડો કરવામાં આવ્યો નથી. તેણે વાસ્તવમાં અવસરમાં વધારો કર્યો છે. ફીફા અને સાઉદી અધિકારીઓએ કહ્યું હતું કે ૨૦૩૪ વર્લ્ડ કપની યજમાનીથી મહિલાઓ માટે સ્વતંત્રતા અને અધિકારોના વિસ્તરણ સહિત નોંધપાત્ર ફેરફારો થઈ શકે છે.

અગાઉ ફીફાએ જાહેરાત કરી હતી કે ૨૦૨૭મા યોજાનારા મહિલા વર્લ્ડ કપ બ્રાઝિલમાં ૨૪ જૂનથી ૨૫ જૂલાઈ સુધી રમાશે. આ પ્રથમ વખત હશે જ્યારે દક્ષિણ અમેરિકાના કોઈ દેશમાં આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. મહિલા વર્લ્ડ કપમાં કુલ ૩૨ ટીમો ભાગ લેશે. સ્પેન આ ટુર્નામેન્ટનું વર્તમાન ચેમ્પિયન છે. તેણે ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ દ્વારા સંયુક્ત રીતે આયોજિત મહિલા વર્લ્ડ કપ જીત્યો હતો.

# જો ઓસ્ટ્રેલિયા પર દબાણ લાવવું હશે તો રોહિતે ઓપનિંગ કરવું પડશેઃ રવિ શાસ્ત્રી

બ્રિસ્બેનઃ ભારતના ભૂતપૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ ગુરુવારે ભારતીય કેપ્ટન રોહિત શર્માને લઇને કહ્યું હતું કે જો તે આત્મવિશ્વાસથી ભરપૂર વિરોધી ટીમને દબાણમાં લાવવા માગે છે તો તેણે ઇનિંગ્સની શરૂઆત કરવી જોઈએ.

ભારતે ૨૦૧૭-૧૮માં ઓસ્ટ્રેલિયામાં તેની પ્રથમ ટેસ્ટ શ્રેણી જીતી ત્યારે શાસ્ત્રી ટીમના ડિરેક્ટર તરીકે કાર્યરત હતા અને ૨૦૨૦-૨૧માં છેલ્લા પ્રવાસમાં ઓસ્ટ્રેલિયાને ચોંકાવીને શાનદાર વાપસી કરી હતી. રોહિતને છઠ્ઠા નંબર પર બેટિંગ કરવા આવવાથી ભારતને સારાં પરિણામો મળ્યાં નથી. એડિલેડમાં બીજી ટેસ્ટમાં ભારતને ૧૦ વિકેટથી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. આનાથી પાંચ મેચની સિરીઝ ૧-૧ની બરાબરી પર રહી હતી અને શાસ્ત્રીનું માનવું છે કે તેનાથી શ્રેણીનું ભાવિ નક્કી થશે.

શાસ્ત્રીએ ધ એજ’ને કહ્યું હતું કે, તે (રોહિત) છેલ્લા આઠ કે નવ વર્ષથી ઓપનિંગમાં બેટિંગ કરી પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી રહ્યો છે. એવું નથી કે તે દુનિયામાં ધૂમ મચાવા જઇ રહ્યો છે આ તેના માટે શ્રેષ્ઠ જગ્યા છે. જો તે ઓસ્ટ્રેલિયાને મુશ્કેલીમાં મુકવા માગતો હોય તો તેણે પહેલા પ્રહાર કરવો પડશે. ઇનિંગ્સની શરૂઆત એ એકમાત્ર જગ્યા છે જ્યાંથી તે આ કરી શકે છે.

# મૅટિની



## ૭૫ વર્ષ પહેલાં મ્યુઝિકના કોપીરાઈટ માટે હતા ૩૫ હજાર!

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

રાજ કપૂર એક ફિલ્મમેકર હતા. ફિલ્મોમાં અભિનય ઉપરાંત એનાં નિર્માણ-દિગ્દર્શનની જવાબદારી સંભાળવા અને ફિલ્મનાં ગીત-સંગીત માટે અત્યંત ચીવટ રાખવા માટે જાણીતા હતા. શોખ હોવા ઉપરાંત સંગીતની ઊંડી સમજણ હતી. એમના 'સંગીત હસ્તક્ષેપ'ના અનેક યાદગાર કિસ્સાઓ છે. સંગીતને ફિલ્મનું અભિન્ન અંગ માનતા રાજ કપૂરની આવતી કાલે જન્મશતાબ્દી છે એ નિમિત્તે સંગીત વિભાગમાં એમના યોગદાન વિશે કેટલીક રસિક વાતો આ રહી 'મુંબઈ સમાચાર'ના વાચકો માટે....

**રાજ કપૂરની સફળ ફિલ્મી સફરમાં ગીત-સંગીતનો અનન્ય ફાળો રહ્યો છે. ખુદ અચ્છી સંગીત સૂઝ ધરાવતા રાજની કર્ણપ્રિય સંગીત માટે સર્વસ્વ કરવાની તૈયારી હતી**

આપણા નવરાત્રિ ઉત્સવમાં રાસ-ગરબાનું મહત્ત્વ બધા જાણે છે. વર્ષોથી રજૂ થતો 'રંગ તાળી રંગ તાળી રંગ તાળી રે રંગમાં રંગ તાળી' ત્રણ તાળીના ગરબા તરીકે પ્રખ્યાત છે. ગરબે ઝૂમતા ખેલૈયાઓ ત્રણ તાળી વગાડી ગરબો લે એ એની પ્રમુખ વિશેષતા છે. સોળમી સદીમાં યુરોપમાં 'વોલ્ટઝ' નામનો એક નૃત્ય પ્રકાર વિકસ્યો. 'વોલ્ટઝ'ને અંગ્રેજીમાં આ રીતે સમજાવી શકાય : WALTZ is an elegant dance that you do with a partner, to music which has a rhythm of three beats; the music for this dance ત્રણ બીટ પર કરવામાં આવતો આ નૃત્ય પ્રકાર હિન્દી ફિલ્મોમાં શરૂ કરવાનો શ્રેય સંગીતકાર અનિલ બિશ્વાસને જાય છે. ૧૯૪૦માં આવેલી મેહબૂબ ખાન દિગ્દર્શિત ફિલ્મ 'અલીબાબા'માં પહેલી વાર વોલ્ટઝ રિધમ પર આધારિત ગીત રજૂ થયું હોવાનું માનવામાં આવે છે. સુરેન્દ્ર અને વહિદન બાઈ (વહિદા રેહમાન નહીં)ના યુગલ સ્વરમાં રેકોર્ડ થયેલા આ ગીતનું મુખડું હતું 'હમ ઔર તુમ ઔર યે ખુશી, યે કહકહેં યે દિલ્લગી, છિટકી હુઈ હૈ ચાંદની'. રોમાનિયાના કંપોઝર જોસેક ઈવાનોવિચીએ ૧૮૮૦માં કમ્પોઝ કરેલો 'વેવ્ઝ ઑફ ડેન્યુબ' ટ્યુન વિશ્વભરના કલાપ્રેમીઓના હૃદયમાં વસી ગઈ હતી. ફિલ્મ ઈતિહાસની નોંધ અનુસાર રાજ કપૂરે અમેરિકન મ્યુઝિકલ ફિલ્મ The Jolson Story જોઈ. આ ફિલ્મમાં રાજજીએ પહેલી વાર વોલ્ટઝની બિટ્સ સાંભળી અને એનાથી એટલા સંમોહિત થયા કે એમણે એનો ઉપયોગ આર.કે. બેનરની બીજી ફિલ્મ 'બરસાત' (૧૯૪૯)માં પહેલી વાર કર્યો હતો.

આ ટ્યુન પાછળની કથા રસપ્રદ છે. 'બરસાત'માં (છોડ ગયે બાલમ, મુજે હાય અકેલા છોડ ગએ) આ ધૂન રાજ કપૂરના યુનિટમાં કામ કરતા વાદક જો મેનેઝિસ નામના વાયોલિનવાદકે વગાડી હતી. રાજ કપૂર આ ટ્યુનના દીવાના થયા હતા અને આર. કે. ફિલ્મ્સની 'જિસ દેસ મેં ગંગા બહતી હૈ' (૧૯૬૦), 'સંગમ' (૧૯૬૪), 'મેરા નામ જોકર' (૧૯૭૦), 'બોબી' (૧૯૭૩) તેમ જ 'બીવી ઓ બીવી' (૧૯૮૧)માં બેકગ્રાઉન્ડ મ્યુઝિકના હિસ્સા તરીકે અથવા ગીતના સ્વરાંકનમાં ઈન્ટરલ્યુડમાં એનો ઉપયોગ કર્યો હતો. આ ટ્યુનના રહસ્ય પરથી પડદો ઊંચકી જો મેનેઝિસના પુત્ર અર્નેસ્ટ મેનેઝિસે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે 'અમે 'સંગમ' ફિલ્મ માટે બેકગ્રાઉન્ડ મ્યુઝિક તૈયાર કરી રહ્યા હતા એમાં 'વેવ્ઝ ઑફ ડેન્યુબ' ટ્યુનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો ત્યારે રાજસાબે એની કથા સંભળાવી હતી. એમણે જણાવ્યું કે 'બરસાત'માં એનો પહેલી વાર ઉપયોગ કર્યા પછી કોપીરાઈટનું રક્ષણ કરતા લોકો એમની પાસે પહોંચી ગયા. તમે માનશો? રાજજીએ ૧૯૪૯માં ૩૫ હજાર રૂપિયા ચૂકવી એ ટ્યુનના રાઇટ્સ ખરીદી લીધા જેથી ભવિષ્યમાં જ્યારે પણ એ ટ્યુન વાપરવાની ઇચ્છા થાય ત્યારે સત્તાવાર રીતે એ વાપરી શકાય!'

જરા વિચાર કરો કે રાજ કપૂરને એ ધૂનનું કેવું ઘેલું લાગ્યું હશે? આખી 'બરસાત' ફિલ્મ ૩૫ લાખ રૂપિયામાં તૈયાર થઈ હતી અને ૩૫ હજાર રૂપિયા તો માત્ર એક ધૂન માટે ચૂકવી દેવાના અને જેનો ફિલ્મમાં ઉપયોગ થોડી ક્ષણ માટે જ કરવાનો હોય! રાજ કપૂરને 'ગ્રેટેસ્ટ શોમેન' અમથા કહેવામાં આવ્યા છે?

જો કે, એમના માટે આ એક જોરદાર રિટર્ન ઑફ ઈન્વેસ્ટમેન્ટ (રોકાણ સામે જોરદાર વળતર) સાબિત થયું અને કેટલીક ફિલ્મોમાં એનો ઉપયોગ કરી દર્શકોને મોજ કરાવી. 'મેરા નામ જોકર'ના અવિસ્મરણીય ગીત 'જીના યહાં મરના યહાં'માં પણ શંકર-જયકિશને આ ધૂન વગાડી જેનો ગીતને હૃદયસ્પર્શી બનાવવામાં પ્રમુખ ફાળો હતો. હકીકતમાં આ ફિલ્મમાં રાજ કપૂરનું જોકરનું પાત્ર જ્યારે જ્યારે લાગણીશીલ થઈ જાય છે ત્યારે આ 'વેવ્ઝ ઑફ ડેન્યુબ' ટ્યુનનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેનાથી એ દૃશ્ય સાથે દર્શકો લાગણીના તંતુએ જોડાઈ જાય છે.

રાજ કપૂરની જાણકારી માટે અત્યંત વિશ્વસનીય એવા પુસ્તક 'રાજ કપૂર - ધ વન એન્ડ ઑન્લી શોમેન' (પ્રસ્તુતકર્તા રાજજીનાં પુત્રી રિતુ નંદા)માં ગ્રેટેસ્ટ શોમેને પોતાના સંગીત પ્રેમ વિશે વિગતે વાત કરી છે. એમાંથી અમુક રસપ્રદ જાણકારી પેશ છે. રાજજીએ જણાવ્યું છે કે 'મને બાળપણથી જ સંગીત માટે રુચિ અને લગાવ હતાં. સાચું કહું તો મારી પ્રથમ ઇચ્છા મ્યુઝિક ડિરેક્ટર બનવાની હતી. કારકિર્દીની પ્રારંભિક ફિલ્મો 'ચિતોડ વિજય' 'જેલ યાત્રા' અને 'ગોપીનાથ'માં મેં પ્લેબેક સિંગિંગ પણ કર્યું હતું. કલકત્તામાં પાપાજી (પૃથ્વીરાજ કપૂર) નાટ્ય પ્રવૃત્તિ કરતા હતા ત્યારે ન્યૂ થિયેટર્સના રાયચંદ બોડાલના મ્યુઝિક રૂમ, એમના સાજિંદાઓથી હું બહુ પ્રભાવિત થયો હતો. મુંબઈ આવ્યા પછી હું નારાયણ રાવ વ્યાસની સંગીત અકાદમીમાં ત્રણ વર્ષ સુધી હાર્મોનિયમ, તબલાં, સિતાર વાજિંત્રો વગાડતાં શીખ્યો. સંગીતકાર અનિલ બિશ્વાસ સાથે પણ થોડો સમય મેં કામ કર્યું હતું. મને ગીતની ધૂન તૈયાર કરવામાં બહુ મજા પડતી હતી. રામ બાબુ ('આગ'ના સંગીતકાર રામ ગાંગુલી) સાથે મેં ગીત સ્વરબદ્ધ કર્યાં હતાં અને શંકર-જયકિશન સાથે પણ કેટલીક ધૂન તૈયાર કરી હતી. ફિલ્મમાં ગીત-સંગીતની હાજરીનું મહત્ત્વ મને બરાબર સમજાઈ ગયું હતું. 'જાગતે રહો' ફિલ્મની તૈયારી કરી ત્યારે એમાં એક પણ ગીત નહોતું. ફિલ્મની ત્રણ સિચ્યુએશનમાં મને ગીતની હાજરી જરૂરી લાગી અને પછી બીજા બે ગીત પણ ઉમેરાયાં. એકેય ગીત નહોતું ત્યાં પાંચ ગીત આવી ગયાં... અમુક વાર એવું પણ બન્યું છે કે મેં ગીત રેકોર્ડ કર્યું હોય, એનું પિક્ચરાઈઝેશન પણ કર્યું હોય, પણ પછી મને એ ગીત ફિલ્મની વાર્તા સાથે સુસંગત ન લાગે તો એ ગીત ફગાવી દીધું છે. 'સંગમ' માટે એક ગીત મેં ઈટલીના વેનિસ શહેરમાં શૂટ કર્યું હતું, પણ પછી ફિલ્મના વહેણમાં એ ગીત મને ખટક્યું એટલે પડતું મૂક્યું. એવી જ રીતે 'સત્યમ શિવમ સુંદરમ' માટે પણ એક તૈયાર ગીત મેં ફિલ્મમાંથી કાઢી નાખ્યું હતું.'

વિદેશમાં ગીતના શૂટિંગનો કેવો ખર્ચ થાય એ સૌ કોઈ જાણતું હશે અને તેમ છતાં ફિલ્મમાં બંધબેસતું નહીં લાગવાને કારણે એ પડતું મૂકવા માટે જીગર જોઈએ જે રાજ કપૂર પાસે ભારોભાર હતું.

'બોબી'નો પણ એક મજેદાર પ્રસંગ પુસ્તકમાં ટાંકવામાં આવ્યો છે. આ ફિલ્મ દરમિયાન રોયલ્ટીના મુદ્દે લતાદીદીને રાજજી સાથે વાંકું પડ્યું. દીદી 'બોબી' માટે ગીત ગાય એવો રાજજીનો આગ્રહ હતો, પણ લતાજીએ નનૈયો જ ભણ્યો. ફિલ્મના સંગીતકાર લક્ષ્મીકાંત-પ્યારેલાલે મધ્યસ્થી કરી જોઈ, પણ દીદીએ એમની વાત પણ કાને ધરી નહીં. અંતે રાજ કપૂરે લતાજીને ફોન કરીને કહી દીધું કે 'જો તમે 'બોબી' માટે ગીત ગાવા તૈયાર નહીં થાવ તો હું તમારા ઘર સામે તંબૂ તાણીને બેસી જઈશ.' અંતે લતા મંગેશકર માની ગયાં અને ૧૬ વર્ષની ડિમ્પલ કાપડિયા માટે 'એ ફસા', 'જૂઠ બોલે કૌવા કાટે' અને 'અક્સર કોઈ લડકા' જેવા યાદગાર ગીત આપણને મળ્યાં! ■

---

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

# દિલદાર સ્ટાર-કલાકારોની દોસ્તીની દાસ્તાન

બદનામ ફિલ્મ-લાઈનમાં સ્ટાર લોકો વચ્ચેની દુશ્મનીના કિસ્સાઓ છાપાં-મૅગેઝિન-ટી.વી.મીડિયામાં ખૂબ ગાજતા રહે છે, પણ એની સામે કલાકારો વચ્ચે દોસ્તી પણ એવી જ તગડી હોય છે , જેનાં અનેક બેનમૂન દાખલા છે. મજાની વાત એ છે કે 'દોસ્તી' શબ્દ પરથી બનેલી ફિલ્મો સાથે જ 'દોસ્તી'ના અનેક કિસ્સા જોડાયેલા છે!



પ્યારેલાલ  આર.ડી.બર્મન

૧૯૬૪માં રાજશ્રી ફિલ્મ્સની મ્યુઝિકલ હિટ ફિલ્મ 'દોસ્તી'માં સંગીત લક્ષ્મી-પ્યારેનું હતું, પણ બધાં જ ગીતોમાં માઉથ ઓર્ગન નામનું વાજિંત્ર એલ.પી.ના હરીફ સંગીતકાર આર.ડી.બર્મને વગાડેલું, કારણકે ત્યાં હરીફાઈ કરતાં દોસ્તી વધુ મજબૂત હતી. એ પછી ૧૯૮૦માં આર.ડી.ના 'ચાંદ મેરા દિલ, ચાંદની હો તુમ' ગીત માટે મહોમ્મદ રફીજીને પ્લેબેક સિંગરનો 'ફિલ્મફેર' એવોર્ડ મળેલો, પણ સંગીત માટે ત્યારે લક્ષ્મી-પ્યારેને એવોર્ડ મળેલો, આર.ડી.ને નહીં! એ જ 'ફિલ્મફેર'ના સમારંભમાં લક્ષ્મી-પ્યારે પોતાનાં ગીતો રજૂ કરવાના હતા ત્યારે પ્યારેલાલે સામેથી આર.ડી બર્મનને કહ્યું: 'પંચમદા, અમારો કાર્યક્રમ રફીસાહેબના અવાજમાં તમારું ગીત 'ચાંદ મેરા દિલ.'થી જ શરૂ કરશે, જેને અમે અમારી ઓરકેસ્ટ્રા ટીમ સાથે પેશ કરીશું'



અમિતાભ બચ્ચન – શત્રુઘ્ન સિન્હા

નિર્દેશક દુલાલ ગુહાએ 'દુશ્મન' (૧૯૭૧) જેવી અતિસફળ ફિલ્મ સુપરસ્ટાર રાજેશ ખન્ના સાથે બનાવેલી. પછી એ જ ગુહાએ 'દુશ્મન' બાદ ૧૯૭૪માં 'દોસ્ત' ફિલ્મ બનાવેલી! અને બેઉ ફિલ્મ રાજેશ ખન્ના અને શત્રુજીએ એકમેકને અપાવેલી.. પણ એ જ શત્રુઘ્નજી ખુદ રાજેશ ખન્ના સામે ૧૯૯૨માં દિલ્હીમાં લોકસભા ઇલેક્શન હારી ગયેલા, જેને શત્રુઘ્નજીએ 'જિંદગીની સૌથી મોટી ભૂલ ગણાવેલી' કે 'મારે મિત્ર સામે આવા ચુનાવી કિચડમાં ઊતરવું જોઈતું નહોતું.'

શરૂઆતના એક દાયકામાં શાહરૂખ ખાન અને સલમાન ખાન વચ્ચે ખૂબ દોસ્તી હતી પછી અચાનક એક ફિલ્મી પાર્ટીમાં નજીવી વાત માટે ઝઘડો થયો અને શાહરૂખ-સલમાન વચ્ચે વરસો સુધી અબોલાં રહ્યાં. ત્યાં સુધી કે શાહરૂખની કંપનીએ બનાવેલી ફિલ્મ 'ચલતે ચલતે'માં અગાઉ ઐશ્વર્યા રાય હીરોઇન હતી, પણ સલમાને એને સેટ પર જોઈ પછી એને રોકી અને ખૂબ ધમ્મપછાડા કરેલા. આવી દુશ્મની છતાં પણ શાહરૂખ તો સલમાનનાં મા-બાપને નિયમિત મળતો. સલમાનના લેખક-પિતા સલિમ ખાન સાથે ચર્ચાઓ કરતો અને સલમાનના ઘરે જમીને જ જતો! પછી તો હમણાં જ જેમની હત્યા થઈ એ મુંબઇના બાંદ્રા વિસ્તારના વિધાનસભ્ય બાબા સિદ્દીકીની એક ઇફ્તાર પાર્ટીમાં બાબા સિદ્દીકીએ જ સલમાન અને શાહરૂખ વચ્ચે સુલેહ કરાવેલી, જે દોસ્તી આજ સુધી અકબંધ છે.



રાજેશ ખન્ના– વિનોદ ખન્ના

જો કે 'દોસ્તાના' (૧૯૮૦)ની વાર્તા ભલે બે દોસ્તની દોસ્તી પર હતી, પણ એ ફિલ્મના શૂટિંગ દરમ્યાન ગાઢ મિત્ર અમિતાભ અને શત્રુઘ્ન વચ્ચે દુશ્મની શરૂ થઈ ગયેલી! એ બેઉએ 'દોસ્તાના' પછી ક્યારેય સાથે કામ કર્યું નહીં અને 'નસીબ' જેવી અધૂરી ફિલ્મ માંડમાંડ પૂરી કરવી પડી. સંઘર્ષના સમયમાં શત્રુજી અને અમિતજી સારા મિત્ર હતા. શત્રુ ત્યારે કામયાબ સ્ટાર-વિલન પુરવાર થયેલા એટલે એમની પાસે એક કાર હતી, જેમાં અમિતાભ સાથે ખૂબ રખડતા, પણ 'દોસ્તાના' ફિલ્મ બાદ વરસો સુધી બેઉ વચ્ચે ભારે અબોલાં રહ્યાં. આમ તો 'કાલા પથ્થર' અને 'નસીબ' જેવી ફિલ્મ વખતે જ બન્ને વચ્ચે તનાવ શરૂ થઈ ગયેલો. વરસો બાદ અમિતાભે પુત્ર અભિષેકના લગ્ન નિમિત્તે આખી ફિલ્મ ઇંડસ્ટ્રીને મીઠાઈ મોકલાવેલી ત્યારે શત્રુઘ્ને તો એ મીઠાઈ પણ પરત મોકલાવી દીધેલી! છેવટે છેક હમણાં શત્રુઘ્ન, બહુ જ બીમાર પડેલા ત્યારે અમિતાભ એમને હૉસ્પિટલમાં મળવા ગયેલા. બેઉ ભેટીને રડેલા અને ફરી દોસ્તી સંધાઈ ગઈ.

જે નિર્માતા-નિર્દેશક યશ ચોપરા સાથે સુપર-સ્ટાર અમિતાભ બચ્ચને દીવાર - ત્રિશૂલ - કભી કભી - કાલા પથ્થર જેવી યાદગાર ફિલ્મો કરેલી, એ બંને વચ્ચે ૧૯૮૧માં આવેલી ફિલ્મ - સિલસિલા પછી દોસ્તી ખરાબ રીતે તૂટી ગયેલી. ત્યાં સુધી કે અમિતજીએ ખુશવંત સિંઘ દ્વારા સંપાદિત માતબર મૅગેઝિન ઇલસ્ટ્રેટેડ વીકલીમાં યશ ચોપરા વિશે કહેલું કે જો કોઈ ટેલેંટ વિના વારંવાર ફલૂકમાં, યોગાનુયોગ-નસીબજોગે કે તુક્કાથી સફળ હોઈ શકે તો એ છે - યશ ચોપરા! પછી છેક ૨૦૦૦માં અમિતજીનો ખરાબ સમય આવ્યો ત્યારે ફરી યશજીની 'મહોબ્બતે' ફિલ્મથી બેઉનો સંબંધ મહોબ્બત પૂર્વક રહ્યો.

૧૯૮૭માં નિર્દેશક મહેશ ભટ્ટે 'કાશ' નામની ફિલ્મ લખેલી જેમાં એક ફલોપ અને હતાશ સુપર-સ્ટાર, એના બાળક અને એક સમયની પત્ની સાથેનો કડવો ડ્રામા એની વાર્તામાં હતો. પત્નીનો રોલ, ડિમ્પલ કાપડિયા કરવાનાં હતાં એટલે વાત સાફ હતી કે હીરોનો રોલ, રાજેશ ખન્નાના વ્યક્તિત્વ પરથી પ્રેરિત હતો. મહેશ ભટ્ટે એ વાર્તા, ત્યારના સ્ટાર વિનોદ ખન્નાને સંભળાવી. વિનોદે તરત પૂછ્યું, 'યહ ફિલ્મ કાકા (રાજેશ ખન્ના) કે કિરદાર પર લિખી ગઇ હૈના? સોરી, મૈં ફિલ્મ છોડ સકતા હું, દોસ્તી નહીં.' ...કારણ કે વિનોદ અને રાજેશ, કૉલેજકાળના પાક્કા મિત્રો હતા.

એક વાર રાજ કપૂરના અભિનેતા પુત્ર ને કરીના કપૂરના પિતા રણધીર કપૂરે, દેવ આનંદને અમસ્તાં જ કહેલું કે એમનો આર.કે. સ્ટુડિયો હવે બહુ ચાલતો નથી કારણકે મુંબઈથી દૂર ચેંબૂર પરામાં હોવાને લીધે, ટ્રાફિક પાર કરીને લોકો શૂટિંગ કરવા આવતા નથી. આ સંભળીને દેવસાહેબે તરત કહેલું, આજ સે દેવ કી કંપની નવકેતન કી હર ફિલ્મ કા સેટ રાજ કપૂર સ્ટુડિયો મેં હી લગેગા. મેરે યાર કા સ્ટુડિયો હૈ, ઉસ કે લિયે દેવ ઇતના તો કર સકતા હૈના? અને ૮૦માં વરસે પણ દેવસાહેબ પાર્લા જૂહૂથી, જાતે દોઢ કલાક કાર ચલાવીને ચેંબૂર સુધી શૂટિંગ કરવા જતા! વળી રાજ કપૂર જ્યારે જીવનના અંતે કોમામાં હતા ત્યારે દિલીપકુમાર, રાજજીને હોશમાં લાવવા, એમના કાનમાં પેશાવરની બોલીમાં 'ઊઠ જા લાલે ..ઊઠ જા' વગેરે બોલીને જગાડવાનો પ્રયત્ન કરતા કારણ કે બેઉ મૂળે તો પાકિસ્તાનના પેશાવર વિસ્તારથી આવેલા.

જો કે લોકો બોલીવૂડમાંની આવી દોસ્તી વિશે ભાગ્યે જ વાત થાય છે કારણ કે એમાં ગોસિપના બે સિપ નથી હોતા, કૂથલીમાં કૂટાયેલ મસાલો નથી મળતો, પણ સૌ ભૂલી જાય છે કે સ્ટાર-યાર કલાકાર, આખરે તો આપણા જેવા જ રિસાતા-મનાતા હાડચામના માણસો છે. ■

---

# 'તકલીફ'ના પહેલા બે અક્ષરમાં જ 'તક' છે..!


સાત્વિકમ્ શિવમ્
અરવિંદ વેકરિયા

અમારું નાટક 'શક' બેશક ચાલશે એ આશા ભલે ઠગારી નીકળી, પણ 'કલંક' નાટકે એ દિગ્દર્શકનું કલંક ધોઈ નાંખ્યું. 'કલંક' નાટકમાં એક ફિલ્મ બનાવવી જરૂરી હતી. જે નાટકમાં તખ્તા પર વાર્તા પ્રમાણે બતાવવી આવશ્યક હતી. 'શક'ની ખોટની કળ તુષારભાઈને વળે એ પહેલાં આ ફિલ્મની વાત આવી, જે થોડી ખર્ચાળ પણ હતી. જરૂરી તો હતું પણ વિચાર પૈસાનો કરવાનો હતો. માણસને પરિસ્થિતિ કરતાં વિચારોનો થાક વધુ લાગતો હોય છે. તુષારભાઈ વેપારી માણસ હતાં. એમણે કહ્યું :

'થોડી વાર ભલે એડજસ્ટમેન્ટમાં લાગે પણ ફિલ્મ બનાવીએ...' આ વાત કરતા પણ મોઢા ઉપર મૂંઝવણ દેખાતી. 'કલંક' નાટકની સેટ-ડિઝાઇન જેનાં નામ નાટકની દુનિયા કાયમ યાદ રાખશે એવા છેલ-પરેશની હતી. છેલભાઈ થોડા બોલકા તો પરેશ દરુ થોડા ગંભીર. આ મારો અનુભવ. પરેશભાઈ પોતાનું કામ મૂંગા મોઢે પાર પાડી દે. દરિયા છોરું ગુજરાતી ફિલ્મમાં,પીપાવાવથી સિયાલબેટ હોડીમાં જવાનું રહેતું. એ સિયાલબેટમાં કોઈ 'પણ' કામ માટે બિસલેરીનું જ પાણી વાપરવું પડતું. ત્યાનાં પાણીમાં સ્કીન-ડિઝીઝ ( ત્વચાનો રોગ) થવાની પૂરી શક્યતા રહેતી. ત્યાં એક ગામડાનો સેટ બનાવવામાં પરેશભાઈએ આખી રાત જાગી કામ પૂરું કરેલું. પરેશભાઈ પ્રકૃતિપ્રેમી હતાં. કરજત પાસે સરસ ઝૂંપડી બાંધી ત્યાં મન થાય ત્યારે રહેવા ચાલ્યા જતા. જો કે પછી તો એ કાઢી નાંખી.

એ હિમાલય પણ અવારનવાર જતાં. જ્યાંથી એક-મુખી રુદ્રાક્ષ મારે માટે ભેટ રૂપે લઈ આવેલા. એમનાથી ફિલ્મવાળી વાત છૂપી નહોતી રહી.

કહે છે કે ખરાબ સમયમાં ખભા ઉપર રાખવામાં આવેલ હાથ કામયાબીમાં મળતી તાળીઓ કરતાં વધારે તાકાતવર હોય છે. એમણે ફિલ્મનો ખર્ચ દૂર કરવાનો કીમિયો બતાવ્યો. સાચું કહું તો ત્યારે મને ખબર પડી કે પરેશભાઈ અચ્છા ફોટોગ્રાફર પણ છે.



પરેશ દરુ

એમણે જરૂરી હોય એટલી સ્લાઈડસ બનાવી અને ફિલ્મની અવેજમાં બનેલી આ સ્લાઈડસ ગજબનું કામ કરી ગઈ અને 'કલંક' સફળ પુરવાર થયું. તુષારભાઈનું ટેન્શન અને ખર્ચ ટળી ગયા. પરેશભાઈ કહે : આવાં ઘણાં કામ દ્વારા અમે નિર્માતાના અનેક પૈસા બચાવ્યાં છે. ચિંતા કરવાની નહિ કે આવતી તકલીફોથી મૂડ' બગાડવાનો નહીં. તકલીફના પહેલાં બે અક્ષરોમાં જ તક સમાયેલી હોય છે.'

'કલંક' નાટક સફળ રહ્યું, ઘણાં શોઝ થયાં. ગુજરાત-સૌરાષ્ટ્રમાં પણ આયોજકો કમાયા. એ વખતે મારે પત્રકાર તારકનાથ ગાંધીને પણ મળવાનું થયું. ઘણા સમય પહેલાં મળેલો ખરો, લાલુભાઈ શાહના વખતે, પણ ત્યારે હું હજી ઊગીને ઊભો થતો હતો. કાંતિ મડિયા રૂપાંતરિત નાટક 'જીવન-સાથી', જે એન.એસ.ડી.માંથી તાજા' આવેલ અજિત વાચ્છાનીએ ડિરેક્ટ કરેલું. નાટક સારું, પણ ટિકિટબારી ઉપર નિષ્ફળ. એ નાટકને 'સફળ' બનાવવાનું બીડું ત્યારે તારકનાથ ગાંધીએ ઝડપ્યું. ૩૨ શો સુધી સાધારણ કલેક્શન આપતું એ નાટક ગાંધીની કમાલે 'હાઉસ ફૂલ' નાં બોર્ડ ઝૂલાવતું કરી બતાવ્યું. આજનાં જેટલી સામાજિક સંસ્થાઓ એ વખતે ન હોવા છતાં અમે એ નાટકના ૨૫૦થી વધુ શો કરેલાં.

એ તારકનાથ ગાંધી અચાનક મળ્યાં, 'કલંક'નાં રિહર્સલમાં. એ મૂળ ફિલ્મી પત્રકાર અને ફિલ્મી દુનિયાનું જાણીતું નામ. કલાકારો પણ એમની કલમથી ગભરાતાં. પીવા'નાં ગજબના શોખીન. રિહર્સલમાં આવીને મને કહે, આ નાટકનું એનાઉન્સમેન્ટ હું 'કાકા' (રાજેશ ખન્ના) પાસે કરાવી આપું.' હું રોમાંચિત થઈ ગયો. મેં પ્રશ્ન કર્યો : કેટલાં (પૈસા) આપવા પડે?' ગાંધી કહે, 'આમ તો એ આવાં કામ ન કરે, પણ થિયેટરનો જીવ છે એટલે હું કહીશ તો ખાલી ૫૦૦૦/- માં કામ થઈ જશે.' એમને આ રકમ 'ખાલી' લાગતી હતી, પણ 'ખાલી' થઈ ગયેલા તુષારભાઈ માટે દોથો 'એક..'. આ વાત એમને કહેવી કેમ? એ સમયે ૫૦૦૦ બહુ મોટી રકમ હતી. જ્યાં નાટક જ આખું ૧૫-૨૫ હજારમાં તૈયાર થઈ જતું. મેં ગાંધીને કહ્યું, આ વખતે પ્રોડક્શન થોડું બજેટ બહાર ગયું છે, પણ મારું નવું નાટક આવશે ત્યારે પી.આર.ઓ. તમે જ હો એવી ઈચ્છા છે.!'

'કલંક' આમ પણ મોંઘુ થતું હોય ત્યાં એક 'કવર' ક્યાં વધારવું? નાટક એ પછી જયારે નબળું પડવા માંડ્યું ત્યારે મન થયું કે 'ગાંધીની સેવા' લઈએ પણ એ વખતની પરિસ્થિતિને લઈ ધાર્યું ન થયું. મન મનાવ્યું કે ધાર્યું ન થઈ શકે તો અફસોસ ન કરવો, ક્યારેક અણધાર્યું પણ અફલાતુન થઈ જતું હોય છે. નવા નાટકને 'અફલાતુન' બનાવવા મેં ગાંધીને કામ આપવાનું મનોમન નક્કી કરી લીધું.

જયારે 'કલંક' નાટક 'વધાવી' લેવાની તૈયારીમાં હતું ત્યારે તુષારભાઈએ રાજેન્દ્રને નવા નાટકનો વિષય શોધવા ગ્રીન સિગ્નલ આપી દીધું. રાજેન્દ્ર સ્પષ્ટ વક્તા. એણે કહ્યું, 'હમણાં જો નાણાભીડ હોય તો રહેવા દઈએ, પછી પણ કરી જ શકાયને?' એમણે કહ્યું, 'આવું બનતું નથી પણ 'શક'ને કારણે જરા ઉપર-નીચે થઈ ગયું. બાકી હું તો ફિલ્મ પણ નાટક માટે બનાવી લેત... ભલું થાજો પરેશભાઈ દરુનું, એમણે નિર્માતાના પૈસા બચાવ્યાં. નાટક તો હું કરવાનો જ. ટેમ્પરરી પરિસ્થિતિ માટે ટેમ્પરેચર ન ગુમાવાય'.

રાજેન્દ્રને થયું કે આંધળો વિશ્વાસ રાખનાર નિર્માતાને આ જરા વધુ પડતું કહેવાય ગયું. ભૂલ થઈ', 'સોરી' એવી ઔપચારિક વાતો થઈ. રાજેન્દ્રએ નાટકની તૈયારી બતાવી. એક ઈંગ્લિશ ફિલ્મ પરથી એ બનાવશે અને એક બે દિવસમાં 'વન લાઈન' તમને સંભળાવું છું એમ પણ કહ્યું :

તમે નાડપારખું છો. 'શક'માં અમે ખોટા પડ્યા પણ 'વાત મધરાત..' અને 'કલંક' માં તમારી કુનેહ કામ કરી ગઈ. 'શક'ની નુકસાની માટે સોરી..' તુષારભાઈએ સરસ જવાબ આપ્યો :

'સ્વીકાર કરવાની હિંમત અને સુધરવાની દાનત હોય તો માણસ ઘણું શીખી શકે છે. જલ્દી વન- લાઈન તૈયાર કરો એટલે મળીએ..' ■

**ડબ્બલ રિચાર્જ**

ખબર નહિ લોકો કઈ રીતે રહી શકતાં હોય છે. વાઈફ વગર... મારે તો પડોશીની વાઈફ પિયર જાય તો મારું મન નથી લાગતું....

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

## રાજ કપૂર@૧૦૦

# ડબ્બામાં બંધ રાજ કપૂર

### આર.કે. નાં ચિત્રપટો તેમજ એમનાં ગીત-સંગીતે સિનેરસિકોને મોજ કરાવી છે, પણ એમની કેટલીક ફિલ્મોથી આપણે વંચિત રહ્યા છીએ....

રાજ કપૂરની ફિલ્મો, એમની હીરોઈનો, એમની અલગ શૈલીની વાર્તાની આગવી રજૂઆતનો, એમની ફિલ્મોના ગીત - સંગીતનો આનંદ ફિલ્મ રસિયાઓ અનેક વર્ષોથી લેતા આવ્યા છે અને હજી પણ પ્રસંગોપાત માણવાનું ચૂકતા નથી. આર. કે. ફિલ્મ્સના બેનરની ફિલ્મો હોય કે અન્ય નિર્માતાની ફિલ્મો હોય, રાજ કપૂરે સિને રસિકોનું ભરપેટ મનોરંજન કર્યું છે. આવતી કાલે રાજજીની જન્મ શતાબ્દી છે એ નિમિત્તે એમની એવી કેટલીક ફિલ્મો વિશે જાણીએ, જે તૈયાર કરવાનું નક્કી કર્યા પછી વિવિધ કારણોસર શરૂ ન થઈ કે અધવચ્ચે અટકી પડી કે પૂરી થયા પછી રિલીઝ ન થઈ શકી. પરિણામે ફિલ્મ રસિયાઓ એને માણવાનું ચૂકી ગયા. આવી ડબ્બામાં બંધ પડેલી રાજ કપૂરની ફિલ્મો વિશે જાણીએ. રિલીઝ ન થયેલી એમની એક મહત્ત્વની ફિલ્મ 'રિપોર્ટર રાજુ' વિશે અગાઉ 'મુંબઈ સમાચાર'ની આ કોલમમાં વિગતવાર લેખ લખ્યો હોવાથી એનું પુનરાવર્તન અહીં ટાળ્યું છે.

દિલીપકુમાર - દેવ આનંદ સાથે આપણને એક જ ફિલ્મ ('ઈન્સાનિયત' - ૧૯૫૫)માં સાથે જોવા મળ્યા. રાજ કપૂર - દિલીપ કુમાર પણ એક જ ફિલ્મ (મેહબૂબ ખાનની અંદાઝ - ૧૯૪૯)માં સાથે આવ્યા અને રાજ કપૂર - દેવ આનંદ સાથે હોય એવી પણ એક જ ફિલ્મ (શ્રીમાનજી - ૧૯૬૮) હતી. અલબત્ત, આ ફિલ્મમાં રાજ કપૂર રાજ કપૂર તરીકે અને દેવ આનંદ પણ દેવ આનંદ તરીકે હતા અને બંનેનો એક પણ શોટ સાથે નહોતો. એ જ રીતે રાજ કપૂર અને અશોક કુમાર પણ સાથે હોય એવો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક જ પ્રસંગ બન્યો છે. ૧૯૫૨માં રિલીઝ થયેલી એ ફિલ્મનું નામ 'ચોર મંડલી' હતું. ટ્રેજિક લવસ્ટોરીવાળી આ ફિલ્મની હીરોઈન હતી નરગિસ. ૩૦ વર્ષના વહાણાં વીતી ગયા પછી ૧૯૮૨માં રાજ કપૂર અને અશોક કુમારને સાથે ચમકાવતી ફિલ્મ 'ચોર મંડલી' રિલીઝ થવાની હતી. ફિલ્મનું બધું કામ આટોપાઈ ગયું હોવા છતાં કાનૂની ગૂંચમાં અટવાઈ જવાને કારણે સિને રસિકો રાજ કપૂરને દાદામુની સાથે જોવાનું ચુકી ગયા. આ ફિલ્મની રસપ્રદ વાત એ છે કે આશા પારેખને પહેલી વાર રાજ કપૂર સાથે જોડી જમાવવાનો મોકો મળ્યો હતો. આશાજીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'મને લગભગ દરેક ટોપ હીરો સાથે કામ કરવા મળ્યું હતું. કમનસીબે રાજ કપૂર સાથેની ફિલ્મ રિલીઝ ન થઈ શકી. એ સમયે દિલીપ - રાજ - દેવ સાથે કામ કરવા દરેક હીરોઈન થનગનતી હતી. દેવ સાબ સાથે તો ત્રણ ફિલ્મો કરી (મહલ, કહીં ઔર ચલ અને જબ પ્યાર કિસી સે હોતા હૈ). 'ચોર મંડલી' મજેદાર ફિલ્મ બની હતી, પણ સિને રસિકોના નસીબમાં નહોતી.'



'ચોર મંડલી'માં અશોક કુમાર - રાજ કપૂર



'ઉમ્મીદ'માં રાજ કપૂર - શમ્મી કપૂર

આ સિવાય 'મહલ', 'પાકીઝા' જેવી અવિસ્મરણીય ફિલ્મોના દિગ્દર્શક કમાલ અમરોહીએ અશોક કુમાર, રાજ કપૂર અને શમ્મી કપૂરને લઈ ફિલ્મ બનાવવાની શરૂઆત કરી હતી પણ એક ગીત અને કેટલાક હિસ્સાનું શૂટિંગ થયા પછી ફિલ્મ ક્યાં ખોવાઈ ગઈ એ કોઈને ખબર જ ન પડી. 'રાજેશ ખન્ના પ્રેઝન્ટ્સ' તરીકે એની જાહેરખબર પણ કરવામાં આવી હતી.

આર. કે. બેનર હેઠળ જે ફિલ્મો બની એમાં રાજ કપૂરની ફેવરિટ હતી 'મેરા નામ જોકર'. જોકે, ૧૯૭૦માં ફિલ્મ રિલીઝ થઈ ત્યારે બોક્સ ઓફિસ પર એવી પછડાટ ખાધી કે રાજ કપૂરને બોક્સ ઓફિસ પર રાતા પાણીએ રોવાનો વારો આવ્યો. જોકે, પછી એ કલ્ટ ફિલ્મ સાબિત થઈ અને રણધીર કપૂરના જણાવ્યા અનુસાર ખૂબ કમાણી કરવામાં સફળ પણ રહી. જાણવા જેવી વાત એ છે કે 'મેરા નામ જોકર' રિલીઝ થઈ એના સાતેક વર્ષ પહેલા રાજજીને એક ફિલ્મમાં વિદૂષક (જોકર)ના રોલમાં રજૂ કરતી ફિલ્મ માટે સાઈન કરવામાં આવ્યા હતા. ફિલ્મના ડિરેક્ટર હતા નંદલાલ જશવંતલાલ (નાગિન, અનારકલી, ચંપાકલી, આમ્રપાલી વગેરે એમની પ્રખ્યાત ફિલ્મો)અને મુખ્ય ભૂમિકામાં રાજ કપૂરની સાથે વૈજયંતિમાલાને સાઈન કરવામાં આવ્યાં હતા. સર્કસમાં કામ કરતા લોકોના જીવન પર આધારિત કથા હતી. નિર્માણ કંપની ચંદુલાલ શાહની 'રણજીત મુવિટોન' હતી. જોકે, નાણાખેંચને કારણે ફિલ્મના કેટલાક રીલ બની ગયા પછી પડતી મૂકવી પડી હતી. ડબ્બામાં બંધ પડેલી કેટલીક ફિલ્મોનાં દ્રશ્યો અને ગીતો દર્શાવતા ચિત્રપટ 'ફિલ્મ હી ફિલ્મ' (૧૯૮૩)માં 'બહુરૂપિયા'નું એક ગીત અને વૈજયંતીમાલાનું એક નૃત્ય દેખાડવામાં આવ્યું હતું. કહે છે કે આ ફિલ્મ બંધ પડી એ દિવસથી રાજ કપૂરના દિલ - દિમાગમાં જોકર દિવસ રાત ભ્રમણ કરતો હતો, જેને ૧૯૭૦માં ફિલ્મ સ્વરૂપ મળ્યું. 'બહુરૂપિયા'નું 'હંસ હંસ કર હસા, મસ્તી મેં ગા, કલ હોગા ક્યા, હોગા ક્યા, ભૂલ જા' (ગીતકાર શૈલેન્દ્ર, સંગીતકાર શંકર - જયકિશન, ગાયક મન્ના ડે) યુટ્યુબ પર ઉપલબ્ધ છે. ગીત જોયા પછી 'મેરા નામ જોકર'નું બીજ અહીં રોપાયું હશે એવું તમને માનવાનું મન થશે. હા, સિને પ્રેમીઓને રાજ કપૂર અને વૈજ્યંતિમાલાની જોડીને 'નઝરાના' (૧૯૬૧) અને 'સંગમ' (૧૯૬૪)માં જોવાનો મોકો મળ્યો ખરો.

રાજ કપૂર - નૂતન ત્રણ ફિલ્મમાં જોવા મળ્યા. ત્રણેય ફિલ્મની રિલીઝનો સમય એકબીજાની નિકટનો. 'અનાડી' ૧૬ જાન્યુઆરી, ૧૯૫૯, 'કનૈયા' ૭ ઓગસ્ટ, ૧૯૫૯ અને 'છલિયા' ૧૯૬૦ના માર્ચ મહિનામાં રિલીઝ થઈ હતી. ત્રણેયના દિગ્દર્શક એકમેકથી ભિન્ન. 'અનાડી' હૃષીકેશ મુખરજીએ ડિરેક્ટ કરી હતી, ચરિત્ર અભિનેતા તરીકે પ્રખ્યાત ઓમપ્રકાશજીએ 'કનૈયા'નું દિગ્દર્શન કર્યું હતું અને ૧૯૭૦ - ૮૦ના દાયકામાં મસાલા મુવી મેકર તરીકે છવાઈ ગયેલા મનમોહન દેસાઈ 'છલિયા'ના ડિરેક્ટર હતા. ત્રણેય ફિલ્મના ગીત - સંગીત સુપરહિટ. આજે પણ લોકોના સ્મરણમાં સચવાયા છે. ત્રણેય ફિલ્મને સારો આવકાર મળ્યો હતો. રાજ કપૂર - નૂતનની જોડીની ખાસિયત એ હતી કે બંને ચહેરાના જોરે જ ફિલ્મમાં છવાઈ જતા. રાજ કપૂરની ઘણી ફિલ્મોમાં સિનેમેટોગ્રાફરની જવાબદારી સંભાળનાર રાધુ કર્માકરએ આર.કે.ની 'જિસ દેસ મેં ગંગા બહતી હૈ'માં ડિરેક્ટરનો રોલ પણ અદા કર્યો હતો. ૧૯૬૫માં રાજ કપૂરની સહાયથી રાધુ કર્માકરે ૧૯૬૫માં 'રાજા કી આયેગી બારાત' ફિલ્મ પ્રોડ્યુસ અને ડિરેક્ટ કરવાનું નક્કી કર્યું હતું. સંવાદ ખ્યાતનામ ડાયલોગ રાઇટર વજેન્દ્ર ગૌરના હતા, ગીતકાર હતા શૈલેન્દ્ર અને સંગીતકાર તરીકે શંકર - જયકિશન હતા. રાજ કપૂર - નૂતનની સાથે પ્રાણને પણ સાઈન કરવામાં આવ્યા હતા. જોકે, શૂટિંગ શરૂ થવા પૂર્વે જ કોઈ અજાણ્યા કારણ એનો વીંટો વળી ગયો.

'છલિયા' માટે જ્યારે રાજ કપૂરને કહેણ ગયું ત્યારે એમને ભારત - પાકિસ્તાનના ભાગલાની પાર્શ્વભૂમિ પરની વાર્તા પસંદ પડી હતી, પણ એમને મનમોહન દેસાઈની કાબેલિયત પર ભરોસો નહોતો. ફિલ્મના 'ડમ ડમ ડિગા ડિગા'ના ફિલ્માંકન વખતે આરકે અને એમડી વચ્ચે મતભેદ થયા હતા. જોકે, ગીતની ક્લિપ જોયા પછી રાજ કપૂરને મનમોહન દેસાઈ પર પૂર્ણ ભરોસો બેસી ગયો. ૧૯૬૩માં મનજીએ રાજજીને લઈ 'છોટી સી દુનિયા' ફિલ્મ બનાવવાની શરૂઆત કરી હતી. થોડું શૂટિંગ થયા પછી ફાઇનેન્સરે હાથ ઊંચા કરી દીધા અને ફિલ્મ ડબ્બામાં બંધ થઈ ગઈ.

ફિરોઝ ખાન, કલ્પના અને શશીકલાની ફિલ્મ 'તીસરા કૌન' ૧૯૬૫માં આવી હતી. એના બે વર્ષ પહેલા સાધનાના પતિ તરીકે વધુ જાણીતા નિર્માતા - દિગ્દર્શક આર. કે. નય્યર (લવ ઈન સિમલા, યે રાસ્તે હૈં પ્યાર કે)એ 'તીસરા કૌન' ફિલ્મ બનાવવાનો પ્રારંભ કર્યો હતો. ફિલ્મ હિન્દી અને અંગ્રેજી એમ બે ભાષામાં બનાવવાનું સાહસ કરવામાં આવ્યું હતું. પ્રમુખ કલાકાર હતા રાજ કપૂર, સાયરાબાનુ અને જોય મુખરજી. જોકે, કોઈ અકળ કારણોસર આ ફિલ્મની ગાડી બહુ વહેલી પાટા પરથી ખડી પડી. ત્યારબાદ ૧૯૬૭માં આવેલી મહેશ કૌલ દિગ્દર્શિત 'દીવાના' રાજજી અને સાયરાબાનુની પહેલી અને અંતિમ ફિલ્મ સાબિત થઈ. એમ તો રાજ કપૂર, શમ્મી કપૂર અને અમજદ ખાનને લઈ 'ઉમ્મીદ' ફિલ્મ શરૂ કરવામાં આવી હતી. જોકે, ૧૫ ટકા શૂટિંગ થયા પછી એ અભરાઈ પર ચડી ગઈ. ■




મહેશ નાણાવટી

# જૂની ગુજરાતી ફિલ્મોઃ કયારેક 'સબ ચલતા હૈ'!

એક જમાનામાં જ્યારે 'જેસલ તોરલ' નામની ગુજરાતી ફિલ્મ પછી જે જોરદાર 'જુગાડ બંધ' ફિલ્મોનું વાવાઝોડું ચાલ્યું હતું એ સમયનો આ કિસ્સો સંગીતકાર ગૌરાંગ વ્યાસે શેર કર્યો હતો.

વાત એમ હતી કે કોઈ નવાસવા પ્રોડ્યુસર-ડિરેક્ટરની ફિલ્મ માટે ગૌરાંગભાઈએ ગીતો રેકોર્ડ કરી આપેલાં. (ગીતોની ટેક્નિકલ ક્વૉલિટીમાં જરાય બાંધછોડ થતી નહોતી, પરંતુ બીજે બધે કેવા લોચાલાપસી થતા હતા તેનો આ કિસ્સો છે) એ ડિરેક્ટર ભાઈ વારંવાર આગ્રહ કરતા હતા કે ગૌરાંગભાઈ, આપણી ફિલ્મનું શૂટિંગ જોવા માટે એકાદ વાર પધારો જ પધારો...'

આગ્રહને વશ થઈને ગૌરાંગભાઈ હાલોલના એ સ્ટુડિયોમાં ગયા, જ્યાં તે વખતે દર મહિને એકાદ નવી ગુજરાતી ફિલ્મનું શૂટિંગ થતું હતું. ગૌરાંગભાઈ ગયા ત્યારે જે દૃશ્યનું શૂટિંગ ચાલતું હતું તેમાં તે વખતના લોકપ્રિય વિલન ફિરોઝ ઇરાની અભિનય કરતા હતા.

શોટ લેતાં પહેલાં જે રિહર્સલ થયું એમાં ફિરોઝ ઇરાનીએ વિલનની એક ખાસ 'મેનરિઝમ' મુજબ ગળામાંથી રૂમાલ ખેંચીને પોતાના કાંડા ઉપર લપેટતાં સંવાદ ફટકાર્યો. આ જોઈને પેલા ડિરેક્ટર બોલ્યાઃ 'આવું ગળામાંથી રૂમાલ કાઢયા વિના જ સંવાદ બોલોને, પેલું સારું નથી લાગતું.' ફિરોઝભાઈએ દલીલ કરી કે 'આવું તો હું આખી ફિલ્મમાં કરું જ છું ને! આ તો કેરેક્ટરની સ્ટાઇલ બનાવી છે.'

છતાં પેલા ડિરેક્ટર કહે છે 'ભલે, પણ આ વખતે એવું ના કરતાં.'

પછી 'ટેક' લેવાની તૈયારી શરૂ થઈ. લાઈટો વગેરે ગોઠવાતી હતી એ દરમિયાન ફિરોઝ ઇરાની પાસે જઈને ગૌરાંગભાઈ કહેવા લાગ્યાઃ 'આ વળી કેવું? તમે એક મેનરિઝમ ડેવલપ કરી છે, અને પેલા ભાઈ ના પાડે છે?'

ફિરોઝભાઈ કહેઃ 'તમે શાંતિ રાખો, શોટનો ટેક થવા દો...'

લાઈટિંગ વગેરે પત્યા પછી રોલ કૅમેરા... રોલ સાઉન્ડ અને એક્શન...' બોલાયું કે તરત પેલા ડિરેક્ટર સાહેબ તો ખોળામાં જે સ્ક્રિપ્ટ લઈને બેઠા હતા એમાં જ માથું ખોસીને સંવાદો જોયા કરતા હતા!

આ દરમિયાન, ફિરોઝભાઈએ 'ટેક' વખતે ગળામાંથી રૂમાલ ખેંચીને કાંડા ઉપર લપેટવાનું મેનરિઝમ તો કર્યું જ! એટલું જ નહીં, શોટ 'ઓકે' પણ થઈ ગયો!

આ જોઈને ગૌરાંગભાઈ પેલા ડિરેક્ટર પાસે જઈને કહે છે તમે ના પાડી હતી, છતાં ફિરોઝભાઈએ તો પેલું રૂમાલવાળું કર્યું જ!'

જવાબમાં પેલા ડિરેક્ટર શું કહે છે, ખબર છે?

એ બોલ્યા કે 'ગૌરાંગભાઈ, આપણે તો ખાલી ઈ જ ધ્યાન રાખવાનું કે સ્ક્રિપ્ટ મુજબ સંવાદો બરોબર બોલાય છે કે નંઇ! સમજ્યા?' ને ગૌરાંગભાઈ સમજી ગયા.

એ હાલોલના સ્ટુડિયોમાં જે સેટ વગેરે લગાડવામાં આવતા તેની પૂઠાંની દીવાલો, બારી-બારણાં, ફર્નિચર વગેરે પણ સ્ટુડિયોમાંથી જ ભાડે મળતું હતું. આના કારણે બનતું એવું કે એકનું એક ઘર, એક જ જાતનું ફર્નિચર કે એકના એક બારીના પરદા જુદી જુદી ફિલ્મોમાં જોવા મળતા! (એ તો જે પ્રેક્ષકો એટલું ઝીણવટથી જોતા હોય એને જ ખબર પડે ને?) સ્ટુડિયોને જે ભાડું મળતું એમાંથી સૌને સત્તર જાતનાં અલગ અલગ સેટ અને રાચરચીલાં આપવા પોષાય તેમ પણ નહોતાં. આમાં એક રજવાડી ટાઇપના સિંહાસનનો કિસ્સો બની ગયો...



ફિરોઝ ઇરાની

એ સમયે 'ઐતિહાસિક' ગુજરાતી ફિલ્મો પણ ઘણી બનતી, પરંતુ રાજાનું સિંહાસન સ્ટુડિયોમાં એક જ હતું! રાજા સિધ્ધરાજનું સિંહાસન પણ એ જ અને રાણી રાણકદેવીનું સિંહાસન પણ એ જ! આમાં એક સિનિયર કલાકાર સતત અકળાયા કરે : અલ્યા, આ સિંહાસન તો બદલો? મારી છઠ્ઠી ફિલ્મમાં આ જ એક સિંહાસન હાલ્યું આવે છે!'

આમ છતાં કશો ફેર પડતો નહોતો. શૂટિંગ પતે એટલે ટેમ્પોમાં સિંહાસનને ચડાવીને વખારમાં નાખી દે! ફરી જરૂર પડે ત્યારે ટેમ્પોમાં નખાઈને એ જ સિંહાસન સેટ ઉપર ફરી ગોઠવાઈ જાય !

આમાં ને આમાં લાકડાના સિંહાસનના સાંધા ચેં..ચૂં' કરતાં થઈ ગયેલા! કલાકાર ફરિયાદ કરે એટલે એક મિસ્ત્રી આવે અને ખીલી ઠોકીને સિંહાસનને 'ચૂપ' કરી દે!

જોકે, એક વાર ભારે થઈ... પેલા સિનિયર કલાકાર સિંહાસન ઉપર બેઠા હતા ત્યાં એમના શરીરના ચોક્કસ ભાગમાં ચીપડી ભરાઈ ગઈ! એમણે રાડ પાડીઃ 'હવે તો કોઈ આ સિંહાસન બદલો?'

છતાં સિંહાસન બદલાયું જ નહીં એટલે એમણે એ પછીનાં તમામ દશ્યોમાં સિંહાસન ઉપર બેસવાની જ ના પાડી દીધીઃ 'જ્યાં સુધી નવું સિંહાસન નહીં આવે ત્યાં સુધી હું આની ઉપર નહીં બેસું!'

આમાં શૂટિંગ શી રીતે આગળ ચાલે? ડિરેક્ટરે એનો પણ તોડ કાઢ્યોઃ ભલે, તમે સિંહાસનની બાજુમાં ઊભા રિયો અને સિંહાસનને ખભે હાથ દઈને સંવાદો બોલો!'

પેલા સિનિયર કલાકાર એટલા ચીડાયા કે દાંત ભીંસીને 'સ્વસ્તીવચનો' બોલતાં બોલતાં પેલા સિંહાસનને લાત મારી બેઠા! આમાં એમની જે મોજડી હતી (જે સ્ટુડિયોમાંથી જ ભાડે લીધી હતી) તે ફાટી ગઈ! એટલે એ પછી મોજડી કૅમેરામાં ન આવે એ રીતે દશ્ય લેવાયું!

જોકે એક મજૂરભાઈ જે પેલા કલાકારનો 'ડાઇ-હાર્ડ' ચાહક હતો એનાથી આ સહન થયું નહીં એટલે જ શૂટિંગ પત્યું પછી પેલા સિંહાસનને ટેમ્પોમાં ચડાવતી વખતે એ રીતે ફંગોળ્યું કે એના બધા સ્પેરપાર્ટ્સ છૂટા પડી ગયા! આખરે જ્યારે સ્ટુડિયોના મિસ્ત્રીએ ચુકાદો આપ્યો કે 'હવે આ સ્પેરપાર્ટ્સમાંથી સિંહાસનનો જીર્ણોદ્ધાર કરી શકાય એમ નથી' આમ પેલા સિંહાસનનું સત્તાવાર 'મરણ' જાહેર થયું ત્યાર બાદ નવું સિંહાસન બનાવવામાં આવ્યું! ■

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## ઢૂંઢો રે સાજના સ્ત્રી, સાલાર ઔર કલ્કિ!



કશું સમજમાં ન આવે અથવા તો કોઈ જવાબ ન આવડે તો 'ગૂગલ કરી લેવું' એ હવે સામાન્ય પ્રવૃત્તિ બની ગઈ છે. દરેક વાતે જવાબ આપતું ગૂગલ આપણે ત્યાં 'ગૂગલ બાબા' તરીકે પણ ઓળખાય છે. જો બધી વાત લોકો ગૂગલ બાબાને પૂછ-પૂછ કરતા હોય તો આપણી ફિલ્મો વિશે ફેન્સની ઉત્કંઠા પણ કેમ બાકી રહી જાય?

૨૦૨૪ પૂરું થઈ રહ્યું છે એટલે કાયમની જેમ ગૂગલ બાબાને આ વર્ષે પણ જે ફિલ્મો વિષે સહુથી વધુ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે એનું એક લિસ્ટ જાહેર થયું છે. આ લિસ્ટમાં 'સ્ત્રી-૨' મોખરે છે. આમ પણ આ ફિલ્મે 'પુષ્પા-૨' આવ્યા પહેલાં બૉક્સ ઑફિસના ઘણા બધા રેકોર્ડ્સ તોડ્યા જ હતા એટલે તેનું ટોચ પર રહેવું જરાય આશ્ચર્ય પમાડે તેવું નથી.

બીજા નંબરે પ્રભાસની બે ફિલ્મ એટલે કે 'સાલાર' અને 'કલ્કિ'ને સંયુક્ત રીતે સ્થાન મળ્યું છે. ભલે આ બંને ફિલ્મોમાં પ્રભાસની 'એક્ટિંગ' વિષે ટીકાનો વરસાદ વરસ્યો હોય, પણ એના વિશે ગૂગલ પર ખાસ્સી પૂછપરછ થઈ છે એ હકીકત છે.

ગૂગલના આ ટોપ ટેન સર્ચ રિઝલ્ટમાં જે વાત ઊડીને આંખે વળગે છે તે એ છે કે ફિલ્મરસિકો દક્ષિણની ફિલ્મો વધુ સર્ચ કરી રહ્યા છે. ઉદાહરણ તરીકે 'સાલાર' અને 'કલ્કિ' દક્ષિણની ફિલ્મો છે આ ઉપરાંત 'હનુ-મેન'(પાંચમા સ્થાને), 'મહારાજા' (છઠ્ઠા), 'મંજુમ્મલ બૉયઝ' (સાતમા), 'ધ ગ્રેટેસ્ટ ઑફ ઑલ ટાઈમ' (આઠમા) અને 'આવેશમ્' (દસમા) વિશે જાણવા ગૂગલ બાબાને સહુથી વધુ તકલીફ આપી છે.

હિન્દી ફિલ્મોની વાત કરીએ તો 'સ્ત્રી-૨' ઉપરાંત 'ટ્વેલ્થ ફેલ' ત્રીજા, અને 'લાપતા લેડીઝ' ચોથા સ્થાને આવી છે. જો આખા વર્ષની ભારતની ટોચની દસ ફિલ્મ અંગેની ઉત્કંઠામાં ફક્ત ત્રણ જ ફિલ્મો બોલિવૂડની હોય તો બોલિવૂડ માટે એ ચિંતાનો વિષય જરૂર છે.

## 'પુષ્પા-૨'નો ટેસ્ટફૂલ સુરતી લોચો?




ના ભાઈ ના! બૉક્સ ઑફિસ પર ટંકશાળ પાડી રહેલી અલ્લુ અર્જુનની 'પુષ્પા-૨' એ કોઈ લોચો નથી માર્યો, પરંતુ સુરતમાં એણે એક નવા પ્રકારનો વિક્રમ સર્જ્યો છે, જે સુરતી લોચાની જુદી રીતે યાદ અપાવે છે. સુરતી લોચો જેમ ગરમાગરમ ખાવાની જ મજા આવે એ જ રીતે સુરતમાં દર્શકોને 'પુષ્પા-૨' સળંગ અડતાળીસ કલાક માટે ગરમાગરમ પીરસવામાં આવી હતી.

ન ખ્યાલ આવ્યો? ચાલો સમજીએ. આમ પણ આ ફિલ્મની ડિમાંડ એટલી બધી ઊંચી હતી કે દેશનાં ઘણાં બધાં શહેરોમાં એક્સ્ટ્રા શો ગોઠવવા પડ્યા હતા. અમુક શહેરોમાં તો મિડ-નાઈટ શો પણ ફિક્સ થયા હતા અને મધરાતે પણ પબ્લિક 'ઝૂકેગી નહીં' કહીને તૂટી પડી હતી.

હવે પબ્લિકનો આટલો જબરો ક્રેઝ જોઈને સુરતના એક થિયેટર દ્વારા ગત શનિવારે સવારથી માંડીને સોમવાર સવાર સુધી 'પુષ્પા'ના નોન-સ્ટોપ શો આયોજિત કરવામાં આવ્યા હતા. આમ સુરતી લોચાની માફક સુરતીલાલાઓને સતત બે દિવસ સુધી આ 'પુષ્પા-૨' નામની મસાલેદાર વાનગી પીરસવામાં આવી હતી. રેકોર્ડ બુકવાળાઓ કદાચ આવનારા દિવસોમાં આ ઘટનાને પોતાની રેકોર્ડ બુકમાં જમા કરી લે તો નવાઈ નહીં!

## હવે આ ઉંમરે ધરમ પા'જીએ કોર્ટમાં જવું પડશે?




ધર્મેન્દ્રસિંહ દેઓલ એટલે કે ધર્મેન્દ્રએ હાલમાં જ એમનો જન્મદિવસ ઊજવ્યો. હજી તો ધરમ પા'જી ૮૯ વર્ષના થયા ત્યાં જ એવા સમાચાર આવ્યા કે એમના પર દિલ્હીની કોર્ટમાં એક કેસ નોંધવામાં આવ્યો છે.

વાત જાણે એમ છે કે દિલ્હીના કોઈ સુશીલ કુમારે દિલ્હીના કનોટ પ્લેસ અને હરિયાણાના મુરથલમાં આવેલા 'ગરમ ધરમ ઢાબા'ની ઝળહળતી આર્થિક સફળતા જોઈ. સુશીલ કુમારે આ સફળતા જોઈને ઉત્તર પ્રદેશમાં આ ગરમ ધરમ ઢાબાની ફ્રેન્ચાઇઝી લેવા માટે ત્રણ લોકોને ૪૧ લાખ રૂપિયા આપ્યા. જે ત્રણ લોકોનાં નામ એ કોન્ટ્રેક્ટમાં છે તેમાં ધર્મેન્દ્ર પણ સામેલ છે.


હવે સુશીલ કુમારનો આરોપ છે કે ૨૦૧૮માં ધર્મેન્દ્ર તરફથી આવેલી એક વ્યક્તિએ પૈસા તો લઈ લીધા, પરંતુ ધર્મેન્દ્ર સહિત આ ત્રણેયએ એમને હજી સુધી ફ્રેન્ચાઈઝી નથી આપી. એમણે જે ચેક આપ્યો હતો એ ચેક પણ પેલા લોકોએ રોકડો કરી લીધો હતો.

દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે ધર્મેન્દ્ર અને અન્યો વિરુદ્ધ સમન્સ કાઢતાં જણાવ્યું છે કે આ તમામ વિરુદ્ધ પ્રથમદર્શી કેસ બને છે. ધરમ પા'જીને હવે આ મામલે, આ ઉંમરે, ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫ના દિવસે કોર્ટમાં હાજર થવાનો હુકમ કરવામાં આવ્યો છે. જોઈએ, હવે ધર્મેન્દ્ર પા'જી ગેરહાજર રહીને પણ ત્યાં પોતાની 'હાજરી' પૂરાવે છે... ■

**કટ એન્ડ ઓકે..**

*'અનુજનું પ્રકરણ હવે પૂરું થઈ ગયું છે...'*
*('અનુપમા' સિરિયલમાં અનુજ કાપડિયાના પુનરાગમન વિશે થઈ રહેલી ચર્ચાના જવાબમાં આ પાત્ર ભજવનારા ગૌરવ ખન્નાની સ્પષ્ટતા.)*

# તૃપ્ત અતૃપ્ત




■ એચ. એન. ગોલીબાર

જો ત્રણ સ્ત્રીઓ એકસાથે નહાઈ શકતી હોય તોપણ સ્ત્રી હોવાને કારણે એ ત્રણેય અંદરોઅંદર આટલા સમયથી વાતચીત કેમ નથી કરતી....? અને અત્યારે તો હવે નિશાનો ગીત ગણગણવાનો અવાજ પણ બંધ થઈ ગયો હતો....! ત્રણે સ્ત્રીઓ શા માટે કંઈ બોલતી નહોતી અને શા માટે શરીર પર કાળાશ લગાવી રહી હતી...?

ત્યાં જ જીમીના મગજમાં હૃદયને ધ્રુજાવતો એક વિચાર આવ્યોઃ 'શું અંદર કાલીમા તો નથી ને?'

અને એ વિચાર આવતાં જ પાંચ આંગળીઓ પર ઊભેલો જીમી સહેજ ધ્રૂજ્યો અને એ સાથે જ સ્ટૂલ આડું થયું અને ધડામ્ કરતો જીમી નીચે પટકાયો.

'કોણ છે....?' બાથરૂમમાંથી અવાજ આવ્યો.

ચિત્તાની ઝડપે જીમી ઊભો થઈ ગયો.

'કોણ છે બહાર... ઝૂમરી તું છે બહાર....?'

જીમી ચૂપ રહ્યો. એના શરીરે ગભરાટ ફેલાઈ ગયો હતો. હવે એ અહીંથી ઝડપથી ભાગી જવા માગતો હતો. નિશા કે પછી કાલીમા બહાર નીકળે એ પહેલાં એ અહીંથી - બંગલાની બહાર નીકળી જવા માગતો હતો - અને એને લાગ્યું કે એમાં જ એની ભલાઈ હતી, એમાં જ એની જિંદગી હતી.

એ બાથરૂમના દરવાજા તરફ જોતો આગળ વધ્યો, ત્યાં જ દૂર જઈને મૂકેલા - પડેલા સ્ટૂલ સાથે એ અથડાયો અને એક ગુલાંટ ખાઈને એ ધમ્ કરતો નીચે પછડાયો. જીમી બીજી જ સેકેન્ડે ઊભો થઈ ગયો અને બેઠકરૂમના દરવાજા તરફ દોડ્યો. ખટાક્ કરતો બાથરૂમનો દરવાજો ખૂલવાનો અવાજ સાંભળીને દોડતા જીમીએ એક નજર પાછળ ફેરવી.

નિશા ટુવાલ લપેટીને બહાર નીકળી અને એની નજર જીમીની નજર સાથે અથડાઈ અને એણે એક ભયાનક ચીસ પાડી - એના હાથમાંથી ટુવાલ છટકી ગયો અને નગ્ન હાલતમાં જ એ બાથરૂમના દરવાજા પાસે બેહોશો થઈને પછડાઈ. જીમીની નજર જમીન પર પડી રહેલી નિશાના શરીર પર સ્તન પરના તલ પર ચોંટી ગઈ. એ ત્યાં જ થાંભલાની જેમ ઊભો રહી ગયો - લોખંડના થાંભલાની જેમ ઊભો રહી ગયો.

...તો...તો...નિશા-કજલી?!... એણે જડની જેમ જમીન સાથે જડાઈ ગયેલા પગ અહીંથી ભાગી જવા માટે ઉપાડયા. એ માંડ-માંડ જમણો પગ અધ્ધર ઉઠાવી શક્યો. હવે એનામાં નિશા સામે જોવાના હોશ રહ્યા નહોતા, એ દરવાજા તરફ ફર્યો અને આગળ વધવા જતો હતો ત્યાં જ એને નોકરાણી ઝૂમરીનો ખ્યાલ આવ્યો.

નિશાની ચીસ સાંભળીને હવે એ આવતી જ હશે. જો એ ભાગશે અને રસ્તામાં જ ઝૂમરી એને મળી જશે તો પછી એ મોટા લફરામાં ફસાઈ જશે. એના કરતાં નિશાને ઉઠાવીને પલંગ પર લેટાવીને કપડું ઓઢાડીને, ઝૂમરીને સમજાવીને એ ત્યાંથી સરકી જશે અને એમાં જ એની ભલાઈ છે.

એટલે જીમી પાછો ફર્યો અને નિશા પાસે આવ્યો. ધ્રૂજતા હાથે એણે એને ઊંચકી અને બેડરૂમ તરફ ચાલ્યો - ફરી એની નજર નિશાના સ્તન પરના તલ પર પડી, એના હાથ ધ્રૂજ્યા અને એનું મન ઘૃણાથી ભરાઈ ઊઠ્યું. એ બેડરૂમમાં પહોંચ્યો, અને નિશાને હજુ પલંગ પર લેટાવવા જ જતો હતો ત્યાં જ ઝૂમરી દોડતી આવી અને પોતાની શેઠાણીને નગ્ન હાલતમાં - જીમીના હાથમાં બેહોશ જોઈને એ ચીસ પાડી ઊઠી.

'ચૂપ મર....!' જીમીએ નાગની જેમ ફૂંફાડો માર્યો.

'શેઠાણીને શું થયું!' ઝૂમરીએ ફરી એટલા જ જોર ને જુસ્સાથી પૂછ્યું.

'મૂરખ.... તારી શેઠાણી બાથરૂમમાં લપસી પડી - અને બેહોશ થઈ ગઈ. મેં એની ચીસ સાંભળી એટલે હું એને બચાવવા માટે દોડયો અને ઊંચકીને અહીં લઈ આવ્યો.'

'તમને કેવી રીતે ખબર પડી કે, શેઠાણી નાહી રહ્યાં છે?'

'મૂરખ! તેં જ તો મને કહ્યું હતું.' જીમીએ ગુસ્સાથી કહ્યું.

'હા....હા.... પણ હવે શું થશે....? ઝૂમરીએ પૂછ્યું.

'તું કોઈ ડૉક્ટરને બોલાવી લાવ, હું જાઉં છું.'

'ના સાહેબ! જ્યાં સુધી શેઠાણીને હોશ ન આવે ત્યાં સુધી તમે અહીંયા જ રહો, મને ખૂબ જ બીક લાગે છે.'

'ગભરાવાની કંઈ જ જરૂર નથી, તારી શેઠાણી મરી નથી, બેહોશ જ થઈ....'

ત્યાં જ દરવાજાની ઘંટડી વાગી. કોણ હશે? જીમી ગભરાઈને આમતેમ જોવા લાગ્યો. એની નજરો અહીંથી ભાગી જવાનો રસ્તો શોધી રહી હતી. 'કોણ હશે ઝૂમરી?' જીમીએ નજર દોડતી રાખતાં પૂછ્યું.

'હું જઈને જોઉં છું.' ઝૂમરી બહારની તરફ ફરી....

'પણ સાંભળ....!' જીમીએ એને આગળ વધતો રોકી : 'જે કોઈ પણ હોય, એની આગળ મારા નામનો પણ ઉલ્લેખ ન કરતી અને એ અંદર આવે એ પહેલાં મને જણાવી દેજે જેથી કરીને હું અહીંથી ભાગી શકું.'

'તમે....તમે કેમ અહીંથી ભાગવા માગો છો સાહેબ? તમે છો તો મને થોડીક રાહત છે.'

'તું સાચે જ મૂરખ છું!' જીમીએ ઝૂમરીને સામે આંખો કાઢતાં કહ્યું : 'તાણી શેઠાણીને નગ્ન જોઈને અને મને આ કમરામાં એકલો જોઈને કોઈ શું ધારશે? મારું તો કંઈ જ નહીં બગડે, તારી શેઠાણીની ઇજ્જતના ધજાગરા બંધાશે.'

'હા....સાહેબ તમારી વાત.... સાચી....'

ત્યાં જ ધડડ કરતો એક માણસ કમરામાં ધસી આવ્યો. જીમી ચોંક્યો. આવનાર માણસ ગભરાયેલો હતો. એના ગળામાં સ્ટેથોસ્કોપ હતું. એના હાથમાં નાનકડી બૅગ હતી. જીમી સમજી ગયો કે એ ડૉક્ટર હતો. જીમી હવે બરાબરનો ફસાઈ ચૂક્યો હતો, હવે એ અહીંથી સહેજ પણ ખસી શકે એમ નહોતો.

'ઉફ ભગવાન! હું સમયસર પહોંચ્યો!' ડૉક્ટરે નિશાની નાડી તપાસતાં કહ્યું.

'પણ તમે અચાનક અહીં કેવી રીતે આવી ગયા ડૉક્ટર!' જીમીએ ડૉક્ટરને સમયસર આવી પહોંચેલા જોઈને નવાઈથી પૂછ્યું.

'મને અહીંથી ફોન કરવામાં આવ્યો હતો કે મિસ નિશાની તબિયત ખરાબ છે - તુરંત આવો.' ડૉક્ટરે ખુલાસો કર્યો.

'અહીંથી.... કોણે ફોન કર્યો હતો?'

'કદાચ મિસ નિશાની નોકરાણીએ ફોન કર્યો હશે.' કહેતાં ડૉક્ટરે ઝૂમરી તરફ ગરદન ફેરવી. 'તું જ એ એમની નોકરાણી?'

નોકરાણીની સમજમાં કંઈ આવ્યું હોય એમ લાગ્યું નહીં, છતાંય હકારમાં એણે ડોક હલાવી દીધી.

જીમી નવાઈથી નોકરાણીને જોઈ રહ્યો. હવે એ અહીંથી ભાગી જવા માગતો હતો, પણ કઈ રીતે ભાગે? ડૉક્ટર નિશાની છાતી પર સ્ટેથોસ્કોપ મૂકીને એની છાતીના ધબકારાનો કયાસ કાઢી રહ્યો હતો.

જીમીએ આ ઘડીનો ફાયદો ઉઠાવ્યો. એ ધીમે પગલે - પાછલા પગે દરવાજા તરફ સરક્યો. એ જેમ બને એમ જલદી અહીંથી ભાગી જવા માગતો હતો. એ ધીમે-ધીમે દરવાજા સુધી પહોંચી ગયો, અને એણે ભાગી જવા માટે પોતાનું શરીર અને ગરદન હજુ દરવાજા તરફ કરી ત્યાં જ એને ડૉક્ટરની એક ભયાનક - કાળજું ફાડી નાખે તેવી ચીસ સંભળાઈ. પાછળ ફરીને જોયું તો એના હોશ-કોશ ઊડી ગયા.... એનાં રુવાંટાં ખડાં થઈ ગયાં....

જીમીએ જોયું તો સામે જ નિશાનું સફેદ શરીર ખૂબ જ ઝડપે કાળું પડી ગયું હતું અને નિશાના કાળા હાથ ડૉક્ટરના ગળા પર ભીંસાયેલા હતા અને એટલે જ ડૉક્ટરના ગળામાંથી ભયાનક ચીસ નીકળી હતી.

ડૉક્ટર નિશાના હાથમાંથી છટકવા માટે ધમપછાડા કરતા રહ્યા હતા - ચીસો પાડી રહ્યા હતા, જ્યારે નિશાના હાથના નખ ધીમે-ધીમે સાતેક ઈંચ જેટલા લાંબા થઈ ગયા હતા.

જીમી એની જગ્યાએ જ થાંભલાની જેમ ઊભો હતો અને એની સામે જ બની રહેલું આ અદ્ભુત દૃશ્ય જોઈ એ શ્વાસ લેવાનું પણ ભૂલી ગયો હતો.

> **મૂરખ.... તારી શેઠાણી બાથરૂમમાં લપસી પડી - અને બેહોશ થઈ ગઈ. મેં એની ચીસ સાંભળી એટલે હું એને બચાવવા માટે દોડયો અને ઊંચકીને અહીં લઈ આવ્યો**

હવે નિશાએ પોતાના સાત ઈંચ લાંબા ધારદાર નખ ધમપછાડા કરી રહેલા ડૉક્ટરના ગળામાં ઘોંચવા માંડ્યા. ડૉક્ટરના ગળામાં નખ ઘોંચાયા એ સાથે જ એમણે એક દર્દનાક ચીસ પાડી - પરંતુ એ ચીસ ધીમી હતી. એ ચીસમાં પીડા હતી - દર્દ હતું.

અને આ દૃશ્ય જોઈને તો નોકરાણી ઝૂમરી ક્યારનીય બેહોશ થઈ ચૂકી હતી.

જીમી હજુ એની જગ્યાએ જ ઊભો હતો. એના દિલમાં થતું હતું કે, એ દોડીને-જઈને ડૉક્ટરને નિશાના હાથમાંથી બચાવે, પરંતુ ઘણી જ કોશિશ છતાં એ પોતાના પગ આગળ વધારી શકતો નહોતો, જાણે એના પગ પર કોઈએ કરોડો ખીલાઓ ઠોકીને એના પગ જમીન સાથે જડી દીધા હોય એવું એને લાગ્યું.

હવે નિશાના કાળા ભમ્મર ચહેરા પર ભયાનકતા ચોખ્ખી દેખાતી હતી. એના નાનકડા દાંત, તીણા, રાક્ષસના દાંત જેવા મોટા બનીને મોઢાની બહાર ડોકાઈ રહ્યા હતા અને એ દાંત નિશાએ ડૉક્ટરની ગરદન પર મૂકી દીધા અને ડૉક્ટરની ગરદન પરથી લોહીનો ફુવારો છૂટ્યો.

ડૉક્ટર પોતાની આ હાલતમાં પણ છટકવા માટે મરણિયા પ્રયાસ કરી રહ્યા હતા, ઊછળી રહ્યા હતા - કૂદી રહ્યા હતા અને હવે તો એમના શરીરમાંથી પાણીની જેમ છૂટેલા લોહીને કારણે એમનામાં ઊછળવા-કૂદવાની પણ શક્તિ જાણે ન રહી હોય એમ લાગતું હતું.

નિશા પોતાનું મોઢું ડૉક્ટરની ગરદન પર મૂકીને ડૉક્ટરનું લોહી પી રહી હતી.

જીમી શ્વાસ રોકીને હજુ ત્યાં જ ઊભો હતો. એણે ભાગવા માટે પણ પગ ઉપાડ્યા, પરંતુ એમાં પણ એ નિષ્ફળ નીવડ્યો. હજુ પણ એના પગ જમીન સાથે જડાયેલા જ હતા. અત્યારે એની આંખો નવાઈ અને ભયથી પહોળી થઈ ગઈ હતી.

થોડીક વાર સુધી ડૉક્ટરનું લોહી પીધા પછી નિશાએ ડૉક્ટરને પોતાની પકડમાંથી છોડી દીધા, ડૉક્ટર નીચે પડ્યા - હવે એમનામાં જીવ રહ્યો નહોતો. એ મરી ચૂક્યા હતા.

નિશાએ હવે જીમી સામે પોતાની ભયાનક આંખોથી જોયું. એની આંખોમાં ગુસ્સો હતો અને પડકાર પણ હતો, એની આંખમાં કડકાઈ પણ હતી અને નરમાશ પણ હતી.

જીમી પણ નિશાને એકધારો જોઈ રહ્યો હતો. નિશાએ એક મુસ્કુરાહટ જીમી તરફ ફેંકી અને પછી એ જ થયું કે જીમી કંઈ કેટલીય વાર જોઈ ચૂક્યો હતો.

નિશાનું શરીર મીણની જેમ પીગળવા લાગ્યું, એના શરીર પરનું કાળું માંસ ગાયબ થવા લાગ્યું અને થોડીક વારમાં જ નિશાના શરીર પરનું બધું જ માંસ ગાયબ થઈ ગયું. હવે નિશાના શરીરને બદલે પલંગ પર હાડપિંજર પડ્યું હતું.

જીમીની નજર સામે જ અત્યાર સુધી આવાં કંઈ-કેટલાંય ભયાનક દૃશ્યો બની ચૂક્યાં હતાં, એટલે એ ગભરાયો તો નહીં, પરંતુ એના શરીરમાં ડરની ધ્રુજારી તો જરૂર દોડી હતી.

જીમીને થયું કે હવે એણે અહીંથી ભાગી જવું જોઈએ. એણે પોતાના પગ ઉપાડ્યા તો તરત જ એના પગ ઊપડી ગયા. એને નવાઈ લાગી, અત્યાર સુધી જમીન સાથે જડાઈ ગયેલા પગ એકદમ છૂટા કઈ રીતે થઈ ગયા? પરંતુ એ વિષે વધુ વિચારવાને બદલે જીમીએ ત્યાંથી બહાર દોટ મૂકી. બંગલાનો મુખ્ય દરવાજો અને મુખ્ય ઝાંપો પસાર કરીને એ રસ્તા પર આવ્યો. દોડીને આવ્યો હતો એટલે હાંફી રહ્યો હતો.

જીમીએ હાંફતાં-હાંફતાં જ પોતાની નજર ચારે-તરફ દોડાવી. સડકની પેલે પાર બગીચો હતો. જેમાં ઘણાં પ્રેમી પંખીડાંઓ આમ-તેમ ઊડી રહ્યાં હતાં.

જીમીએ સડક પરથી જવાને બદલે બગીચામાંથી જ જવામાં પોતાની ભલાઈ માની. રસ્તામાં એને કોઈ નિશાના ઘર તરફથી આવતો જોઈ જાય તો એ મુસીબતમાં મુકાઈ જાય એમ હતો. એટલે એ સડક પાર કરી બગીચામાં આવ્યો. બગીચામાં થોડુંક ચાલ્યા પછી એને લાગ્યું કે, એ ખૂબ જ થાકી ગયો છે, એટલે એણે બેસવા માટે બાંકડો શોધવા નજર દોડાવી. ડાબી બાજુના ખૂણા પર એક બાંકડો ખાલી પડ્યો હતો. જીમી ઝડપી પગલાં ભરતો એ બાંકડા પાસે આવ્યો અને એની પર 'હાશ' કરતાં બેસી ગયો.

અને પછી એની સામે, હમણાં થોડીક વાર પહેલાં જ બની ગયેલી ભયાનક ઘટના વિષે વિચારવા લાગ્યો.

એ થોડાક સમય માટે માંડ ભયથી છુટકારો મેળવતો હતો ત્યાં જ એની નજર સામે, એને ભયભીત કરવા માટે ભયાનક ઘટના ઘટી જતી હતી. જીમી આ ઘટનાઓથી જાણે ટેવાઈ તો ગયો જ હતો, પરંતુ હવે એનાથી કંટાળી પણ ગયો હતો. જેમ બને એમ એ આ ભૂત-પિશાચની ચુંગાલમાંથી નીકળી જાય એવી એ ભગવાન ઈશુને પ્રાર્થના કરતો હતો.

જીમીએ પોતાના માથા પરના વાળ પર આંગળીઓ ફેરવતાં, મગજના વિચારોને ખંખેર્યા અને બગીચાની બહારમાં ખોવાયેલો લાગ્યો દૂર... દૂર... સુધી રંગબેરંગી રંગથી રંગાયેલાં અને મીઠી-મીઠી સુગંધથી મહેંકતાં ફૂલો ફેલાયેલાં હતાં. જીમી એ ફૂલોના રંગ અને મહેકમાં ખોવાવા લાગ્યો, ત્યાં જ એની નજર દૂર ઊભેલી એક વ્યક્તિ પર પડી, જે એની પોતાની તરફ જ જોઈ રહી હતી. જીમી એને એક જ નજરે ઓળખી ગયો- એ બીજું કોઈ નહીં પરંતુ ગોગિયો હતો.

ગોગિયો અહીંયા શું કરી રહ્યો છે? જીમીના મગજમાં સવાલ સળવળ્યો. એ સાથે જ ગોગિયો પણ એની જગ્યા પરથી સળવળ્યો અને પછી જીમી તરફ ધીમે-ધીમે આગળ વધ્યો, અને જીમી પાસે આવીને ઊભો રહ્યો.

'શું વાત છે ગોગિયા? શા માટે આવ્યો છે અહીંયા?' જીમીએ ધડાધડ ગોગિયાના કાન પર સવાલો અફળાવ્યા.

'હું તો આપનું રક્ષણ કરવાની મારી ફરજ પૂરી કરી રહ્યો છું, માલિક!'

'મને શાનો ખતરો છે!' જીમીએ ભ્રમરો તાણતાં પૂછ્યું.

(ક્રમશઃ)■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| फ़गुआ | કપટ |
| फन | પાવડો |
| फरसा | હોળી |
| फरार | ખૂબી |
| फरेब | ભાગેલું |

## ઓળખાણ પડી?



અમેરિકાના પર્લ હાર્બર પર થયેલા આક્રમણને કેન્દ્રમાં રાખી બનેલી જાપનીઝ - અમેરિકન વોર ફિલ્મની ઓળખાણ પડી? એક ઓસ્કર એવોર્ડ મળ્યો હતો.

અ) Patton બ) Tora! Tora! Tora! ક) Overload ડ) Pearl Harbor

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પુ | ૨ સ્ત | ૩ કા | ૪ લ | ય | ■ | ૫ સં | ૬ સ્થા | પ | ૭ ક |
| ૮ ર | વ | ર | વ | ■ | ૯ અ | ■ | પ | ■ | ર |
| સ્ફૂ | ■ | ૧૦ ગ | ણ | ■ | નુ | ■ | ૧૧ ન | ૧૨ મ | તા |
| ૧૩ ત | ૧૪ ર | ત | ■ | ૧૫ અ | શા | ન્તિ | ■ | ૧૬ હા | લ |
| ■ | મ | ■ | ૧૭ ફ | ણ | સ | ■ | ૧૮ શા | લ | ■ |
| ૧૯ અ | ખા | ત | ■ | ૨૦ સ | ન | ૨૧ દ | ■ | ■ | ૨૨ છ |
| ૨૩ મી | ણ | ■ | ૨૪ દા | મ | ■ | ૨૫ શા | ૨૬ પ | ■ | ત્ર |
| ટ | ■ | ૨૭ મા | વ | જ | ૨૮ ત | ■ | ૨૯ ગ | મ | છા |
| ■ | ૩૦ શ | ર | ત | ■ | ૩૧ મા | ૩૨ ત | ર | ■ | યા |
| ૩૩ દિ | મા | ગ | ■ | ૩૪ અ | શો | ક | વ | ન | ■ |

## શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | | | ૬ |
| ૭ | | | ■ | ૮ | ૯ | | ■ | ■ | |
| ૧૦ | | ■ | ૧૧ | ■ | | ■ | ૧૨ | | |
| ■ | | ■ | ૧૩ | ૧૪ | | ■ | | ■ | ■ |
| ૧૫ | ■ | ૧૬ | | | ■ | ૧૭ | | | ૧૮ |
| | ■ | ૧૯ | | ■ | ૨૦ | ■ | | ■ | |
| ૨૧ | ૨૨ | | ■ | ૨૩ | | | ■ | ૨૪ | |
| ■ | | ■ | ૨૫ | | | ■ | ૨૬ | | ■ |
| ૨૭ | | ૨૮ | ■ | | ■ | ૨૯ | | | |
| ૩૦ | | | ■ | ૩૧ | | | ■ | | ■ |

**આડી ચાવી**
૧. જિંદગીની કહાણી (૫)
૫. સહાનુકંપા (૪)
૭. બળખો, કફ (૩)
૮. સોગંદ (૩)
૧૦. નસ (૨)
૧૨. બે નો આંકડો (૩)
૧૩. જાણીતું પ્રખ્યાત (૩)
૧૬. કઢાઈ (૩)
૧૭. ગૌણ કલા (૪)
૧૯. કામ (૨)
૨૧. ખેલ, ક્રીડા (૩)
૨૩. પહેલાં રસોઈ --- પર થતી (૩)
૨૪. કાંજી, આહાર (૨)
૨૫. બારણાં (૩)
૨૬. લોકો --- ના માર્યા ભીખ માગે (૨)
૨૭. સાબિતી (૩)
૨૯. આડા હાથની થાપટ (૪)
૩૦. પાક વધુ ઉગાડવા નાખવું પડે (૩)
૩૧. નરમપણું (૩)

**ઊભી ચાવી**
૧. --- અને અમી-ગુ. ફિલ્મ (૩)
૨. નિસબત, ભૂતપ્રેત, અભિગ્રહ (૪)
૩. કમાણી, લાભ, ફાયદો (૨)
૪. શ્રમ, થાકવું તે (૨)
૫. ઓછું, ખરાબ (૨)
૬. તાક, લાગ (૩)
૯. સંપન્ન, આબાદ (૩)
૧૧. ઉત્તમ બ્રાહ્મણ (૪)
૧૨. શૈશવ (૪)
૧૪. નિસરણી (જો.છૂ.) (૨)
૧૫. માન, સન્માન (૩)
૧૬. બળ, શક્તિ (૩)
૧૮. નિરૂપાય, વિવશ (૩)
૨૦. ચિન્હ, સંકેત, પગેરુ (૩)
૨૨. તૂટે નહીં તેવું (૪)
૨૩. કજિયાની પતાવટ (૪)
૨૪. મો પર સાચું કહી દેનાર (૪)
૨૬. એક વૃક્ષ (૨)
૨૭. મિત્ર (૨)
૨૮. દૂધની ઉપર તરે (૨)
૨૯. અમૃત-મિઠાસ, કૃપા (૨)

## ગુજરાત મોરી મોરી રે

અનેક હિન્દી ફિલ્મોમાં ચમકી ખ્યાતિ મેળવનારાં અરુણા ઈરાની કઈ ગુજરાતી ફિલ્મમાં સંજીવ કુમાર સાથે જોવા મળ્યા હતાં એ કહી શકશો?

અ) સંતુ રંગીલી બ) રમત રમાડે રામ
ક) ચરોતરની ચંપા ડ) મારે જાવું પેલે પાર

## જાણવા જેવું

કિશોર કુમારની 'દૂર ગગન કી છાંવ મેં'ની રિમેક તમિળમાં 'રામુ' નામથી બનાવવામાં આવી હતી. રિમેક જબરદસ્ત સફળતાને વરી હતી અને એને તમિળ ભાષાની બેસ્ટ ફીચર ફિલ્મનો નેશનલ એવોર્ડ મળ્યો હતો. એ સિવાય તેલુગુ અને મલયાલમમાં પણ એની રિમેક તૈયાર કરવામાં આવી હતી.

## સુડોકુ-૭૦૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨ | ૯ | | | | | |
| ૭ | ૬ | ૮ | ૨ | | ૪ | | | |
| ૯ | | | | | | ૨ | | |
| ૮ | | ૭ | ૪ | | | | ૬ | |
| ૧ | | | | ૫ | | | | ૪ |
| | ૨ | | | | ૧ | ૮ | | ૩ |
| | | ૬ | | | | | | ૮ |
| | | | ૮ | | ૩ | ૧ | ૯ | ૨ |
| | | | | | ૭ | ૬ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૫૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૬ | ૭ | ૪ | ૮ | ૩ | ૯ | ૫ |
| ૫ | ૭ | ૯ | ૨ | ૬ | ૩ | ૧ | ૮ | ૪ |
| ૮ | ૩ | ૪ | ૯ | ૧ | ૫ | ૬ | ૨ | ૭ |
| ૭ | ૬ | ૨ | ૫ | ૮ | ૧ | ૪ | ૩ | ૯ |
| ૧ | ૯ | ૮ | ૪ | ૩ | ૭ | ૨ | ૫ | ૬ |
| ૪ | ૫ | ૩ | ૬ | ૨ | ૯ | ૭ | ૧ | ૮ |
| ૯ | ૪ | ૫ | ૩ | ૭ | ૨ | ૮ | ૬ | ૧ |
| ૬ | ૨ | ૧ | ૮ | ૫ | ૪ | ૯ | ૭ | ૩ |
| ૩ | ૮ | ૭ | ૧ | ૯ | ૬ | ૫ | ૪ | ૨ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

૧૯૯૦ના દાયકામાં ઈન્ડસ્ટ્રીમાં પ્રથમ પંક્તિની હિરોઈન બની ગયેલી જુહી ચાવલાની રિશી કપૂર સાથેની ફિલ્મ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) સલ્તનત બ) સ્વર્ગ ક) દૌલત કી જંગ ડ) બોલ રાધા બોલ

## નોંધી રાખો

જીવનમાં જ્યારે ખાટા લીંબુ જેવી પરિસ્થિતિમાં મુકાઈ જાવ ત્યારે એનો ઉપયોગ મીઠું શરબત બનાવવા માટે કરવાનો હુન્નર હોવો જોઈએ.

## માઈન્ડ ગેમ

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડિરેક્ટરે જ સંગીતકારની જવાબદારી સંભાળી હોય એવા જૂજ ઉદાહરણ છે. કઈ ફિલ્મમાં એવું જોવા મળ્યું હતું?

અ) પરિચય બ) હીરો નંબર વન
ક) ગુઝારિશ ડ) ગીત ગાતા ચલ

## ગયા શુક્રવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ज़र्द | પીળું |
| जंग | કાટ |
| जफा | જુલમ |
| ज़र्रा | કણ |
| जांच | તપાસ |

ગુજરાત મોરી મોરી રે
હું હુંશી હુંશીલાલ

ઓળખાણ પડી?
Seven Samurai

માઈન્ડ ગેમ
અનમોલ ઘડી

ચતુર આપો જવાબ માથું ખંજવાળો
દુનિયા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪) નીતા દેસાઈ (૫) સુભાષ મોમાયા (૬) વિભા મહેશ્વરી (૭) નુતન વિપીન (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) નિખિલ બંગાળી (૧૧) અમીશી બંગાળી (૧૨) લજિતા ખોના (૧૩) ભારતી બુચ (૧૪) મીનળ કાપડિયા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) મહેશ દોશી (૧૭) અરવિંદ કામદાર (૧૮) હર્ષા મહેતા (૧૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૦) અશોક સંઘવી (૨૧) સુરેખા દેસાઈ (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) તાહેર ઔરંગાબાદવાલા (૨૬) શીરીન ઔરંગાબાદવાલા (૨૭) કલ્પના આશર (૨૮) ભાવના કર્વે (૨૯) નંદકિશોર સંજાણવાળા (૩૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) જયવંત પદમશી ચિખલ (૩૩) દિલીપ પરીખ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) ઈનાક્ષી દલાલ (૩૭) હિના દલાલ (૩૮) નિતીન બજરિયા (૩૯) અરવિંદ કામદાર (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૩) ધીરેન્દ્ર ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) ગીતા ઉદેશી (૪૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૭) પ્રવીણ વોરા (૪૮) જગદીશ ઠક્કર

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) રાજેન્દ્ર કુમાર ૨) અમિતાભ બચ્ચન ૩) આમિર ખાન ૪) શાહીદ કપૂર ૫) જીતેન્દ્ર ૬) ધર્મેન્દ્ર ૭) દેવ આનંદ

**ક્વિઝ (બ)** ૧) હસ્તે ઝખ્મ -- ટેક્સી ૨) અજનબી -- ટ્રેન ૩) મેરે હમસફર -- ટ્રક ૪) અંદાઝ અપના અપના -- ઘોડાગાડી ૫) બેશરમ -- જીપ ૬) બોમ્બે ટૂ ગોઆ -- બસ ૭) અંદાઝ - બાઈક

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# ઈસ્ટર એગ્સઃ સિનેફાઈલ્સ માટેનું એક્સ ફેક્ટર

## ફિલ્મ્સમાં છુપાવામાં આવેલાં રેફરન્સીઝ-સંદર્ભનું એક મજેદાર વિશ્વ

તમને કોઈ ફિલ્મ જોતી વખતે અચાનક કોઈ વસ્તુ કે શબ્દો પરથી એમ થયું છે કે 'ઓહ! અહીં તો આ વાત છુપાયેલી છે' કે 'આનો અર્થ તો આ છે'? ફિલ્મ સાથે જોડાયેલી વાસ્તવિક જિંદગીની કોઈ વાતને લઈને સંવાદોમાં પરોવેલો કોઈ જોક જડ્યો હોય એવું થયું છે ક્યારેય? કોઈ બીજી ફિલ્મ્સ કે એ જ ફિલ્મને લઈને કોઈ છૂપો રેફરન્સ તમને ફિલ્મ જોતી વખતે દેખાયો હોય એવું બન્યું છે?

આકંઠ સિનેરસિકો જોડે આવું બનતું હોય છે. દૃશ્યના બેકગ્રાઉન્ડમાં કે વાતચીતમાં આ રીતે છુપાયેલી વસ્તુને 'ઈસ્ટર એગ્સ' કહે છે.

આવાં ઈસ્ટર એગ્સને ફિલ્મમાં સિક્રેટની જેમ સંતાડી રાખવામાં આવે છે. ઈસ્ટર એગ્સ એટલે દિગ્દર્શક અને દર્શકો વચ્ચે આડકતરી રીતથી થતું પણ સીધું અને અનોખું સંધાન. ફિલ્મ્સમાં કોઈ દૃશ્ય જ્યાં આકાર લેતું હોય છે મતલબ કે ઘર, રસ્તાઓ, ઑફિસ વગેરે જગ્યાઓએ ત્યાં પોસ્ટર્સ, કાર નંબર પ્લેટ, બૅગ્સ, ન્યુઝપેપર, પુસ્તકો, બૉક્સ એમ અનેક ચીજ નજરે પડતી હોય છે.

૨૦૧૦માં આવેલી ફિલ્મ 'આયર્ન મેન-૨'માં 'શીલ્ડ' એજન્સી ડિરેક્ટર નીક ફ્યૂરી અને ટોની સ્ટાર્ક વચ્ચેના એક દૃશ્યમાં એમની વાતચીત દરમિયાન રૂમમાં એમની પાછળ એક નકશો દેખાય છે. એ મેપમાં આફ્રિકા ખંડનો હિસ્સો દર્શાવ્યો છે, જેમાં અમુક લૉકેશન્સ પિન કરેલાં દેખાય છે. માર્વેલ સિનેમેટિક યુનિવર્સની આ ફિલ્મ માર્વેલ કૉમિક બુક્સ આધારિત છે એ જાણતા ફેન્સ માટે એ લૉકેશન પિન્સ ઈસ્ટર એગ્સનું કામ કરે છે. તેમાં સુપરહીરો બ્લેક પેન્થરનો હાઈ ટેક દેશ વકાન્ડા અને નેમોરનું એટલાન્ટિસ દેખાય છે. વર્ષો પછી આવેલી 'કૅપ્ટન અમેરિકાઃ સિવિલ વૉર' અને 'બ્લેક પેન્થરઃ વકાન્ડા ફોરએવર' ફિલ્મ્સમાં આ સુપરહીરોઝની એન્ટ્રી થાય છે. આ રીતે જે-તે દૃશ્યમાં સીધું મહત્ત્વ ન ધરાવતી વાતને આવી છૂપી રીતે દર્શકો માટે કોયડારૂપ મનોરંજનનું કામ કરે છે.

શાહરૂખ ખાનની ફિલ્મ 'જવાન'માં એ પોતાના ઇન્ટ્રોડક્શનમાં કહે છેઃ 'રાઠોર... વિક્રમ રાઠોર. નામ તો સૂના હી હોગા.' આ રેફરન્સ છે એની ફિલ્મ 'દિલ તો પાગલ હૈ' (૧૯૯૭)ની ફેમસ લાઈન રાહુલ નામ તો સૂના હી હોગા'. આવા સંદર્ભ-ઉલ્લેખ એટલે જ ઈસ્ટર એગ્સ. જે-તે દૃશ્યમાં તો એ અર્થ પૂરો પાડે જ, પણ તેનું અનુસંધાન કોઈ બીજી ચીજ સાથે પણ હોય. 'જવાન'માં જ સંજય દત્ત એસટીએફ ઑફિસર માધવન નાયકના પાત્રમાં આવે છે ત્યારે આ લાઈન કહે છે, 'નાયક નહીં, ખલનાયક હું મૈં'... સંજય દત્તની ફિલ્મ 'ખલનાયક' (૧૯૯૩)નો આ સીધો રેફરન્સ છે.



'બ્લેક પેન્થરઃ વકાન્ડા ફોરએવર'


'જવાન'માં શાહરૂખનું દૃશ્ય

વિશાલ ભારદ્વાજ દિગ્દર્શિત ફિલ્મ 'સાત ખૂન માફ' જાણીતા લેખક રસ્કિન બોન્ડની ટૂંકી વાર્તા 'સૂઝેનાઝ સેવન હસબન્ડઝ' પરથી બનાવવામાં આવેલી. ફિલ્મના એક દૃશ્યમાં આપણને ચર્ચના ફાધરના પાત્રમાં રસ્કિન બોન્ડ ખુદ કેમિયો કરતા જોવા મળે છે. ફિલ્મ્સમાં કેમિયો તો ઘણા હોય છે, પણ આ રીતે મૂળ લેખક ખુદ દેખાય એવા મજાના ઈસ્ટર એગ્સ વધુ જોવા મળતા નથી.

(હા, વિખ્યાત હિચકોકની જેમ પોતાની કેટલીક ફિલ્મમાં નિર્માતા-દિગ્દર્શક સુભાષ ઘાઈ પણ પોતાની ઝલક દેખાડી જતા ખરા!)

માર્વેલ કૉમિક્સના ઘણા સુપરહિરોઝને જન્મ આપનાર લેખક સ્ટેન લીનું નામ ખૂબ જાણીતું છે. માર્વેલ સિનેમેટિક યુનિવર્સની અને એ પહેલાં પણ પોતાની હયાતીમાં આવેલી માર્વેલ સ્ટુડિયોઝની લગભગ ૨૦થી ૨૫ જેટલી 'એક્સ મેન', 'સ્પાઈડર મેન', 'એવેન્જર્સ' મૂવીઝમાં સ્ટેન લીનો કેમિયો થોડી સેકન્ડ્સ માટે જોવા મળે છે.

પ્રખ્યાત હોલિવૂડ ડિરેક્ટર કવેન્ટીન ટેરેન્ટિનોની ફિલ્મ્સમાં ઈસ્ટર એગ્સ અલગ રીતે હોય છે. સિનેમેટિક યુનિવર્સના આજકાલનાં ચલણ પહેલાં પણ એમની ફિલ્મ્સ અલગ-અલગ છતાં એક જ યુનિવર્સનો હિસ્સો હોય એવું લાગે. આ વાતની તેમણે કબૂલાત પણ કરી છે. ઉદાહરણ જોઈએ તો એકાધિક કાલ્પનિક બ્રાન્ડ્સ જેમ કે બિગ કહુના બર્ગર્સ અને રેડ એપ્પલ સિગારેટ્સ એમની એકથી વધુ ફિલ્મ્સમાં દેખાય છે. રેડ એપ્પલ સિગારેટ્સ 'પલ્પ ફિક્શન' (૧૯૯૪), 'કિલ બિલ' (૨૦૦૩) અને તાજેતરની 'વન્સ અપોન અ ટાઈમ ઈન હોલિવૂડ'માં દેખાય છે. આ બ્રાન્ડ્સની પ્રોડક્ટ્સ કે બિલબોર્ડ દર્શકો ફિલ્મ જોતી વખતે શોધી લે તો એમણે ઈસ્ટર એગ્સ પકડી પાડ્યા એમ કહી શકાય.

ઈસ્ટર એગ્સને શોધી કાઢવાથી દર્શકોના સિનેમેટિક અનુભવની મજા બેવડાતી હોય છે. હોલિવૂડની ફિલ્મ્સમાં ઈસ્ટર એગ્સ મોટા ભાગે એ જ ફિલ્મ કે યુનિવર્સના આગળ-પાછળના રેફરન્સીઝ માટે હોય છે, જ્યારે હિન્દી ફિલ્મ્સમાં ઈસ્ટર એગ્સ મોટા ભાગે રિયલ લાઈફ રેફરન્સ કે મેટા કૉમેડી અને કેમિયોઝ આધારિત હોય છે, પણ દર્શકો તો એ બંનેને સરખા જ પ્રમાણમાં માણતા હોય છે. ફિલ્મ્સમાં ઈસ્ટર એગ્સના હોવાનું કારણ એમ તો છુપા ક્લૂઝ, હિન્ટ્સ અને રિયલ લાઈફ રેફરન્સીઝને કોયડારૂપ મૂકીને તેને શોધી કાઢવાના આનંદ માટે હોય છે. એ સિવાય પણ તેના અનેક ફાયદા ફિલ્મમેકર્સ અને સિનેરસિકો એમ બંને બાજુને મળતા રહેતા હોય છે. આવા ઈસ્ટર એગ્સ વિશે વધુ વાત આપણે કરીશું ફરી ક્યારેક.... ■

**લાસ્ટ શોટ**

*'ધૂમ' (૨૦૦૪)માં એક ચિઠ્ઠીમાં આગામી ચોરીની તારીખ હોય છે ૧૭ ડિસેમ્બર. એ તારીખ હકીકતમાં કબીરનું પાત્ર ભજવતા જ્હોન અબ્રાહમની સાચી જન્મતારીખ છે.*

ફિલ્મનામા
નરેશ શાહ

# વાત રહસ્યથી રગદોળાયેલી ત્રણ ફિલ્મની...

*ઓટીટીના આ યુગમાં દર અઠવાડિયે એટલું બધું આપણી સામે પેશ થાય છે કે શું જોવું - શું પડતું મૂકવું તેની કશમકશ કાયમી થઈ છે ત્યારે આજે ત્રણ એવી ફિલ્મની વાત કરીએ, જે લગભગ તમારી નજર ચૂકવી પણ ગઈ હોય એની શક્યતા વધુ છેઃ*




### ગ્લાસ ઑનિયનઃ રહસ્યનાં પારદર્શક જાળાં


૨૦૧૯માં આવેલી 'નાઈવ્સ આઉટ' ફિલ્મ પર સસ્પેન્સ અને મર્ડર મિસ્ટ્રીના ચાહકો સમરકંદ બુખારા ઓવારી ગયા હતા. પ્રશંસકો અને વિવેચકોએ પણ તેની નોંધ લીધેલી અને એ ફિલ્મ બનાવનારા દિગ્દર્શક રિઆન જોન્સન એવી જ ધારદાર છરી લઈને ત્રણ વરસ પછી 'ગ્લાસ ઑનિયનઃ ધ નાઈવ્સ આઉટ મિસ્ટ્રી' સાથે 'નેટફ્લિક્સ' પર ત્રાટક્યાં છે. 'ગ્લાસ ઑનિયન' પણ એમની છેલ્લી ફિલ્મની જેમ તમને ખુરશી કે સોફાની ધાર સુધી ખેંચી લાવે તેવી ચુસ્ત છે. આ ફિલ્મની થીમ આમ જુઓ તો ૧૯૬૫માં આવેલી આપણી 'ગુમનામ' ફિલ્મ જેવી છે. 'ગુમનામ' ફિલ્મમાં અમુક લોકો એક ચોક્કસ સ્થળે ફસાઈ જાય છે અને પછી એક પછી એક હત્યા થવી શરૂ થઈ જાય છે.

'ગ્લાસ ઓનિયન' ફિલ્મમાં ટેક બિલિયોનર માઈલ્સ બ્રોન પોતાના ગ્રૂપના છ મિત્રને ગ્રીસના ટાપુ પરના પોતાના આલિશાન વિલામાં (દર વર્ષની પરંપરા મુજબ) આમંત્રે છે.

પોતાની અજીબ આમંત્રણપત્રિકામાં જ માઈલ્સે જણાવ્યું છે કે 'આપણે ભેગા થઈશું એ પછી તમારે મારી હત્યાનો ભેદ ઉકેલવાનો છે...!' બધા સાથીદારો, જેમાં ભૂતપૂર્વ ટોપ મોડલ, ગવર્નર બની ગયેલી દોસ્ત તેમ જ માઈલ્સ સાથે કામ કરનારું દંપતી તેમ જ હર્ટ થયેલી અને કોર્ટે ચઢેલી પાર્ટનર એન્ડી પણ છે. યોટ ટાપુ પર પહોંચે છે ત્યારે મિત્રો સાથે મશહૂર જાસૂસ બેનોત બ્લેન્ક (ડેનિયલ કેગ - ભૂતપૂર્વ જેમ્સ બોન્ડ)ને જોઈને માઈલ્સને અટપટું લાગે છે, પરંતુ એ પછી અણધારી ઘટનાઓ બને છે. પ્લાનિંગ મુજબ તો માઈલ્સ બ્રોનનું મર્ડર થવાનું હોય છે, પણ હત્યા એના મિત્ર ડયૂકની થઈ જાય છે. એ પછી કોર્ટમાં કેસ લડી રહેલી પાર્ટનર એન્ડી પણ ફાયરિંગનો ભોગ બને છે.

૨૦૧૯ની 'નાઈવ્સ આઉટ' ફિલ્મના જાસૂસ બેનોત બ્લેન્કે જ 'ગ્લાસ ઑનિયન'ની મર્ડર મિસ્ટ્રી ઉકેલવા આવે છે. આખી ફિલ્મ ટાપુ પર છે, પરંતુ દર્શક સમજી જાય છે કે આ કોવિડના લૉકડાઉનના સમયકાળની વાત છે. ટાપુ પરના માઈલ્સ બ્રોનના આધુનિક તેમ જ કાચ (ગ્લાસ)ના ઠેરઠેર ઉપયોગથી બનેલી વીલા અપનેઆપમાં લાજવાબ છે. જો કે મર્ડર મિસ્ટ્રીમાં અનુમાન કરીને ગોથાં ખાવાનો એક રોમાંચ હોય છે અને ડિરેક્ટર રિઆન જોન્સન એ સફળતાપૂર્વક ખવડાવે છે. ફિલ્મનું ટાઈટલ 'ગ્લાસ ઑનિયન' બિટલ્સની ધૂન પરના એક ગીત પરથી લેવામાં આવ્યું છે અને એ રીતે જ ટાપુ પરનો વીલા (સેટ) ડિઝાઈન થયો છે. બે કલાક અને ઓગણીસ મિનિટના આ રોમાંચ અને રહસ્યમાં સામેલ થવાનું તમને આહ્વાન છે!

### ધોખાઃ રાઉન્ડ ધી કોર્નર





રસપ્રદ અને મજબૂત ફિલ્મો ક્યારેક નજર ગૂપચાવીને થિયેટરમાંથી ઊતરી જાય એવું ભૂતકાળમાં બન્યું છે, કારણ કે માઉથ પબ્લિસિટીનો લાભ મળે તે પહેલાં બીજી મોટી રિલિઝને કારણે તેણે થિયેટર ગુમાવી દેવા પડે છે. બેશક, હવે એ સુધારો થયો છે કે તમે તેને ઓટીટી પ્લૅટફૉર્મ પર ઝડપી શકો છો.

આર. માધવનની 'ધોખાઃ રાઉન્ડ ધી કોર્નર' આવી જ ફિલ્મ છે.

પત્ની સાંચી (ખુશાલીકુમાર) એ કરેલી ડિવોર્સ પેપર પર સાઈન કરી દેવાની તાકીદમાં હામી ભરીને પરેશાન પતિ યથાર્થ સિંહા (આર.માધવન) ફ્લૅટથી નીકળીને ઑફિસ પર પહોંચે છે ત્યાં જ ખબર પડે છે કે, એક ફરાર આતંકવાદી હક રિયાઝ ગુલ (અપારશક્તિ ખુરાના) એમના ફ્લૅટમાં ઘૂસી ગયો છે અને પત્ની સાંચીને એણે બાનમાં લીધી છે... એ પછી શું થાય છે? એ જોવાની મજા તો 'નેટફ્લિક્સ' પર સ્ટ્રીમ થયેલી 'ધોખાઃ રાઉન્ડ ધી કોર્નર' ફિલ્મમાં છે. 'રોકેટ્રી' પછી રિલીઝ થયેલી આર.માધવનની આ ફિલ્મ છે. એમાં એ રાબેતા મુજબ પરફેક્ટ છે. જોકે 'ધોખા'માં આતંકવાદી તરીકે અપારશક્તિ ખુરાનાની મહેનત પણ સ્પષ્ટ દેખાઈ આવે છે. યાદ એટલું રાખજો કે આ ફિલ્મ તમારી નજર ભલે ચૂકવી ગઈ હોય, પણ એ ગૂડ ટાઈમ પાસ તો છે જ...

### અલોનઃ 'યાદેં' પછીનું યાદગાર'




હિન્દી સિનેમાના પરદે ૧૯૬૪માં આવેલી એક ફિલ્મ ૨૦૨૩માં પણ 'વન એન્ડ ઑન્લી' તરીકે નોંધાયેલી છે. એ ફિલ્મનું નામઃ 'યાદેં ' આ જ નામથી સુભાષ ઘઈએ પછીથી જેકી શ્રોફને લઈને ફિલ્મ બનાવેલી, પરંતુ સુનીલ દત્તની 'યાદેં' એટલે અનોખી રહી કે એક કલાક ત્રેપન મિનિટની આ ફિલ્મમાં એકમાત્ર કલાકાર સુનીલ દત્ત હતા. અખ્તર અલ ઈમાને લખેલી 'યાદેં' ફિલ્મ ખરેખર તો સોલોલોકી હતી. પરદા પર માત્ર અને માત્ર સુનીલ દત્ત જ દેખાતા હતા. હા, ઘરે પહોંચ્યા પછી સુનીલ દત્તને ખબર પડે છે કે પત્ની (નરગિસ) અને પુત્ર (સંજય દત્ત) ઘરમાંથી ગાયબ છે. બેશક, બન્નેના અવાજ ફિલ્મમાં વપરાયા છે, પણ સ્ક્રીન પર માત્ર સુનીલ દત્ત જ આપણને જોવા મળે.

'યાદેં' બહુ ચાલી નહોતી, પણ હિન્દી સિનેમાનાં સો વરસમાં એ એક 'માઈલસ્ટોન' તરીકે નોંધાઈ ગઈ છે. એ પછી આવો સિનેમેટિક પ્રયોગ (થવો જોઈતો હતો પણ) થયો નહોતો.

૨૦૨૩માં મલયાલમ ભાષામાં એ પ્રયોગ થયો, સુપરસ્ટાર મોહનલાલ સાથે. 'અલોન' નામે. બે કલાક અને બે મિનિટની 'અલોન' ફિલ્મમાં સ્ક્રીન પર માત્ર મોહનલાલ જ તમને જોવા મળે છે. દિગ્દર્શક શાજી કૈલાસ અને રાઈટર રાજેશ જયરામે આ પ્રયોગાત્મક ફિલ્મમાં કોવિડ-કાળનો સમયકાળ વાપર્યો છે. લૉકડાઉનના દિવસે જ ભાડાંના ફ્લૅટમાં રહેવા આવેલા કાલીદાસ (મોહનલાલ)ને ખબર પડે છે કે આ જ ફ્લૅટમાં અગાઉ ભાડેથી રહેતાં માતા-પુત્રીએ આત્મહત્યા કરી હતી, પણ એમાં કશુંક અણધાર્યું જરૂર બન્યું છે.


ફ્લૅટમાં લૉકડાઉન દરમિયાન એકલાં રહેતાં-રહેતાં જ એ મોબાઈલ ફોનની મદદથી સચ્ચાઈ સુધી પહોંચે છે. કાલીદાસ ફોનથી જેની સાથે વાત કરે છે એ પાત્રોના અવાજ (પૃથ્વીરાજ સુકુમાર, મંજુ વોરિયર, મલ્લિકા સુકુમારન જેવા સ્ટાર) આપણને સાંભળવા મળે છે, પણ 'યાદેં'ની જેમ અહીં સ્ક્રીન પર માત્ર મોહનલાલ જ જોવા મળે છે. 'ડિઝની હોટસ્ટાર' પર આ ફિલ્મ જોઈ શકો છો.■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (અ)

કયા કલાકારો આ ઉપનામે ફિલ્મજગતમાં જાણીતા હતા કે છે?



૧) જ્યૂબિલી સ્ટાર
૨) એંગરી યંગ મેન
૩ ) મિસ્ટર પર્ફેક્શનિસ્ટ
૪ ) ચોકલેટ બોય
૫) જમ્પિંગ જેક
૬ ) હી મેન
૭ ) ઇન્ડિયન ગૅંગરી પેક

### ક્વિઝ (બ)

આ ગીતો કઈ ફિલ્મના છે અને કયાં વાહન પર એ ગવાયાં છે ?

૧) તુમ જો મિલ ગયે હો, તો યે લગતા હૈ...
૨) હમ દોનો દો પ્રેમી દુનિયા છોડ ચલે
૩) કિસી રાહ મેં કિસી મોડ પર કહી ચલ ના દેના...
૪ ) ચેલો ચેલો, ચેલો જી સનમ હમ આ ગયે...
૫ ) દિલ કા જો હાલ હૈ, વો તુજે કૈસે બયા કરે...
૬) દેખા ના હાય રે સોચા ના રખદી નિશાને પે જાન
૭ ) ઝીંદગી એક સફર હૈ સુહાના, યહાં કલ ક્યાં કિસને જાના...

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

ફોકસ
રશ્મિ શુક્લ

ગોલ્ડન ગ્લોબ્સમાં નોમિનેશન મેળવનાર પહેલી ભારતીય ડિરેક્ટર બની પાયલ કાપડિયા

# 'ઑલ વી ઈમેજીન એઝ લાઈટ'ને મળ્યાં બે ગ્લોબલ નોમિનેશન


પાયલ કાપડિયા

દેશ-વિદેશમાં ખૂબ પ્રસિદ્ધ થયેલી ફિલ્મ 'ઑલ વી ઇમેજીન એઝ લાઇટ' ફરી એક વખત ચર્ચામાં આવી છે. પાયલ કાપડિયાએ ડિરેક્ટ કરેલી આ ફિલ્મે આ વર્ષે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ દેશનું નામ ઉજાળ્યું હતું. એ ફેસ્ટિવલમાં ફિલ્મને ગ્રેન્ડ પ્રિ અવૉર્ડ મળ્યો હતો. હવે ફરી એક વખત તેની ફિલ્મને ગોલ્ડન ગ્લોબ્સ અવૉર્ડ્સમાં નોમિનેશન મળ્યું છે. એ પણ બે કૅટેગરીમાં. પહેલી વખત એવું બન્યું છે કે કોઈ ભારતીય ડિરેક્ટરને નોમિનેશન મળ્યું હોય. એથી સ્વાભાવિક છે કે પાયલની ખુશીની કોઈ સીમા નથી રહી. ૮૨મા ગોલ્ડન ગ્લોબ અવૉર્ડનું આયોજન ૨૦૨૫ની પાચમી જાન્યુઆરીએ થવાનું છે. પાયલ કાપડિયાને 'ઑલ વી ઇમેજીન એઝ લાઇટ' માટે બેસ્ટ ડિરેક્ટર અને બીજું નોન ઇંગ્લિશમાં બેસ્ટ મોશન પિક્ચર માટે નોમિનેશન મળ્યું છે.

ફિલ્મની સ્ટોરી એક નર્સની છે, જે ઘણાં સમયથી પતિથી અલગ રહેતી હોય છે. અચાનક તેને પતિએ આપેલી એક ગિફ્ટ મળે છે અને ત્યારથી જ તેની લાઇફમાં ઊથલપાથલ મચી જાય છે અને તેની લાઇફ અસ્ત-વ્યસ્ત થઈ જાય છે.

ગોલ્ડન ગ્લોબ્સ અવૉર્ડ્સને હૉલિવૂડ ફોરેન પ્રેસ ઍસોસિયેશન દ્વારા આયોજિત કરવામાં આવે છે. પોતાની ફિલ્મને મળેલા નોમિનેશન પર ખુશી વ્યક્ત કરતાં પાયલે કહ્યું, 'આ નોમિનેશનથી હું અતિશય સન્માનિત અનુભવી રહી છું. એના માટે હું આભારી છું. આ ફિલ્મ પર કામ કરનારા તમામની મહેનતને સેલિબ્રેટ કરવાની ક્ષણ છે. આ ફિલ્મ હજી પણ ભારતના થિયેટરમાં ચાલી રહી છે. પ્લીઝ એને જરૂર જુઓ અને ફિલ્મને સપોર્ટ કરો.' ■

# ફુગાવાના ડેટાની જાહેરાત અગાઉની સાવચેતીના માનસ વચ્ચે સેન્સેક્સ અને નિફ્ટી નેગેટિવ ઝોનમાં સરકી ગયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાના ઇન્ફ્લેશનના ડેટાની જાહેરાત બાદ સ્થાનિક ફુગાવાના ડેટાની જાહેરાત અગાઉ સાવચેતીના માનસ વચ્ચે ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં ભારે વેચવાલીનું દબાણ આવતાં સેન્સેક્સ અને નિફ્ટી નેગેટિવ ઝોનમાં સરકી ગયા હતા. ઈન્ડેક્સની મોટી કંપનીઓ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એલએન્ડટી અને એચયુએલમાં તીવ્ર વેચવાલીનું દબાણ સર્જાયું હતું. બીએસઇનો ત્રીસ શેર ધરાવતો બેન્ચમાર્ક સેન્સેક્સ ૨૩૬.૧૮ પોઈન્ટ અથવા ૦.૨૯ ટકા ઘટીને ૮૧,૨૮૯.૯૬ પોઈન્ટના સ્તરે સેટલ થયો હતો. દિવસ દરમિયાન, તે ૩૧૪.૫ પોઈન્ટ અથવા ૦.૩૮ ટકા ઘટીને ૮૧,૨૧૧.૬૪ પોઈન્ટની સપાટીને અથડાયો હતો. જ્યારે એનએસઇ નિફ્ટી ૯૩.૧૦ પોઈન્ટ અથવા ૦.૩૮ ટકા ઘટીને ૨૪,૫૪૮.૭૦ પોઈન્ટના સતિર પર આવી ગયો હતો.

દરમિયાન, કામકાજના સમય બાદ સીપીઆઇ અને આઇઆઇપી ડેટા જાહેર થયાં હતાં. નવેમ્બરના મહિના માટે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (સીપીઆઇ) ફુગાવો ઓક્ટોબર ૨૦૨૪ના ૬.૨૧ ટકાની સરખામણીએ ઘટીને ૫.૪૮ ટકાના સ્તરે પહોંચ્યો હતો. આમ રિટેલ ફુગાવો ભારતીય રિઝર્વ બેંકની બેથી છ ટકાની લક્ષ્યાંકિત રેન્જ સામે ઘટી ગયો છે. એ જ રીતે, આઇઆઇપીના ડેટા પણ જાહેર થયા છે. ઔદ્યોગિક ઉત્પાદનના ઇન્ડેક્સમાં ઓક્ટોબર ૨૦૨૪માં ૩.૫ ટકાનો વૃદ્ધિદર જોવા મળ્યો હતો, જે સપ્ટેમ્બરમાં ૩.૧ ટકા હતો.

એનટીપીસી, હિન્દુસ્તાન યુનિલિવર, ટાટા મોટર્સ, મારુતિ, લાર્સન એન્ડ ટુબ્રો, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એશિયન પેઈન્ટ્સ અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાનો સમાવેશ સેન્સેક્સની ૩૦ શેરની બ્લુ-ચિપ કંપનીઓમાં સૌથી વધુ શેરોમાં હતો. જ્યારે ભારતી એરટેલ, ઈન્ડસઈન્ડ બેંક, ટેક મહિન્દ્રા, ઈન્ફોસીસ, અદાણી પોર્ટ્સ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસનો ચોપ ગેઈનર્સમાં સમાવેશ હતો.

ફોર-જી વીડિયો લાઇવ, લાઇવ વીડિયો, ફોરજી ડાઉનલોડ અને અપલોડ સ્પીડ, ગેમિંગ અને વોઇસ એપ અનુભવમાં વોડાઆઇડિયાએ મુંબઇમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. કંપની સમગ્ર શહેરમાં ૩૭૫ નવી સાઇટ્સ ઊભી કરીને નેટવર્ક અનુભવ તથા ઇન્ટરનેટ સ્પીડ વધારી રહી છે. આ વર્ષે એપ્રિલમાં ટશ એ એફપીઓ થકી રૂ. ૧૮,૦૦૦ કરોડ એકત્રિત કર્યા હતા. સુમિત વુડ્સ લિમિટેડે પાવર ફ્યુચર પ્રોજેક્ટ્સમાં રૂ. ૮૬ કરોડની મૂડીનો ઉમેરો કર્યો છે. કંપનીએ નોન-પ્રમોટર રોકાણકારોને શેર દીઠ રૂ. ૧૧૫ના દરે ૪૬,૮૧,૭૦૯ ઇક્વિટી શેરની ફાળવણીની જાહેરાત કરી છે. ૨૮ સપ્ટેમ્બરે પસાર કરાયેલા કંપનીના વિશેષ ઠરાવ મુજબ, નિયામક મંડળે ૨૭,૬૫,૦૦૦ કન્વર્ટિબલ વોરંટની પ્રેફરન્શિયલ ફાળવણીને મંજૂરી આપી હતી.

એશિયન બજારોમાં, સિઓલ, ટોકિયો, શાંઘાઈ અને હોંગકોંગ લીલામાં સ્થિર થયા હતા. જ્યારે યુરોપિયન બજારોમાં મિશ્ર કારોબાર જોવા મળ્યો હતો. વોલ સ્ટ્રીટમાં બુધવારે ઓવરનાઇટ ટ્રેડમાં મોટેભાગે સુધારો જોવા મલ્યો હતો. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૧,૦૧૨.૨૪ કરોડની ઇક્વિટી ઓફલોડ કરી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ઓઇલ ૦.૩૦ ટકા વધીને ૭૩.૭૪ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે.

બુધવારે ૩૦ શેરો ધરાવતો બીએસઇ બેન્ચમાર્ક ૧૬.૦૯ પોઈન્ટ અથવા ૦.૦૨ ટકા વધીને ૮૧,૫૨૬.૧૪ પર સેટલ થયો હતો. નિફ્ટી ૩૧.૭૫ પોઈન્ટ અથવા ૦.૧૩ ટકા વધીને ૨૪,૬૪૧.૮૦ પર સેટલ થયો હતો.

પ્રાઇમરી માર્કેટમાં ફરી ગરમાટો જોવા મળ્યો છે. બ્લેકસ્ટોન સમર્થિત ઇન્ટરનેશનલ જેમોલોજીકલ ઇન્સ્ટિટ્યૂટ ઇન્ડિયા (આઇજીઆઇ) રૂ. ૪,૨૨૫ કરોડના ભરણાં સાથે ૧૩ ડિસેમ્બરે બજારમાં આવશે. ઇન્વેંચર નોલેજ સોલ્યુશન, વિશાલ માર્ટ, મોબિક્વિક અને સાઇ ક્લિનિક પ્રવેશી ચૂક્યા છે. ભારતફોર્જે ક્વોલિફાઇડ ઇન્સિસ્ટીટ્યુશનલ પ્લેસમેન્ટ (ક્વિપ્સ) રૂટ મારફત રૂ. ૧૬૫૦ કરોડ એકત્ર કર્યા છે, જેમાં શેરદીઠ રૂ. ૧૩૨૦નો ભાવ રાખવામાં આવ્યો હતો. ઇન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડે એક સામે એક શેરના રેશિયોમાં બોનસ શેર જાહેર કર્યા છે.



એફઆઇઆઇએ પાછલા કેટલાક સત્રમાં સારી લેવાલી નોંધાવ્યા બાદ ફરી વેચવાલી શરૂ કરી હોવાથી તેમનું વલણ અસ્પષ્ટ રહ્યું છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) એ સોમવારે રૂ. ૭૨૪.૨૭ કરોડની અને મંગળવારે રૂ. ૧૨૮૫.૯૬ કરોડની ઇક્વિટી ખરીદી કર્યા બાદ બુધવારે ફરી રૂ. ૧૦૧૨.૨૪ કરોડની વેચવાલી નોંધાવી છે. જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ એક્સચેન્જ ડેટા અનુસાર સોમવારે રૂ. ૧,૬૪૮.૦૭ કરોડના શેર્સ ઓફલોડ કર્યા બાદ મંગળવારે રૂ. ૬૦૫.૭૯ કરોડના અને બુધવારે રૂ. ૨,૦૦૭.૮૫ કરોડના શેર ખરીદ્યા હતા. જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઉત્તરાર્ધમાં કેન્દ્ર સરકારના મૂડીરોકાણમાં રિકવરી તેમજ ઈન્ડિયા ઈન્કની કમાણીની અપેક્ષાઓ વચ્ચે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ગયા મહિને જેટલું વેચાણ કર્યું હતું તેના કરતાં વધુ ખરીદી નોંધાવીને એકરીતે બજારનું માનસ પલ્ટી નાંખ્યું છે અને રોકાણકારો સેન્ટા રેલીની આશા બાંધી બેઠાં છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ નવેમ્બરમાં ૨.૫ બિલિયન ડોલરનું વેચાણ કર્યા બાદ આ ડિસેમ્બરમાં પ્રથમ ૧૦ દિવસમાં ભારતીય શેરોમાં ત્રણ અબજ ડોલર ઠાલવ્યા છે. સરકારના મૂડી ખર્ચમાં વધારો થવાની અને કોર્પોરેટ કમાણીમાં સુધારો થવા અંગેના આશાવાદથી ઉત્તેજિત વિદેશી ફંડોની આ ખરીદીના બળે નિફ્ટીને બે ટકા સુધીની જમ્પ લગાવી છે અને આ સાન્ટા રેલી માર્કેટને રેકોર્ડ ઊંચાઈ પર લઇ જશે એવી આશા જગાવી છે.

નવેમ્બરમાં ૨.૫ અબજ ડોલરના વેચાણની સામે, વિદેશી ફંડોએ ડિસેમ્બર મહિનાના પ્રથમ માત્ર દસ જ દિવસમાં આશરે ત્રણ બિલિયનના ડોલરના ભારતીય શેરો પહેલેથી જ ખરીદ્યા છે. પરિણામે, નિફ્ટી આ મહિને પહેલેથી જ બે ટકાની ઊંચી સપાટીની આસપાસ છે અને તેજીવાળા એવો દાવો કરી રહ્યા છે કે આ મોમેન્ટમ ચાલુ રહેશે તો તે મજબૂત સાન્ટા રેલીમાં ફેરવાઈ શકે છે અને બજેટના આગામી થોડા અઠવાડિયામાં બજારને નવા વિક્રમી શિખરો પર લઈ જશે.

નોંધવું રહ્યું કે, અમેરિકન બ્રોકરેજ ફર્મ મોર્ગન સ્ટેન્લીએ એવી આગાહી કરી છે કે મજબૂત સ્થાનિક રોકાણને કારણે ૨૦૨૫માં ભારત શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ઊભરતાં બજારોમાંનું એક બની શકે છે. જો વર્તમાન બજારનો ટ્રેન્ડ ચાલુ રહેશે તો સેન્સેક્સ એક વર્ષમાં ૧,૦૫,૦૦૦ની સપાટીને સ્પર્શી શકે છે. આ સપાટી વર્તમાન સ્તરોથી ૨૮.૫ ટકાનો વધારો દર્શાવે છે.

નિષ્ણાતો અપેક્ષા રાખે છે કે રિઝર્વ બેન્ક દ્વારા સીઆરઆર કટ પછી પ્રવાહિતામાં થનારો વધારો, સરકારી નીતિઓ અને એફઆઇઆઇના પ્રવાહના વળતરને કારણે બજારમાં ક્રમિક ઉછાળાની ચાલ જળવાઇ રહેશે. સીઆરઆર કટને કારણે બેન્કિંગ સિસ્ટમમાં રૂપિયા એક લાખ કરોડથી વધુની પ્રવાહિતા ઠલવાશે.

બીએસઈ સેન્સેક્સ બુધવારના ૮૧,૫૨૬.૧૪ના બંધ સામે ગુરુવારે ૨૩૬.૧૮ પોઈન્ટ્સ (૦.૨૯ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૨.૩૧ લાખ કરોડ ઘટીને રૂ.૪૫૮.૧૫ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૮૧,૪૭૬.૭૬ ખૂલીને ઉપરમાં ૮૧,૬૮૦.૯૭ અને નીચામાં ૮૧,૨૧૧.૬૪ સુધી જઈને અંતે ૮૧,૨૮૯.૯૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની ૧૨ સ્ક્રિપ વધી હતી અને ૧૮ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૧૦૫ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૪૮૧ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૫૧૭ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૦૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૫૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૨ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૫૬ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૦૦ ટકા ઘટ્યો હતો. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૩૮ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૫૬ ટકા ઘટ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ ફોકસ્ડ આઈટી ૦.૮૬ ટકા, ટેક ૦.૭૮ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૬૪ ટકા અને યુટિલિટીઝ ૦.૦૭ ટકા વધ્યા હતા, જ્યારે એફએમસીજી ૧.૧૫ ટકા, એનર્જી ૧.૦૩ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૮૩ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૨ ટકા, હેલ્થકેર ૦.૫૮ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૪૩ ટકા, બેન્કેક્સ ૦.૪૩ ટકા, કોમોડિટીઝ ૦.૩૯ ટકા, રિયલ્ટી ૦.૩૭ ટકા, સર્વિસીસ ૦.૩૭ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૧૮ ટકા, પાવર ૦.૧૧ ટકા અને મેટલ ૦.૧ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં ટેક મહિન્દ્ર ૧.૬૭ ટકા, ભારતી એરટેલ ૧.૫૬ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૩૧ ટકા, ઈન્ફોસિસ ૦.૯૨ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૯૦ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૬૬ ટકા, પાવર ગ્રીડ ૦.૫૬ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ ૦.૩૮ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૨૮ ટકા, તાતા સ્ટીલ ૦.૧૭ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૧૦ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૦૫ ટકા વધ્યા હતા, જ્યારે એનટીપીસી ૨.૭૬ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૨.૪૨ ટકા, ટાટા મોટર્સ ૧.૫૯ ટકા, મારુતિ ૧.૪૨ ટકા, લાર્સન ૧.૨૬ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૧૯ ટકા, રિલાયન્સ ૧.૧૧ ટકા, અને આઈટીસી ૦.૯૯ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૮૭.૨૨ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૪૯૫ સોદામાં ૧,૦૬૯ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૮,૮૧,૩૭૩ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ.૨૦,૩૩,૮૪૩.૬૮ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો પાંચ પૈસા તૂટીને ૮૪.૮૮ના નવા તળિયે

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી અને વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો પાંચ પૈસા તૂટીને ૮૪.૮૮ના નવાં તળિયે અથવા તો નવી ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે મોડી સાંજે નવેમ્બર મહિનાના ફુગાવાની જાહેરાત પૂર્વે ટ્રેડરોએ અપનાવેલો સાવચેતીનો અભિગમ અને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૮૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૪.૮૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૮૮ અને ઉપરમાં ૮૪.૮૪ની રેન્જમાં અથડાઈને અંતે પાંચ પૈસાના ઘટાડા સાથે ૮૪.૮૮ની નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ પૂર્વે ડૉલર સામે રૂપિયો ગત નવમી ડિસેમ્બરના રોજ ૮૪.૮૬ની સર્વોચ્ચ નીચી સપાટીએ બંધ રહ્યો હતો. તાજેતરમાં અમેરિકા ખાતે ફુગાવામાં વધારો થવાથી ડૉલર ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હોવાથી તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવતા રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ શેરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ડૉલર અને ક્રૂડતેલની મજબૂતીને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ ૮૪.૬૫થી ૮૫.૧૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા છે. તેમ છતાં રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રૂપિયામાં ઘટાડો મર્યાદિત રાખી શકે છે.

આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૩૬.૧૮ પૉઈન્ટનો અને ૯૩.૧૦ પૉઈન્ટનો ઘટાડો, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૦૧૨.૨૪ કરોડની ચોખ્ખી વેચવાલી અને વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૩૫ ટકા વધીને બેરલદીઠ ૭૩.૨૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયોમાં પીછેહઠ જળવાઈ રહી હતી, પરંતુ આજે ડૉલર ઈન્ડેક્સ વધ્યા મથાળેથી ૦.૧૬ ટકા ઘટીને ૧૦૬.૨૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### વૈશ્વિક સોનામાં એક મહિનાની ઊંચી સપાટીએથી નફારૂપી વેચવાલીએ સાધારણ પીછેહઠ

# સ્થાનિકમાં શુદ્ધ સોનું ₹ ૪૮૧ની તેજી સાથે ₹ ૭૮,૦૦૦ની પાર, ચાંદીએ ₹ ૯૩,૦૦૦ની સપાટી કુદાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા ખાતે ગઈકાલે જાહેર થયેલો નવેમ્બર મહિનાનો ફુગાવો આપેક્ષા મુજબની ૨.૭ ટકાની સપાટીએ રહ્યો હોવાના નિર્દેશો સાથે ફેડરલ રિઝર્વ આગામી સપ્તાહની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ પ્રબળ બનતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને એક મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, પરંતુ ત્યાર બાદ વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીના દબાણે પીછેહઠ જોવા મળી હતી.જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ટકેલું વલણ હતું, જ્યારે ચાંદીના ભાવમાં સુધારો આગળ વધ્યો હતો. આમ વૈશ્વિક ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૭૯થી ૪૮૧ વધી આવ્યા હતા, જેમાં શુદ્ધ સોનાએ રૂ. ૭૮,૦૦૦ની સપાટી કુદાવી હતી, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૬૦૦ની તેજી સાથે રૂ. ૯૩,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી



ઉત્પાદકોની માગને ટેકે વેરા રહિત ભાવ કિલોદીઠ રૂ. ૬૦૦ની તેજી સાથે રૂ. ૯૩,૩૦૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે ભાવમાં તેજીનો અન્ડરટોન જળવાઈ રહેવાની સાથે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની પ્રવર્તમાન લગ્નસરાની માગને ટેકે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરા રહિત ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૭૯ વધીને રૂ. ૭૭,૮૩૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૮૧ વધીને રૂ. ૭૮,૧૪૭ના મથાળે રહ્યા હતા.

ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે સોનાના ભાવ એક તબક્કે વધીને ગત છઠ્ઠી નવેમ્બર પછીની સૌથી ઊંચી ઔંસદીઠ ૨૭૨૫.૭૯ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલી નીકળતાં ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. જોકે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૨૭૧૬.૨૬ ડૉલરના મથાળે ટકેલા રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૨૭૫૧.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને હાજરમાં ચાંદીના ભાવ એક ટકાની તેજી સાથે ઔંસદીઠ ૩૨.૨૨ ડૉલરના મથાળે ક્વૉટ થઈ રહ્યા હતા. અમેરિકા ખાતે ફુગાવામાં અપેક્ષિત વૃદ્ધિ જોવા મળવાની સાથે ફેડરલના રેટકટનો આશાવાદ, રાજકીય-ભૌગોલિક તણાવને લીધે સલામતી માટેની માગ ઉપરાંત સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનની કેન્દ્રવર્તી બૅન્કની સોનામાં લેવાલી નીકળતાં સોનાની તેજીને ટેકો મળી રહ્યો હોવાનું કેડિયા કૉમૉડિટીઝનાં ડિરેક્ટર અજય કેડિયાએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલના તમામ પરિબળો સોનાની તેજી માટે પ્રેરક છે.

એકંદરે અમેરિકામાં ફુગાવામાં સતત સાતમા મહિનામાં સાધારણ વૃદ્ધિ આગળ ધપી હોવા છતાં રોજગારી ક્ષેત્રે પણ સુધારો જોવા મળી રહ્યો હોવાથી ગઈકાલે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૯૮ ટકા શક્યતા ટ્રેડરો મૂકી રહ્યા હતા. વધુમાં યુરોપિયન સેન્ટ્રલ બૅન્ક પણ આજની બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતાની સાથે વર્ષ ૨૦૨૫માં પણ હળવી નાણાનીતિ અપનાવવાના સંકેત આપે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે. જોકે, હવે રોકાણકારોની નજર આજે જાહેર થનારા પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ પર તેમ જ આવતીકાલે જાહેર થનારા રોજગારીના ડેટા પર સ્થિર થઈ છે.

# ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે ચીનના સ્ટિમ્યુલસ પેકેજના આશાવાદ સાથે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશ હતાસ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૧ અને રૂ. ૨૫નો ચમકારો આવ્યો હતો અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી બેનો સુધારો આવ્યો હતો, જ્યારે નિરસ માગે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો તથા અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન આજે મોડી સાંજે ચીન ખાતે સમાપન થનારી સેન્ટ્રલ ઈકોનોમિક વર્ક કોન્ફરન્સમાં આર્થિક વૃદ્ધિને વેગ આપવા માટે વધુ સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત કરવામાં આવે તેવા આશાવાદ હેઠળ લંડન ખાતે સત્રના આરંભે કોપરના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જ્યારે અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

દરમિયાન આજે સ્થાનિક ધાતુ બજારમાં મુખ્યત્વે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૧ વધીને રૂ. ૨૬૧૯ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૧૩૮૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૮૩૩ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૯૭, રૂ. ૭૮૯ અને રૂ. ૨૫૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૭૩૦ના મથાળે રહ્યા હતા.

જ્યારે અન્ય તમામ ધાતુઓમાં ખપપૂરતી છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

# ખાંડમાં ઘટ્યા મથાળેથી ₹ ૧૦થી ૩૮નો સુધારો



નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૩૩૦થી ૩૩૮૦માં થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં લાંબા સમયગાળા બાદ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ પ્રબળ રહેવાની સાથે અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી હાજર ભાવમાં ઘટ્યા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦થી ૩૮નો સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૭થી ૨૮ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. વધુમાં આજે અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ અને ઉપલા મથાળેથી રૂ. ૩૮ વધીને રૂ. ૩૫૩૨થી ૩૬૮૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ વધીને રૂ. ૩૬૧૬થી ૩૮૦૦માં થયાના અહેવાલ હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૪૦થી ૩૪૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૦૦થી ૩૬૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# ખાદ્યતેલમાં મર્યાદિત માગ વચ્ચે ભાવમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૩૦ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૪ રિંગિટનો સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ ઉપરાંત આજે સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપાર નિરસ રહેતાં દેશી-આયાતી તેલમાં નરમાઈનું વલણ રહ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૩૦નો અને સયા રિફાઈન્ડ તથા કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો.

આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૩૪૦, ગોકુલના સોયા રિફાઈન્ડના જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૬૨ અને ઈમામીના આરબીડી પામોલિનના જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૩૬૫થી ૧૩૭૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, સિંગતેલના રૂ. ૧૫૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ અને સરસવના રૂ. ૧૩૯૦ના મથાળે રહ્યા હતા.

જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૨૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૫૦માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૧.૨૦ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૦૦થી ૪૨૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૧૭૫થી ૪૨૫૦માં થયા હતા. તેમ જ આજે ઈન્દોર ખાતે હાજરમાં સોયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૫૦ આસપાસના મથાળે થયાના અહેવાલ હતા.

# પાકિસ્તાને હવાઈ સીમાઓ પર નિયંત્રણ લાદતાં કચ્છ પરથી પસાર થતી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ જોઈને ભુજવાસીઓ રોમાંચિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજમાં એકતરફ જયારે ભારે ઠંડી પડી રહી છે ત્યારે આકાશમાંથી પસાર થતાં આંતરરાષ્ટ્રીય વિમાનોને નરી આંખે જોઈને લોકો રોમાંચિત થયા હતા. તાજેતરમાં પાકિસ્તાન દ્વારા તેની હવાઈ સીમાઓ પર કેટલાંક નિયંત્રણો લાદવામાં આવતાં આંતરરાષ્ટ્રીય ઍર ટ્રાફિકનો માર્ગ બદલાયો છે અને હવે ૫૦ જેટલી આંતરરાષ્ટ્રીય ઉડાનો મુંદરા અને ભુજના આકાશ પરથી પસાર થઈ રહી છે.



(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ)

સામાન્ય સંજોગોમાં આંતરરાષ્ટ્રીય ઉડાનો જમીનથી ૩૭૦૦૦ ફૂટથી વધુની ઊંચાઈએથી ઊડતાં હોવાથી તે જ્યારે પસાર થતા હોય છે ત્યારે તેનો કોઈ અવાજ પણ સંભળાતો નથી અને આકાશમાં તેના પસાર થયા બાદ કોઈ છાપ પણ ઊપસતી નથી, પણ ભારે ઠંડીના કારણે વિમાનો દ્વારા જેટ સ્પીડથી વિસર્જિત કરાતી હવાઓનું તુરંત બાષ્પીભવન થઈ જાય છે અને તેમાંથી બરફના સ્ફટિકો બને છે. જેને કારણે ટ્યુબલાઈટ જેવી સિલ્વર કલરની એક સીધી રેખા વિમાનની પાછળના ભાગે આકાશમાં દોરાઈ જાય છે જેના આગળના ભાગમાંથી વિમાન સરકતું હોવાનું નરી આંખે સ્પષ્ટ જોવા મળે છે.

ગુરુવારે સાંજે પોણા છથી સાડા છ સુધીના અરસામાં આ પ્રકારની છ જેટલી આંતરરાષ્ટ્રીય ઉડાનો લોકોએ નરી આંખે જોઈ હતી.

આ અંગે કચ્છના જાણીતા ખગોળશાસ્ત્રી નરેન્દ્ર ગોર ‘સાગર’નો સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે, આ તમામ આંતરરાષ્ટ્રીય ઉડાનો ‘ઈતિહાદ’ ઍરવેઝની છે અને તેમનું એક વિમાન બોઈંગ ૭૮૭ અબુધાબીથી બેંગકોક જઈ રહ્યું હતું, જયારે બીજું એક વિમાન દુબઈથી ચીન તરફ જતું હતું, તેમ જ એક ઍરબસ કુવૈતથી ચીનના શેનઝેન તરફ જઈ રહી હતી. જે કાર્ગો પ્લેન હોવાનું જાણવા મળે છે, તો ગુરુવારે મોડી સાંજે દિલ્હીથી દુબઈ જતું ઍર ઇન્ડિયાનું વિમાન પણ લોકોને નરી આંખે જોવા મળ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું. અન્ય એક આંતરરાષ્ટ્રીય ઉડાન અબુધાબીથી થાઈલૅન્ડના ફુકેત તરફ જઈ રહી હતી. ફુકેત એ તાઇવાનના ફુકેત પ્રાંતમાં આવેલું વિશ્વપ્રસિદ્ધ પર્યટન સ્થળ છે. ■




**રાજકોટની સબ રજિસ્ટ્રાર કચેરીમાં નકલી દસ્તાવેજોનું કૌભાંડઃ** રાજકોટ શહેરની સબ રજિસ્ટ્રાર કચેરીમાં પૂર્વયોજિત કાવતરું રચી કચેરીના કૉમ્પ્યુટરમાં રહેલા હસ્તલિખિત ૧૯૫૬થી ૧૯૭૨ની સાલના ૧૭ દસ્તાવેજોમાં છેડછાડ કરી ખોટા દસ્તાવેજો બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કર્યો હોવાનું બહાર આવતાં ચકચાર મચી જવા પામી છે. પોલીસે સબ રજિસ્ટ્રાર કચેરીમાં ફરજ બજાવતા કૉમ્પ્યુટર ઓપરેટર સહિત ૩ સામે ફરિયાદ નોંધી સુપરવાઇઝર જયદિપ ઝાલાની ધરપકડ કરી બાકીના બંને શખસોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાં છે. (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ભાવનગરના ભંડારિયા અને નાના ખોખરામાં એક જ રાતમાં સાવજોએ ચાર પશુઓનાં મારણ કર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગરના ભંડારિયા, ખોખરા, સાણોદર સહિતના પંથકમાં આવેલી ગિરિમાળાઓમાં છેલ્લા કેટલાક દિવસથી ફરીથી જય અને વીરુ નામના સાવજની જોડીએ ધામા નાખ્યા છે. બંને રાતના સમયે શિકારની શોધમાં નીકળી પડે છે. શિયાળાની ઠંડીમાં આ બંને સાવજો દૂધાળાં પશુઓ ઉપરાંત વન્ય જીવનો શિકાર કરી રહ્યા છે.

ગત રાત્રે ભંડારિયામાં ત્રણ ગાયોનો શિકાર કર્યો હતો ઉપરાંત નાના ખોખરા ગામમાં પણ એક વાછરડીનું મારણ કર્યું હતું. સાવજના શિકારને પગલે ફફડેલા માલધારીઓને રાત્રે ઉજાગરા વેઠવાનો વારો આવ્યો છે.

પાલીતાણા નજીક શેત્રુંજી નદીના કાંઠે સાવજોનું ગ્રૂપ વસી રહ્યું છે. જય અને વીરુ આ ગ્રુપના બે સભ્યો છે. છેલ્લાં બે વર્ષથી આ બંને સાવજો શિયાળાના સમયે માળનાથ, મેલકડી તથા મહાદેવ ગાળાની ગિરિમાળાઓમાં આવી ચડે છે. આ બંને નર સાવજ નવી ટેરેટરીની શોધમાં હોવાનું વન વિભાગનાં સૂત્રોએ જણાવ્યું હતું.

છેલ્લા એકાદ મહિનાથી જય વીરુની જોડીએ આ પંથકમાં વિચરણ શરૂ કર્યું છે અને ૨૦થી વધુ મારણ કર્યાનું અનુમાન છે. બુધવારે રાત્રે ભંડારિયામાં ધાવડી માતા મંદિર નજીક પાણીના ટાંકા આવેલા છે તે સ્થળે માલધારીની જોકમાં બંને સાવજો ત્રાટક્યા હતા. અહીં તેમણે ત્રણ ગાયોનો શિકાર કર્યો હતો, પરંતુ કોઈ કારણોસર પેટની આગ ઠારી નહિ શકતા સાવજો અહીંથી ભૂખ્યા જ નાના ખોખરા તરફ ગયા હતા જ્યાં પણ એક વાછરડીનું મારણ કર્યાનું વન વિભાગે જણાવ્યું છે.

વધુમાં વન વિભાગે અનુરોધ કરી જણાવ્યું હતું કે, સાવજ, દીપડા જેવાં વન્ય પ્રાણી શિકાર કરી પશુઓનાં મોત નિપજાવે ત્યાર બાદ તેમને મારણ કરી લેવા દેવું, અન્યથા ભૂખ્યા રહેવાથી મારણનો સિલસિલો અટકશે નહીં અને નવા નવા શિકાર કરતા રહેશે. બુધવારે રાત્રે ૪ પશુના શિકારની ઘટનામાં માનવીય વિક્ષેપ કારણભૂત હોવાનું વન વિભાગનું માનવું છે. ■

# લાખોંદ ગામના અમુલના ડેપોમાંથી ૧.૯૮ લાખનું ઘી ચોરનારા ડેપોમાં જ કામ કરતા ત્રણ શખસો પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજ-ભચાઉ ધોરીમાર્ગ પરના લાખોંદ ગામમાં આવેલા ગુજરાત કો.ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડના અમૂલ ડેપોમાંથી બે લાખની કિંમતના કાઉ ઘીના જથ્થાની તસ્કરી કરનારા ત્રણ શખસોની પધ્ધર પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે અટકાયત કરી હતી.



(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ)

અમુલના આ ડેપોમાં બ્રાન્ચ મૅનેજર તરીકે ફરજ બજાવતા ધવલકુમાર ભરત ભાટેસરાએ પધ્ધર પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, કંપનીના કમ્પાઉન્ડ પાછળ રાખવામાં આવેલા ઇલેક્ટ્રિક જનરેટર પાસેની દીવાલ ઉપર ચડી પ્લાય તોડી અંદર પ્રવેશેલા ચોર ઈસમોએ ચોરીના આ બનાવને અંજામ આપ્યો હતો.

કૅમેરા તપાસતાં હોલમાં પાછળથી એક શખસ આવતો જોવા મળ્યો હતો જેણે લાઈટ બંધ કરી સીડીથી ઉપર ચડી કૅમેરાને નીચે નમાવીને માલની ચોરી કરી હતી. તત્કાળ ઑડિટ કરાવતાં અમુલ ઘી એક લિટરના ૧૯૨ ટીન કિં. રૂા. ૧,૨૧,૯૨૦, ૧ લીટર પાઉચ પેકિંગના ૬૦ પાઉચ કિંમત રૂપિયા ૩૭,૨૦૦ અને પાંચ લીટરના ટીન રૂા.૩૯,૩૦૦ મળી કુલ ૧,૯૮,૪૨૦ના મૂલ્યના મુદ્દામાલની ચોરી કરવામાં આવી હતી.

દરમ્યાન,પધ્ધર પોલીસ મથકના પી.આઈ. એસ.એમ.રાણાને આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓ ચોરાઉ અમુલ ઘીના જથ્થાને સગેવગે કરવાની પેરવીમાં હોવાની બાતમી મળતાં લાખોદ પાસે વોચ ગોઠવી હતી. આ દરમ્યાન માલ વેચવા નીકળેલા અમુલના ડેપોમાં જ નોકરી કરનારા કુકુમાના મહેશ ઉર્ફે મેસુ બુધારામ મહેશ્વરી, લાખોંદના નીતિન રમેશ કોલી અને મૂળ રાજસ્થાનના હાલે લાખોદના ગોડાઉનમાં જ રહેતા દિનેશકુમાર મગનલાલ ડાબલાની ધરપકડ કરવામાં આવી હતી.

આરોપીઓ પાસેથી અમૂલ ઘીની એક-એક લીટર ટીનની ૧૬ પેટી અને પાઉચની ૬ પેટી કબજે કરાઈ છે તેમ જ પાંચ લાખનો આઈસબોક્સ અને ૨૦,૦૦૦ના બે મોબાઈલ ફોન કબજે કરવામાં આવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ■

# ગાંધીધામમાં કુરિયર કાર્યાલયમાંથી એલસીબીએ ત્રણ લાખની વિદેશી સિગારેટ સાથે ત્રણ શખસોને ઝડપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છનાં બંદરો વાટે દેશમાં વિવિધ પ્રકારની ડ્રગ્સ, પ્રતિબંધિત ચાઈનીઝ ઈ-સિગારેટ, વિદેશી સિગારેટ જેવી પ્રતિબંધિત ચીજ-વસ્તુઓને મોટા પ્રમાણમાં ઘુસાડવામાં આવી રહી હોવાના સેંકડો બનાવો બહાર આવી ચૂક્યા છે. તેવામાં ગાંધીધામ શહેરના રેડક્રોસ ચાર રસ્તા નજીક આવેલા કુરિયરના એક કાર્યાલયમાંથી સ્થાનિક ગુનાશોધક શાખાએ ત્રણ લાખ રૂપિયાની વિદેશી સિગારેટ સાથે મુંદરાના શિપિંગ એજન્ટો પાસેથી આવી પ્રતિબંધિત સિગારેટ મેળવી અમદાવાદ, મુંબઈ મોકલતા ત્રણ શખસની ધરપકડ કરી હતી.



(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ)

એલસીબીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગત રાત્રીના પોલીસની એક ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે મળેલી પૂર્વ બાતમીના આધારે ગાંધીધામના રેડક્રોસ ચાર રસ્તા પર આવેલા શિવશક્તિ કાર્ગો મુવર્સ નામના કુરિયરના કાર્યાલયમાં - ઑફિસમાં દરોડો પાડ્યો હતો અને આ કુરિયરના સંચાલક જીતેન્દ્ર કુમાર ઉર્ફે જીતુ મકરાણા નટ તથા સિગારેટ પાર્સલ કરવા આવેલા વિષ્ણુ જગદીશ પ્રસાદ અગ્રવાલને અટકમાં લેવામાં આવ્યા હતા.

વિષ્ણુ પાસેથી જપ્ત કરેલાં બે મોટા પાર્સલમાંથી બેન્સન એન્ડ હેજીસ સ્પેશ્યલ ફિલ્ટર મેઇડ બાય ઓલ્ડ બોન્ડ સ્ટ્રીટ લંડન લખેલી ૧૦૦૦ સિગારેટ તથા બ્લુ રંગના બોક્સમાંથી નં ૫૫૫ બ્લેન્ડ, નં. ૫૫૫ ગોલ્ડ મેઇડ અન્ડર ઑથોરિટી ઑફ સી.ટી.બેટ ઇન્ટરનેશનલ કંપની લિમિટેડ લખેલાં ૧૦૦૦ સિગારેટનાં પેકેટ એમ કુલ રૂા. ૩ લાખની બજાર કિંમતનો સિગારેટનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

આ જથ્થો તેના ભાઈ અનુજ ઉર્ફે બબલુ જગદીશ પ્રસાદ અગ્રવાલ તથા પ્રમોદ જાંગીડે મગાવ્યો હોવાનું વિષ્ણુએ પ્રાથમિક પૂછપરછમાં જણાવતાં પ્રમોદની કુરિયરની ઑફિસે બોલાવી પૂછપરછ કરાતાં આ જથ્થો મુંદરા ખાતેની જુદી જુદી શિપિંગ કંપનીના એજન્ટો પાસેથી મેળવ્યો હતો અને કુરિયર મારફતે પ્રથમ અમદાવાદના અમિત અને બાદમાં મુંબઈના સુનિલ ઉર્ફે મામાને મોકલવાનો હતો. આ ત્રણેયની પોલીસે અટક કરી અન્ય શખસોને પકડી પાડવા આગળની કવાયત હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પૂર્વ કચ્છના મુક્ત વ્યાપાર કેન્દ્રમાંથી પોલીસ તેમ જ ડીઆરઆઈ જેવી એજન્સીઓએ અનેક વખત કરોડો રૂપિયાની કરચોરી કરીને મગાવાયેલી સિગારેટનો જથ્થો બરામદ કર્યો હતો. દેશમાં અલગ અલગ બંદરો પર બોગસ એડ્રેસ કે આયાતકાર પેઢીના નામે બહારથી આવી સિગારેટનો જથ્થો મગાવાઈ રહ્યો હોવાનું આ બનાવથી ફરી એક વાર સાબિત થયું છે. ■

# ભાવનગરના તળાજાના વેપારીએ ઓટીપી ન આપ્યો હોવા છતાં ચાર વખત ટ્રાન્જેક્શન થયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ સાયબર ફ્રોડના બનાવો દિનપ્રતિદિન વધતા જાય છે. મોબાઈલમાં આવતો ઓટીપી આપો પછી જ તમારા બૅન્ક એકાઉન્ટમાંથી રૂપિયા કપાય છે તે વાતને ખોટી પાડતો બનાવ ભાવનગર જિલ્લાના તળાજાના એક વેપારી સાથે બન્યો હતો. વેપારી પોતાની દુકાને બેઠા હતા ત્યારે તેમને ફટાફટ મેસેજ આવતાં તેઓએ રીડ કરતાં તેમના ખાતામાંથી ઓટીપી વિના જ ચાર વખત ટ્રાન્જેક્શન થયાં હતાં.

સરકાર એક તરફ ઑનલાઈન ટ્રાન્જેક્શનનો આગ્રહ રાખે છે બીજી તરફ કોઈ પણ બૅન્કમાં રૂપિયા પડ્યા હોય તે સલામત છે કે નહીં તે સૌથી મોટો સવાલ છે. સાયબર ક્રાઇમ આચરનારા ઓટીપી ન આપો તોપણ દેશના કોઈ પણ ખૂણેથી બૅન્કમાંથી રૂપિયાનું ટ્રાન્જેક્શન કરી લઈ ખાતું તળિયાઝાટક કરી શકે છે તેવો અનુભવ તળાજાના કાપડના એક વેપારીને થયો હતો.

વેપારીએ જણાવ્યું હતુ કે બપોરે ચારેક વાગ્યે પોતાના મોબાઇલમાં મેસેજ ચાર પડ્યા હતા. ચારેય મેસેજ વાંચતા પોતાના ખાતામાંથી દરેક વખતે ૮૦૦૦/- થી વધુની રકમનું બેંગ્લોર ખાતે ટ્રાન્જેક્શન થયું હોવાનું દેખાડતા હતા. આ ખાતું અહીંની એક્સિસ બૅન્કનું હોવાથી તાત્કાલિક સંપર્ક કરતાં ૧૬ નંબર ધરાવતું ક્રેડિટ કાર્ડ લોક કરાવી દીધું હતું. બૅન્કનાં સૂત્રોએ તમોએ ઓટીપી ન આપ્યો હોઈ, રૂપિયા નહિ જાય તેવી હૈયાધારણા આપી હતી. જો કે વેપારીએ જણાવ્યું હતુ કે બૅન્ક એકાઉન્ટમાંથી ઑનલાઈન રૂપિયા કપાયાનું દેખાડે છે. જેને લઈ બૅન્ક અને રાજ્યના સાયબર સેલ બંનેમાં ફરિયાદ નોંધાવી હતી. ■

# કિશોરીના દુષ્કર્મના ગુનામાં અંજારની પોક્સો કોર્ટે ભીમાસરના યુવકને ૨૦ વર્ષ જેલની સજા ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એક સગીર વયની બાળાના અપહરણ અને દુષ્કર્મના જે-તે સમયે ભારે ચર્ચાસ્પદ ગુનામાં અંજારની વિશેષ પોક્સો અદાલતે નરાધમને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત જેલની સજા સાથે ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

અંજાર તાલુકાના ભીમાસર (સહારા) ગામના રોહિત ઊર્ફે રાજેશ રાજુ વાઘેલા (વાલ્મીકિ) વિરુદ્ધ ગત ૬ઠ્ઠી જૂન,૨૦૨૦ના રોજ ૧૩ વર્ષની સગીરાનું અપહરણ અને દુષ્કર્મ સબબ ગુનો નોંધાયો હતો.

આ ચકચારી કેસમાં ૧૬ સાક્ષી અને ૨૮ દસ્તાવેજી આધાર-પુરાવાને અનુલક્ષીને અંજારના સ્પેશિયલ પોક્સો જજ કમલેશ કે. શુક્લએ રોહિતને ગુનેગાર ઠેરવી પોક્સો કલમ ૪ હેઠળ ૨૦ વર્ષની સાદી કેદ અને ૫ હજાર રૂપિયા દંડ, પોક્સો કલમ ૮ હેઠળ ૩ વર્ષની કેદ અને ૨ હજાર દંડ, ભારતીય ન્યાય પાલિકાની કલમ ૩૬૩ હેઠળ ૩ વર્ષની કેદ અને ૨ હજાર દંડ, ૩૬૬ હેઠળ ૨ વર્ષની કેદ અને ૧ હજાર દંડ ફટકાર્યો છે. દંડની કુલ રકમ ૧૦ હજાર જમા થયે ગુનાનો ભોગ બનનારને તે વળતર પેટે ચૂકવી આપવા હુકમ કરાયો છે. આરોપી સામેનો આ કેસ અંડર ટ્રાયલ પ્રિઝનર તરીકે ચાલ્યો હોવાનું આ કેસમાં મદદનીશ સરકારી વકીલ આશિષકુમાર પી. પંડ્યાએ જણાવ્યું હતું.

એક જ દિવસમાં ભુજની પોક્સો કોર્ટે કિશોરીના અપહરણ અને દુષ્કર્મ કેસમાં લખપતના પીપર ગામના યુવકને વીસ વર્ષની જેલની સજા ફટકારવાની સાથે પોક્સોના બે જુદા જુદા ગુનામાં બે આરોપીને વીસ વીસ વરસની જેલની સજા ભોગવવા હુકમ કર્યો હતો. ■

# નડિયાદમાં ૧૪ ડિસેમ્બરથી ૨૩મી નેશનલ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ફોર બ્લાઈન્ડ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ખેડા જિલ્લાના નડિયાદમાં આગામી ૧૪ ડિસેમ્બરથી ૧૬ ડિસેમ્બર દરમિયાન નેત્રહીનો માટે ૨૩મી રાષ્ટ્રીય એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ યોજાશે.

ઈન્ડિયન બ્લાઈન્ડ સ્પોર્ટ્સ ઍસોસિયેશનના જનરલ સેક્રેટરી ડેવિડ એબ્સાલોમે મીડિયાને કહ્યું હતું કે, આ વર્ષે ચેમ્પિયનશિપનું આયોજન ભારતીય બ્લાઈન્ડ સ્પોર્ટ્સ ઍસોસિયેશન દ્વારા પેરા સ્પોર્ટ્સ ઍસોસિયેશન ઑફ ગુજરાતના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. જેમાં પ્રથમ વખત એવું બન્યું છે કે, આ સ્પોર્ટ્સ મીટનું આયોજન દિલ્હીની બહાર થઈ રહ્યું છે.

આ ઈવેન્ટમાં ટ્રેક અને ફિલ્ડ ઈવેન્ટ્સ અને રિલે રેસ સહિત રમતગમત જોવા મળશે. ૧૯ રાજ્યોમાંથી ૧૭૫ દૃષ્ટિહીન પુરુષ અને સ્ત્રી ભાગ લેશે. જેમાં ગુજરાતના ૨૮ ખેલાડીઓનો સમાવેશ થાય છે. આ ચેમ્પિયનશિપમાં દૃષ્ટિની ક્ષતિની ત્રણ શ્રેણીઓ પૈકી ટી૧૧, ટી૧૨ અને ટી૧૩ હેઠળ ૫૩ આંતરરાષ્ટ્રીય અને સ્વદેશી રમતગમતની સ્પર્ધાઓમાં ભાગ લેશે. સ્પર્ધાઓમાં ૧૦૦-મીટર ડેશ, ૨૦૦-મીટર ડેશ, રિલે રેસ, લાંબી કૂદ, શોટ પુટ, બરછી ફેંક, ફૂટબોલ, જુડો અને કબડ્ડીનો પણ સમાવેશ થાય છે.

અમૂલ ડેરીના ચૅરમૅન વિપુલ પટેલ ‘ઉષા નેશનલ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ’નું ઉદ્‌ઘાટન કરશે. જ્યારે પેરાલિમ્પિક્સ ૨૦૨૪માં મહિલાઓની ૨૦૦ મીટરમાં બ્રોન્ઝ મેડલ જીતનાર સિમરન શર્મા અને જુડોમાં ભારતનો પહેલો પેરાલિમ્પિક મેડલ લાવનાર કપિલ પરમાર પણ આ ચેમ્પિયનશિપમાં હાજર રહેશે. ■

# આજે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ રાજકોટમાં ૭૯૩.૪૫ કરોડના પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

આજે મુખ્ય પ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજકોટમાં કરોડોનાં વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થશે. તેમની રાજકોટની મુલાકાત મુદ્દે તંત્ર દ્વારા તૈયારીઓને પૂર્ણ કરી દેવામાં આવી છે. રાજકોટમાં આજે સવારે ૧૦ વાગ્યાથી લઈ સાંજે ૪-૦૦ વાગ્યા સુધી ભૂપેન્દ્રભાઈ પટેલ શહેરમાં અલગ-અલગ વિકાસનાં કામોનું લોકાર્પણ અને ખાત મુહૂર્ત સહિતના કાર્યક્રમોમાં હાજરી આપશે. મુખ્ય પ્રધાનના કાર્યક્રમ મુદ્દે કલેકટર પ્રભવ જોશી દ્વારા મામલતદારો અને પ્રાંત અધિકારીઓને કામગીરી સોંપવામાં આવી છે.

રાજકોટમાં વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમૂહૂર્ત માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. જે અંતર્ગત આજે શુક્રવારે રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ વિકાસ પ્રકલ્પો પૈકી રૂા. ૫૬૯.૧૯ કરોડના ચાર પ્રકલ્પોના લોકાર્પણ તથા રૂા.૨૨૪.૨૬ કરોડના ૫૬ પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત તેમ જ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણાધિન ૧૦૧૦ આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસ ફાળવણીનો ડ્રો તથા રુડાના આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસ ફાળવણીનો ડ્રો મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવશે.

રાજકોટના રૈયામાં ૫૬૫ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ અટલ સ્માર્ટ સિટીનું મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવશે. તેઓ નવી ૨૨ સિટિ બસને ફ્લેગ ઓફ કરાવશે. તેમ જ ડ્રેનેજ શાખાના જેટિંગ મશીનના લોકાર્પણ સહિત જુદી જુદી શાખાનાં ૨૨૪ કરોડનાં ખાતમુહૂર્ત પણ કરશે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણાધિન ૧.૫ બીએચકે ના ૧૦૧૦ આવાસ અને રુડાના ખાલી ૨૧૦ આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસ ફાળવણીનો કૉમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો કરશે. ■

# ભાવનગરના નેસવડ નજીક પંપ પર પેટ્રોલ પુરાવવા ગયેલ યુવાન ઉપર ત્રણ શખસનો પાઈપથી હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ રાજુલા તાલુકાના ચાંચબંદર ગામમાં રહેતો યુવાન નેસવડ ગામમાં આવેલ પેટ્રોલ પંપ ઉપર સ્કૂટરમાં પેટ્રોલ પુરાવવા ગયો ત્યારે પેટ્રોલ પૂરવા બાબતે ત્રણ શખસોએ લોખંડના પાઇપ વડે હુમલો કરતાં યુવાને પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર રાજુલા તાલુકાના ચાંચ બંદર ગામના વતની રમેશભાઈ જોળિયા જેસીબીનું ડ્રાઇવિંગ કરતા યુવાન ભરતભાઈ ગુજરિયા તેમના શેઠ રમેશભાઈની એક્સેસ ગાડી લઈને નેસવડ ગામ નજીક આવેલ ડુંડાસ ચોકડી પાસેના પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવા માટે ગયા હતા. જ્યાં પેટ્રોલ ભરાવ્યા બાદ તેમની ગાડીમાં પેટ્રોલ આવ્યું ન હોવાનું જણાતાં તેમણે પેટ્રોલ પૂરનાર વ્યક્તિને જાણ કરતાં તેણે ફરીથી પેટ્રોલ પૂરી આપ્યું હતું. તે દરમિયાન ત્યાં હાજર એક શખસે તેની સાથે માથાકૂટ કરતાં તેઓ ત્યાંથી નીકળી ગયા હતા. ત્યાર બાદ બે શખસ તેમની પાછળ આવ્યા હતા અને ફરીથી પેટ્રોલ પંપ પર બોલાવ્યા હતા અને ત્યાં હાજર હરેશ બારૈયા, કેશુ બારૈયા અને નવલ બારૈયાએ ગાળો આપી લોખંડના પાઈપ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે ભરતભાઈ ગુજરિયાએ ત્રણેય વિરુદ્ધ મહુવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ■